Super Visa/ Visitor to Canada Insurance
- Best Mortgage Rates
- 1st and 2nd Mortgages
- Life and Critical Illness Insurance
- RRSP/RESP/INVESTMENTS
Ph.: 416-839-9645
Mukund Sheth
Financial Advisor
www.pyramidfinancial.ca
mukund@pyramidfinancial.ca
Serving at 2 locations GTA East / GTA West
ON LIC # 10530
Investment I Insurance I Mortgages

પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH

Happy Diwali & Prosperous New Year
FOR BUYING , SELLING & LEASING
Investment In Real Estate Can Make Your Future Better...
For Sellers
Free Home Staging Consultation
Professional Photography & Virtual Tour
Attractive Advertising
Social Media Marketing
Customized Feature Sheet
Weekly Open House
Assist in Mortgage & Legal Services
For Buyers
Team of Strong Mortgage Brokers
Team of Lawyers
Professional Home Inspectors
Step by Step Guidence Through out Buying Process
AMIT SHAH
Sales Representative
Dr. 647-995-5640
KOMAL SHAH
Sales Representative
Dr. 647-624-5640
Homekey236@gmail.com
Web: www.amitshah.ca

FRIDAY, 05 NOVEMBER, 2021 Vol. 18, No. 45 Pages 24 Tel: 416-996-7755, E-mail : info@swadesh. news Web : www. swadesh. news

## અમેરિકાના સંરક્ષણ વિભાગના અહેવાલમાં ભારત માટે ચિંતાજનક અને ચોંકાવનારા ઘટસ્ફોટ

# ચીન ભારત સાથે યુદ્ધની ફિરાકમાં : પેન્ટાગોન

### - જમીન, સમુદ્ર, અવકાશ, હવા અને સાયબર સ્પેસમાં અમેરિકામાં માટે ચીન ફરી મુશ્કેલી વધારે તેવા સંકેત

**વોશિંગ્ટન**

અમેરિકાના સંરક્ષણ વિભાગ પેન્ટાગોન દ્વારા અમેરિકી સંસદ સમક્ષ એક અહેવાલ રજૂ કરવામાં આવ્યો છે. જેમાં કેટલાક ચોંકાવનારા ખુલાસાઓ કરવામાં આવ્યા છે. પેન્ટાગોનના અહેવાલમાં નોંધવામાં આવ્યું છે કે ભારત સાથેની વાસ્તવિક અંકુશ હરોળ પર ચીન કોઈ મોટા યુદ્ધની તૈયારી કરી રહ્યું છે અને તે પોતાનો અણુ શસ્ત્ર ભંડાર પણ ઝડપભેર વધારી રહ્યું છે. ભારતની પાસે આંતરરાષ્ટ્રીય સરહદ નજીક ચીન પોતાની પરમાણુ શક્તિ ઝડપભેર વધારી રહ્યું છે અને તે પોતાના અણુ શસ્ત્રોના જથ્થામાં મોટો વધારો કરી રહ્યું છે. આ અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે એક વર્ષ પહેલા અમેરિકી અધિકારીઓએ જે અનુમાન બાંધ્યું હતું તેના કરતા ઘણી વધારે ઝડપથી પોતાનો અણુ ભંડાર વધારી રહ્યું છે.

અમેરિકાના સ઼રક્ષણ વિભાગે પોતાના અહેવાલમાં ભારતને લગતા ચીનના પગલાઓ અંગે એક મોટો હિસ્સો ફાળવ્યો છે. પોતાના ચીનને લગતા આ અહેવાલમાં પેન્ટાગોને જણાવ્યું છે કે ચીન અમેરિકાને હવા, જમીન, સમુદ્ર, અવકાશ અને સાયબર સ્પેસમાં પડકાર ફેંકવા માગે છે. પોતાના આ અહેવાલમાં પેન્ટાગોને તાઈવાન અંગે ચીનની ગતિવિધિઓ અંગે પણ ચિંતા વ્યકત કરી છે. પેન્ટાગોનનો આ અહેવાલ ડીસેમ્બર ૨૦૨૦ સુધી ભેગી કરવામાં આવેલી માહિતીઓ પર આધારીત છે અને તેમાં આ હાલમાં કરવામાં આવેલા હાયપરસોનિક મિસાઈલ પરીક્ષણનો ઉલ્લેખ નથી.

## સરહદ પરના જવાનો સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દિવાળી ઉજવી

# ભારતે લશ્કરી ક્ષમતા વિસ્તારવી પડશે

**શ્રીનગર**

દર વર્ષની જેમ આ વર્ષે પણ વડાપ્રધાને જવાનો સાથે દીપાવલીની ઉજવણી કરી હતી. આ દરમિયાન તેમણે સૌથી પહેલા શહીદોને શ્રદ્ધાંજલિ આપી હતી. આ પછી તેણે દિવાળીના અવસર પર જવાનોને મીઠાઈ પણ ખવડાવી હતી. આ દરમિયાન વડાપ્રધાન મોદીએ કહ્યું છે કે હું મારી સાથે અહીં 130 કરોડ લોકોના આશીર્વાદ લઈને આવ્યો છું.



આપણે બદલાતી દુનિયા અને યુદ્ધના બદલાતા મોડને અનુરૂપ આપણી લશ્કરી ક્ષમતાઓને ઘડવી પડશે અને વધારવી પડશે. સરહદ, દરિયાકાંઠાના વિસ્તારો કે જ્યાં સામાન્ય કનેક્ટિવિટી અને કમ્યુનિકેશન નહોતા, હવે રસ્તાઓ, ઓપ્ટિકલ ફાઈબર છે. આનાથી સેનાની તૈનાતી ક્ષમતા અને સૈનિકો માટેની સુવિધાઓ વધે છે. સ્વદેશી ક્ષમતાઓ વિકસાવવા માટે તેમની સરકારના પ્રયાસોને રેખાંકિત કરતા વડાપ્રધાન મોદીએ કહ્યું કે અમે મુખ્યત્વે સંરક્ષણ ક્ષેત્રમાં આયાત પર નિર્ભર રહેતા હતા. હવે પરિસ્થિતિ બદલાઈ ગઈ છે. શહીદ સૈનિકોને શ્રદ્ધાંજલિ આપી મોદીએ કહ્યું કે આપણા સૈનિકો ‘મા ભારતી’નું ‘રક્ષણ કવચ’ છે. સર્જિકલ સ્ટ્રાઈકમાં અહીંની બ્રિગેડની ભૂમિકા દેશના દરેક નાગરિકને ગર્વથી ભરી દે છે.

આજે હું ફરી તમારી વચ્ચે આવ્યો છું. આજે ફરી હું તમને નવી ઉર્જા, નવા ઉત્સાહ, નવા વિશ્વાસ સાથે લઈ જઈશ. તમારા શૌર્ય, બલિદાન અને તપના નામે ભારતનો દરેક નાગરિક તમને એ દીવાના પ્રકાશ સાથે અનેક શુભકામનાઓ પાઠવતો રહેશે. આ દરમિયાન પીએમ મોદીએ ભારત માતા કી જયના નારા પણ લગાવ્યા હતા.

## હિમાલયના ક્ષેત્રમાં ચીને ઓપ્ટિક ફાયબરનું જાળું પાથરી દીધું છે

ભારત સાથેના પશ્ચિમ હિમાલયના ક્ષેત્રમાં ચીને ૨૦૨૦ના વર્ષમાં ભારત સાથેના સરહદી વિવાદ વખતે જ ફાયબર ઓપ્ટિક નેટવર્ક સ્થાપિત કરી દીધું હતું જેથી આ વિસ્તારમાં ઝડપથી સંદેશ વ્યવહાર થઇ શકે અને વિદેશો ચીની લશ્કરના સંદેશ વ્યવહારને આંતરી પણ ન શકે. આ નેટવર્કથી ચીનની ગુપ્તચરી ગતિવિધિઓ, દેખરેખ અને લશ્કરી ગતિવિધિઓ વધારવામાં મદદ મળી છે. એમ પેન્ટાગોનના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે. પેન્ટાગોનના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે ૬ વર્ષની અંદર ચીની અણુ શસ્ત્રોની સંખ્યા વધીને ૭૦૦ થઇ શકે છે, જે વર્ષ ૨૦30 સુધીમાં ૧૦૦૦ની ઉપર પહોંચી જશે.




ABOWATH
REAL ESTATE GROUP
MAAZ ABOWATH
BROKER
416 893 4585
More info on PAGE 2
વધુ માહિતી પાનું ૨ પર
ABOWATH.COM

દુઆમાં યાદ રાખશો
- Residential
- New Condos
- Investments
- Commercial
Zakir Patel
Broker
Cell: 416-561-7973
Office : 416-287-2222
RE/MAX COMMUNITY Realty Inc., Brokerage
Independently Owned and Operated
1265, Morningside Ave. #203
Toronto, ON M1B 3V9
Email : patelzakir82@gmail.com

May your diwali be rangoli of lights brightening up your home with happiness and prosperity!
SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*Conditions apply ...... ASK NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph. : 416-890-3232
Email : sanjivpuri@rogers.com
StarLife Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE I FUNERAL INSURANCE I MORTGAGE INSURANCE I CRITICAL ILLNESS INSURANCE I DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE I INSURANCE FOR VISITORS/ NEW IMMIGRANTS I RESP I ESTATE PLANNING I RRSP I RETIREMENT PLANNING

છેલ્લા ૪૪ વર્ષથી ટોરાન્ટોની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી. ૪૪ વર્ષથી ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા અમારી સફળતા માટે યશભાગી છે. દિલથી આપની અમે ખૂબજ આભાર માનીએ છીએ. હવાઈ મુસાફરી ની ટીકીટ માટે અમારા ભાવ ટોરાન્ટોમાં ખૂબજ આકર્ષક છે અજમાવી જુઓ... આપને આનંદ થશે.
Ashok Travels 416-977-9896 અશોક ટ્રાવેલ્સ ૪૧૬ ૯૭૭ ૯૮૯૬
Thank you for your continued support since last 44 years. We are glad to be your family travel agency and we feel proud to serve three generations with most competitive prices and excellent service.
www.ashoktravel.com
Ashok Travels Serving your travel needs in Canada since 1973
TICO # 1486999 238 Gerrard St. East, Suite 100 Toronto, ON M5A 2E8

S&S LAWYERS LLP
- Real Estate
- Litigation
- Wills and Estates
- Affidavit and Power of Attorney
- Notarization
- Family Law
- Corporation / Commercial Transactions
- Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# કેનેડામાં મકાન વિભાગના મંત્રી સામે અનેક જટીલ પડકારો

## બિન-રહેવાસી કેનેડીયનો પર કર લાદવા તથા નોન-કેનેડીયનોને મકાન ખાલી કરાવવાની કાર્યવાહી જાન્યુઆરીથી શરૂ થવાના સંકેતો

**ઓન્ટેરિયો**

કેનેડાના મકાન વિભાગના નવા પ્રધાન અહેમદ હુસેનને પોતાનો ચાર્જ સંભાળ્યાને એક સપ્તાહનો સમય થયો છે. તેઓને કેન્દ્ર સરકારના રહેઠાણ નીતિના ઘડવૈયા તરીકે કામ સોંપવામાં આવ્યું છે અને તેમણે રૂપરેખા પણ ઘડી કાઢી છે. તેઓ પોતાની અગ્રીમતા જણાવતા કહે છે કે, સૌથી પહેલા તો મકાનો પુરા પડી શકાય એટલા પ્રમાણમાં મકાનોનો પુરવઠો હોવો જોઈએ. તેઓ સીબીસીના ધ હાઉસ નામના કાર્યક્રમમાં બોલી રહ્યા હતા.

તેમણે આ મુલાકાતમાં જણાવ્યું હતું કે, આપણા હાઉસિંગ ક્ષેત્ર ઉપર વિદેશીઓનો પ્રવેશ પ્રતિબંધિત હોવો જોઈએ અને બિન-રહેવાસી કેનેડીયનો પર કર લાદવા તથા નોન-કેનેડીયનોને મકાન ખાલી કરાવવાના કાર્યક્રમની શરૂઆત જાન્યુઆરી 2022થી કરાવવવામાં આવશે.

આ બાબતની ચોકસાઈ કેન્દ્ર સરકાર રાખશે. હું માનું છું કે, દેશના બીજા રાજ્યોનો પણ સહકાર મળી રહેશે. હાલ જે મકાનો છે તેને રીપેર કરવા તથા સામાજિક સંસ્થો કે જે મકાનો બાંધવામાં મદદ કરે છે તેમને વધુ મદદ કરવાની સરકારની યોજના છે. જેથી સંસ્થા વધુ



ઝડપથી મકાનો પુરા પાડી શકે.

મકાન સસ્તા હોવા જોઈએ અને તેની ગુણવતા પણ હોવી જોઈએ. પરંતુ તેની ચોક્કસ વ્યાખ્યા કરવી મુશ્કેલ છે અને ચૂંટણીમાં ઘણી વખત આ મુદ્દો મોટાપાયે ચર્ચાતો હોય છે. કેનેડિયન રિયલ એસ્ટેટ એશોશિએશન કહે છે કે, આપણા દેશમાં મકાનોના ભાવમાં છેલ્લા પાંચ વર્ષમાં 50%નો વધારો થયો છે. રાષ્ટ્રીય ધોરણે સપ્ટેમ્બર મહિનામાં ગયા વર્ષના આ જ સમયગાળામાં 13.9%નો વધારો થયો હતો. ઓન્ટેરિયોના નાઈગરાના ફૂટ બેલ્ટના રહેવાસી પોલ વીટરેક કહે છે કે, મકાનોના ભાવ રોકેટની ગતિથી વધી રહ્યા છે. તેથી મારી પુત્રી માટે સસ્તા મકાન મેળવવાનું કામ મુશ્કેલ બની રહ્યું છે. લિબરલ પાર્ટીએ પાંચ પાનાની સસ્તા મકાનોની યોજના રજુ કરી હતી. જેમાં વચન આપવામાં આવ્યું હતું કે, વધતી માંગણીને પહોંચી વળવા માટે સરકાર ખાસ યોજના જાહેર કરશે. પરંતુ તે વચન પૂરું થઈ શક્યું નથી. કરોડો ડોલરનો ખર્ચ કરી સરકાર નવા મકાનોમાં મૂડી રોકાણ કરે છે. પરંતુ આ યોજનામાં રાજ્ય અને કેન્દ્ર બંને સરકારોએ સાથે મળીને કામ કરવાનું હોય છે. ઘણી વખત બંને સરકારોના મતભેદોને કારણે યોજનામાં વિલંબ થાય છે. અમે 4 મિલિયન ડોલર આપીશું તથા મ્યુનિસિપાલ્ટીઓ અને સામાજિક સંસ્થાઓ મકાનોના રિપેરિંગમાં મદદ કરે એવી એક યોજના અમે તૈયાર કરી છે એમ હુસેને જણાવ્યું હતું.

# "ડોટર્સ ડે"ની ઉજવણી, એકતા દોડ યોજાઈ





**સ્કારબોરો**

હવેથી તા. 14 ઓક્ટોબર, 2021ને " ડોટર્સ ડે" તરીકે ઘોષિત કરવામાં આવશે. કારણ કે, ઈન્ડોકેનેડા ચેમ્બર ઓફ કોમર્સના ભૂતપૂર્વ પ્રમુખ બેરિસ્ટર પ્રણવ પટેલ દ્વારા આ અંગે તાત્કાલિક પહેલ કરવામાં આવી છે. સ્કારબોરો ખાતે 31મી ઓક્ટોબરે એકતા દિવસ નિમિત્તે 14 ઓક્ટોબરને "ડોટર ડે" તરીકે જાહેર કરવા માટેનું મેમોરેન્ડમ સબમિટ કરવામાં આવ્યું હતુ. જેને બેરિસ્ટર પ્રણવ પટેલ (ભૂતપૂર્વ પ્રમુખ ઈન્ડોકેનેડા ચેમ્બર ઓફ કોમર્સ), સાઉથઈસ્ટ એશિયન વિમેન્સ કાઉન્સિલ, ગુજરાત પબ્લિક અફેર્સ કાઉન્સિલ ઓફ કેનેડા અને ઈન્ડોકેનેડિયન હ્યુમન રાઈટ્સ એસેમ્બલી દ્વારા સમર્થન આપવામાં આવ્યુ હતુ. એકતા દિવસે યોજાયેલા કાર્યક્રમ દરમિયાન યુનિયન વિલેજ, કોમન પાર્ક, સ્કારબોરો ખાતે યુનિટિ રનનું આયોજન થતા તેમાં અનેક લોકો જોડાયા હતા. આ તમામ લોકોએ પ્રણવ પટેલના અભિયાનને સમર્થન આપી દોડમાં ભાગ લીધો હતો.

# 93 વર્ષીય દોડવીર પોલાસાએ પોતાનો જ જૂનો રેકોર્ડ તોડ્યો

### 5 કી.મી.નું અંતર 36 મિનિટ અને 30 સેકન્ડમાં પૂરું કર્યું

**ઓન્ટેરિયો**

એક 93 વર્ષીય રનરે તેનો પોતાનો કેનેડિયન રેકોર્ડ તોડ્યો હતો. રવિવારે સવારે તેણે 5 કી.મી.નું અંતર 36 મિનિટ અને 30 સેકન્ડમાં પૂરું કર્યું હતું. કેન્યો પોલાસા સ્પ્રિંગ બેન્ક પાર્ક લંડન ખાતે ફિનિશ લાઈન પર પહોચનારાઓમાંનો એક હતો અને તે હેલોવીન હોટિન્ગ રેસમાં ભાગ લઈ રહ્યો હતો.

આ અગાઉ તેણે કેનેડિયન માસ્ટર્સ એથ્લેટિક્સમાં પોતાના વય જૂથમાં 5



કી.મી.નું અંતર 37 મિનિટ અને 41 સેકન્ડમાં કાપ્યું હતું. પોલોસા 5 ફૂટ 6ઈંચની ઊંચાઈ અને 113 પાઉન્ડ વજન ધરાવતો હતો. તેણે ડોક્ટરની પ્રેક્ટિસમાંથી નિવૃત્તિ લઈ 60માં વર્ષે દોડવાનું શરુ કર્યું હતું. તે ઈન્ટરનલ મેડિસીનનો વિષય ભણાવતો હતો અને એ સમયે પણ મેકગિલ યુનિવર્સીટીમાં સારી નામના મેળવી શક્યો હતો. 80માં વર્ષે પોતાના ગોઠણને આરામ આપવા માટે તેણે રનિંગમાંથી કામચલાઉ બ્રેક લીધી હતી.

# ઓન્ટેરિયોમાં ટૂંક સમયમાં લઘુતમ વેતન પ્રતિ કલાક 15 ડોલર કરવાની હિલચાલ

## લઘુતમ વેતનના દરમાં વધારો કરવાથી ઉધોગો ઉપર વિપરીત અસર નિશ્ચિત

**ક્યૂબેક**

ટોરોન્ટોના મીડિયા અહેવાલો પ્રમાણે ઓન્ટેરિયો હવે ટૂંક સમયમાં લઘુતમ વેતન વધારીને પ્રતિ કલાક 15 ડોલર કરશે. સૂત્રોના જણાવ્યા મુજબ ડગ ફોર્ડ મંગળવારે આ વિષયની જાહેરાત કરશે અને આ પરિવર્તનો 1લી જાન્યુઆરીથી અમલમાં આવશે. લઘુતમ વેતનના દર ફુગાવા સાથે વધતા રહેશે અને જાન્યુઆરીથી પ્રતિ કલાકે 15 ડોલર આપવાની શરૂઆત કરવામાં આવશે. હાલમાં ઓન્ટેરિયો ખાતે લઘુતમ વેતનના દર 14.35 ડોલર પ્રતિ કલાક છે. ઓક્ટોબર 2020 દરમિયાન આ દર 14.25 ડોલર હતો. ઓન્ટેરિયોમાં જાન્યુઆરી 2018થી લઘુતમ વેતનના દરમાં વધારો થયો નહોતો. પરંતુ ત્યારબાદ 11.60 ડોલર પ્રતિ કલાકને બદલે વધારીને 14 ડોલર પ્રતિ કલાક કરવામાં આવ્યા હતા. 2018માં ચૂંટાયા બાદ ફોર્ડે લઘુતમ વેતન અંગેનો કાયદો પડતો મુક્યો હતો અને તેને હાલમાં આ વધારો કરવાનું યોગ્ય લાગ્યું છે. પ્રેસિડેન્ટ અને સીઈઓ કેનેડિયન ફેડરેશન ઓફ ઈન્ડિપેન્ડેન્ટ બિઝનેસના ડેન કેલીએ જણાવ્યું હતું કે, ફોર્ડની સોમવારે ટ્વીટર ભારે ઝાટકણી કાઢતા જણાવ્યું હતુ કે, લઘુતમ વેતનના દરમાં વધારો કરવાથી ઉધોગો ઉપર તેની ભારે વિપરીત અસર થશે.

LIFE INSURANCE
MORTGAGE/LINE OF CREDIT INSURANCE
Q : DO YOU HAVE MORTGAGE / LINE OF CREDIT INSURANCE WITH BANK ?
A : COMPARE & SAVE UP TO 50% LOWEST RATES GUARANTEED

Monthly Premiums TERM 10 (RCC) Preferred Plus Non Smoker with Medical Test

| AGE | $ 250,000 Male & Female | | $500,000 Male & Female | | $1000,000 Male & Female | |
|---|---|---|---|---|---|---|
| 30 Yrs | $ 12.00 | $ 07.00 | $ 18.00 | $ 10.00 | $ 32.00 | $ 19.00 |
| 40 Yrs | $ 13.00 | $ 08.00 | $ 22.00 | $ 14.00 | $ 36.00 | $ 26.00 |
| 50 Yrs | $ 30.00 | $ 18.00 | $ 50.00 | $ 31.00 | $ 95.00 | $ 60.00 |
| 60 Yrs | $ 85.00 | $ 56.00 | $ 146.00 | $ 103.00 | $ 271.00 | $ 190.00 |

ALSO AVAILABLE
- NO MEDICAL TEST LIFE INSURANCE (up to age 85) (Even it you have DIABETES, BLOOD PREASURE, HEART ATTACK, STROKE) CANCER OR INSURANCE declined by other companies
- CORPORATION OWNED LIEF / CRITICAL ILLNESS INSURANCE (Key Person INSURANCE, BUY SELL AGREEMENT, GROUP BENEFITS)
- MONEY BACK LIFE / CRITICAL ILLNESS INSURANCE, RRSP, RESP, TFSA

Visitor To CANADA INS, TRAVEL INS, Lite ins For Refugees & Work Permits



Davinder Singh Chawla

416.320.4614
Email : - Davindersinghfhl@gmail.com
www.financialhutltd.com,
Toll : 1866.623.0865
Call For HONEST ADVICE
MONTHLY & ANNUAL PLANS
SUPER VISA INSURANCE
HARD TO BEAT OUR PREMIUMS

THINKING OF INVESTING?
INVEST AS LOW AS $50,000 IN REAL ESTATE
SECURED INVESTMENT with up to 8-12% Guaranteed Return
INVEST WITH Metrobuild Capital
Sharia'h Compliant
We have multiple avenues for investment in Residential Properties, Commercial Properties or Construction Projects plus your investment is secured against the assets.
રેસિડેન્શિયલ અને કોમર્શિયલ પ્રોપર્ટી અથવા કન્સ્ટ્રક્શન પ્રોજેક્ટ્સ માં અમારી પાસે ઘણાં જુદા જુદા રોકાણોનો વિકલ્પ છે જ્યાં તમુને રોકાણ પર ૮-૧૨% સુધીનું વળતર અને તમારું રોકાણ સંપત્તિ સામે સુરક્ષિત હોય છે.
CALL 416 893 4585 TODAY!!!



આપના વિશ્વાસુ અને ભરોસાપાત્ર
અમારી રીયલ એસ્ટેટ અને ઇન્વેસ્ટમેન્ ની મફત સલાહ નો લાભ ઉઠાવવા માટે આજે જ સંપર્ક કરો.
Call us TODAY for all of your Real Estate Needs and get Honest, Reliable and Courteous Service you can count on.
- Residential
- New Construction
- Investment
- Commercial

MOHAMMAD ABOWATH SALES REPRESENTATIVE
MAAZ ABOWATH BROKER
IBRAHIM ABOWATH SALES REPRESENTATIVE
416 893 4585
ABOWATH REAL ESTATE GROUP
VALUING RELATIONSHIPS OVER TRANSACTIONS EVERY SINGLE TIME!
ABOWATH.COM
RE/MAX CROSSROADS REALTY INC.
*Not intended to Solicit client under contract.

Wish you all
Happy Diwali
&
A Prosperous New Year

WE ARE GROWING AGAIN!

Sell Max With Save Max
$AVE MAX®
Real Estate Inc. Brokerage

Let's Grow Together

PRANAY JANI
BROKER
416 258 5264
Office: 304-6755 Mississauga Rd. Mississauga. L5N 7Y2

Ab Call Toh Karna Hi Hoga!



# પેટાચૂંટણી : પ્રાદેશિક પક્ષોનો દબદબો, ભાજપને લાલબત્તી

## તંત્રી સ્થાનેથી

### સુજ્ઞ વાચકો, વિજ્ઞાપનદાતાઓ તથા તમામ સહયોગીઓ.

કોરોના કાળમાં અનેક મુશ્કેલીઓ પ્રસાર કર્યા બાદ વિ. સવંત 2077ના અંતિમ દિવસોમાં ઉજવાયેલો દિવાળીનો પર્વ આપના જીવનમાં વધુ સુખ અને શાંતિરૂપી પ્રકાશ લઈને આવ્યો છે. આ સાથે જ શુક્રવારથી વિ. સવંત 2078ના નૂતન વર્ષનો પ્રારંભ થઈ રહ્યો છે. નવું વર્ષ આપ સૌના જીવનમાં સુખ-સમૃદ્ધિ વધારનારું નીવડે, આપ તથા આપના પરિજનોનું આરોગ્ય જળવાય અને શૈક્ષણિક, સામાજિક, રાજકીય અને વ્યાવસાયિક ક્ષેત્રે આપ સિદ્ધિ મેળવી અનેક સોપાનો સર કરો એવી અભ્યર્થના સાથે આપ સૌને નૂતનવર્ષાભિનંદન.

તાજેતરમાં દેશનાં ૧૩ રાજ્યોમાં સમાવિષ્ટ વિધાનસભાની ૨૯ બેઠકો અને ૩ રાજ્યોની લોકસભાની ૩ બેઠકોની પેટાચૂંટણી યોજાઈ ગઈ. આ પેટાચૂંટણીના પરિણામો ભાજપ માટે લાલબત્તી સમાન છે. કારણ કે, વિધાનસભાની બેઠકોમાં તેલંગાણાના અપવાદને બાદ કરતાં અન્ય રાજ્યોમાં પ્રાદેશિક પક્ષોનો દબદબો રહ્યો છે. આ વખતે પ્રાદેશિક પક્ષોએ લડેલી મોટાભાગની બેઠકો જીતી છે. તૃણમૂલ કૉંગ્રેસ, ઈન્ડિયન નેશનલ લોકદળ, જેડીયુ, આરજેડી, યુનાઈટેડ પીપલ્સ પાર્ટી લિબરલ અને ઉત્તર-પૂર્વનાં પ્રાદેશિક પક્ષોએ આ વખતે ભાજપ સામે સરળતાથી જીત મેળવી છે. જયારે ભાજપ-કૉંગ્રેસ માટે આ પરિણામો ઝાઝો ઉત્સાહ વધારનારા રહ્યા નથી. ભાજપે આસામમાં વટ બતાવ્યો છે. કિન્તુ કર્ણાટક, મધ્ય પ્રદેશમાં ધાર્યાં પરિણામ આવ્યાં નથી.



તંત્રી - પ્રકાશક
સ્વદેશ

એ જ રીતે કોંગ્રેસે રાજસ્થાનનો ગઢ સાચવ્યો છે અને હિમાચલ પ્રદેશમાં ભાજપના કાંગરા ખેરવીને મોટો આંચકો આપ્યો છે. પરંતુ આસામમાં કૉંગ્રેસ સાવ ધોવાઈ ગઈ છે. કર્ણાટક, મધ્યપ્રદેશમાં પણ પરિણામ તેની ધારણા પ્રમાણેનાં નથી જ. લોકસભામાં પણ કૉંગ્રેસે મંડી બેઠક આંચકીને ભાજપને આંચકો આપ્યો છે. લોકસભાની મંડી (હિમાચલ પ્રદેશ), દાદરા અને નગર હવેલી તથા ખંડવા (મધ્ય પ્રદેશ)એ ત્રણ બેઠકોની પેટાચૂંટણી હતી. ભાજપે ખંડવા બેઠક જાળવીને આબરૂ સાચવી છે. પણ બાકીની બે બેઠકો પર તેના ભૂંડા હાલ થયા છે. ભાજપ એટલું આશ્રવાસન ચોક્કસ લઈ શકે કે મંડી અને દાદરા નગર હવેલી એ બંને બેઠક પર જીતનારા ઉમેદવારો પક્ષના જોરે નહીં પણ વ્યક્તિગત તાકાતના કારણે જીત્યાં છે.

અલબત્ત હિમાચલની મંડી બેઠકનું પરિણામ ભાજપ માટે મોટા આંચકા સમાન છે. કેમ કે કૉંગ્રેસે આ બેઠક ભાજપ પાસેથી આંચકી લીધી છે. ભાજપની ટિકિટ પર સળંગ બે વાર જીતેલા રામસ્વરૂપ શર્માનાં નિધનના કારણે ખાલી પડેલી મંડી લોકસભા બેઠક ઉપર કૉંગ્રેસે ભૂતપૂર્વ મુખ્યમંત્રી વિરભદ્રસિંહનાં પત્ની પ્રતિભા સિંહને મેદાનમાં ઉતાર્યા હતા. જેની સામે ભાજપે કારગિલ વોરના હીરો બ્રિગેડીયર ખુશાલચંદ ઠાકુરને મેદાનમાં ઉતાર્યા હતા. ઠાકુરો અને બ્રાહ્મણોની બહુમતી ધરાવતી આ બેઠક ઉપર બ્રિગેડિયરને જીતાડવા ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ જે.પી. નડ્ડાએ પોતે હવાતીયા મારી જોયા. વિરભદ્રનાં મોતના કારણે ઊભી થયેલી સહાનુભૂતિના કારણે પાતળી સરસાઈથી પણ પ્રતિભા જીતી ગયાં છે અને પ્રતિભા બીજી વાર પેટાચૂંટણી જીતીને બળુકાં સાબિત થયાં છે. પશ્રિચમ બંગાળમાં મમતાની તૃણમૂલ કૉંગ્રેસે ચારેય બેઠકો ઉપર જીત મેળવીને વિધાનસભામાં અને રાજ્યમાં તેની તાકાતને સાબિત કરી દીધી છે. તૃણમૂલે જીતેલી ચાર બેઠકોમાંથી બે બેઠકો પર તો ૧ લાખ કરતાં વધારે મતની લીડ છે. હિમાચલમાં મંડી લોકસભાની બેઠક તો ભાજપ હાર્યો જ છે પણ વિધાનસભાની ત્રણેય બેઠકો પણ જીતીને કૉંગ્રેસે સોપો પાડી દીધો છે. આ ત્રણમાંથી બે બેઠકો કૉંગ્રેસ પાસે જ હતી. જ્યારે ત્રીજી બેઠક ભાજપ પાસે હતી. ભાજપ માટે રાજસ્થાનનાં પરિણામ પણ આંચકાજનક છે. ભાજપ કૉંગ્રેસની જૂથબંધીનો ફાયદો લેવામાં સાવ નિષ્ફળ સાબિત થયો છે. વાસ્તવમાં ભાજપે ગેહલોત વર્સીસ પાયલોટ વસુંધરા વર્સીસ પુનિયાની લડાઈની ચિંતા વધારે કરવી જોઈએ એ આ પરિણામોનો સંકેત છે. ભાજપને રાજસ્થાન અને હિમાચલ પ્રદેશમાં મળ્યો એવો મોટો આંચકો કૉંગ્રેસને આસામમાં મળ્યો છે. આસામમાં બદરૂદ્દીન અજમલના રવાડે ચડીને છ મહિના પહેલાં વિધાનસભાની ચૂંટણીમાં ઈજ્જતનો કચરો કરાવનારી કોંગ્રેસે ફરી ઈજ્જતનો કચરો કરાવ્યો છે. આસામમાં વિધાનસભાની પાંચ બેઠકોની પેટાચૂંટણીમાં કોંગ્રેસનો ધબડકો વળી ગયો છે. આ પરિણામોએ ભાજપ રાજકીય ગણતરીઓમાં કૉંગ્રેસથી ક્યાંય આગળ છે એ પણ ફરી સાબિત કર્યું છે. કૉંગ્રેસે બદરૂદ્દીન અજમલ જેવા હળાહળ મુસ્લિમ કટ્ટરવાદી સાથે જોડાણ કર્યુ, જ્યારે ભાજપે સાહિત્યકાર ઉરખાવ ગ્વારા બ્રહ્માની યુનાઈટેડ પીપલ્સ પાર્ટી લિબરલ સાથે જોડાણ કર્યુ હતુ. વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને એ જોડાણ ફરીવખત ફળ્યું છે. ગ્વારાના કારણે બોડો સમુદાયના મત સાગમટે ભાજપને મળતા ભાજપનો જયજયકાર થઈ ગયો છે. તેલંગાણામાં હુઝુરાબાદની પ્રતિષ્ઠાભરી બેઠક ભાજપે ટીઆરએસ પાસેથી આંચકીને ચંદ્રશેખર રાવને મોટો આંચકો આપ્યો છે. અલબત્ત તેનો જશ ભાજપ કરતાં વધારે ઈટાલા રાજેન્દ્રને જાય છે. છેલ્લી ચાર ટર્મથી આ બેઠક પરથી ચૂંટાતા રાજેન્દ્ર ટીઆરએસ છોડીને ભાજપમાં સામલ થયા હતા. આ સિવાયની બેઠકોમાં આંધ્રમાં વાયએસઆર કૉંગ્રેસની જીત ધારણા પ્રમાણેની છે. બિહારમાં આરજેડી અને જેડીયુ એક-એક બેઠક જીતીને સમોવડિયાં સાબિત થયાં છે તો હરિયાણામાં કૃષિ કાયદાના વિરોધમાં રાજીનામું આપનારા ઈન્ડિયન નેશનલ લોકદળના અભય ચૌટાલા ધારણા પ્રમાણે પાછા જીતી ગયા છે. કર્ણાટકમાં ભાજપ અને કૉંગ્રેસે એક-એક બેઠક જીતી છે. મધ્યપ્રદેશમાં કૉંગ્રેસ-ભાજપ બંને લગભગ સરખાં ઉતર્યાં છે. મહારાષ્ટ્રમાં કૉંગ્રેસે પોતાની બેઠક જાળવી છે. જ્યારે ઉત્તર-પૂર્વના રાજ્યોમાં પ્રાદેશિક પક્ષોનો વટ જળવાયો છે. પેટ્રોલ-ડીઝલના ભડકે બળતા ભાવ અને મોંઘવારી જેવા મુદ્દા આ વખતે લોકોએ ધ્યાનમાં રાખ્યા છે. કોરોનાકાળ બાદ જેમ તેમ સ્થિતિ થાળે પડી રહી હતી ત્યાં મોદી સરકારે ઈંધણના ભાવને નિયંત્રણમાં રાખવા કોઈ પ્રયાસ નહીં કરતા પ્રજામાં ભારે નારજગી પ્રવર્તી રહી છે. જરૂરિયાતની ચીજોના ભાવ પહેલાં કદી ન હોતા એટલા વધી ગયા છે. લોકોની તકલીફો માટે આંસુ સારવાની વાત તો છોડો પણ દિલાસાના બે શબ્દો આપવાનો પણ આ ભાજપના નેતા પાસે હવે સમય રહ્યો નથી.

આ માહોલમાં હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી જયરામ ઠાકુરે પેટાચૂંટણીનાં પરિણામો બાદ બળાપો ઠાલવી ભાજપની હાર માટે મોંઘવારીને જવાબદાર ગણાવી દીધી. ઠાકુરે જે કંઈ કહ્યું તેમાં સત્ય છે તેનો ઈનકાર થઈ શકે તેમ નથી. મોંઘવારી મોટો મુદ્દો છે જ. ભક્તજનોને કદાચ મોંઘવારી નહીં નડતી હોય પણ સામાન્ય લોકોને મોંઘનારી નડે જ છે.

manoj1968@yahoo. ca






# કેનેડા ઓઈલ-ગેસના ઉત્સર્જન પર નિયંત્રણ મુકશે : ટ્રુડો

## વિશ્વને 1.5 ડિગ્રી સેલ્સિયસ ઉષ્ણતામાન ઘટાડવામાં મદદ કરવા કેનેડાનું મોટું વચન

**ટોરન્ટો**

કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોએ ગ્લાસગો ખાતે સોમવારે યોજાયેલી કોપ-26 શિખર પરિષદને સંબોધતા જણાવ્યું હતું કે, કેનેડા તેના ઓઈલ અને ગેસ ક્ષેત્રના ઉત્સર્જન ઉપર ભારે નિયંત્રણ મુકશે. આ અગાઉ તેણે વચન આપતા જણાવ્યું હતું કે, કેનેડા તેના ઓઈલ અને ગેસ ક્ષેત્રના ઉત્સર્જન ઉપર ભારે નિયંત્રણ મુકશે.

આ વચનને યાદ કરતા ટ્રુડોએ કહ્યું હતું કે, અમે અમારા દેશના સૌથી મોટા ઔદ્યોગિક ક્ષેત્ર દ્વારા જે ઉત્સર્જન કરવામાં આવે છે તેના પર નિયંત્રણ મુકીશુ અને વિશ્વને 1.5 ડિગ્રી સેલ્સિયસ ઉષ્ણતામાન ઘટાડવામાં મદદ કરીશું.

અમે અમારા ઓઈલ અને ગેસ ક્ષેત્ર ઉપર આજે કેટલાક નિયંત્રણો મૂક્યા છે. અને ફરી વખત અમે ઉત્સર્જન ઘટાડવા સામે પગલાં લઈશુ કે જેથી 2050 સુધીમાં નેટ



ઝેરો ઉત્સર્જનનો લક્ષ્યાંક હાંસલ કરી શકાય. તેમણે પોતાના 2 મિનિટના ટૂંકા સંબોધનમાં જણાવ્યું હતું કે, અમારા મુખ્ય ઉદ્યોગો ઓઈલ અને ગેસના ઉત્પાદનો દેશ માટે ભારે મહત્વ ધરાવે છે, એવા સંજોગોમાં આ પગલું ભરવું અમારા માટે સહેલું નથી. 2019માં કેનેડાના ગેસ અને ઓઈલ ક્ષેત્રે 191 મેગા ટન ગ્રીન હાઉસ ગેસ ઉત્સર્જન કર્યું હતું. જે દેશના કુલ ઉત્સર્જનના 26% થવા જાય છે.

દેશના પરિવહન ક્ષેત્રએ 186 મેગા ટન ગ્રીન હાઉસ ગેસનું ઉત્સર્જન કર્યું હતું. ટ્રુડોની જાહેરાત બાદ સીએપીપીનાં સીઈઓ ટીમ મેકમિલાને જણાવ્યું હતું કે, નેચરલ ગેસ અને ઓઈલ એ કેનેડાના સૌથી વધુ નિકાસ કરનારા સેકટર છે અને તે કેનેડાના અર્થતંત્રનો પાયો છે. આ બંને સેકટર દર વર્ષે અર્થતંત્રમાં 30 મિલિયન ડોલરનો ફાળો આપે છે.

પેરિસ એગ્રીમેન્ટની મહત્વકાંક્ષાને સિદ્ધ કરવા માટે નેચરલ ગેસ અને ઓઈલ કેનેડાએ જેમ બને તેમ ઓછામાં ઓછું ઉત્સર્જન થાય તેના પર ભાર મુકવો પડશે.

# પ્રવાસન ઉદ્યોગને વેગ આપવા એર કેનેડા 2022થી આંતરરાષ્ટ્રીય ઉડાનો વધારશે

**ટોરોન્ટો**

કેનેડીયનો કોરોનાના મહા-રોગચાળાના દરમિયાન જે નહોતા કરી શક્યા તે કરવાની તક હવે તેમની પાસે આવી રહી છે. ફલાઈટ ગ્લોબલ નામના એક મેગેઝીનમાં ઓકટોબર દરમિયાન એર કેનેડાએ જણાવ્યું હતું કે, અમે એર કેનેડાની સેવામાં સંખ્યાબંધ નવા વિમાનો અને શહેરોના જોડાણનો ટૂંક સમયમાં વધારો કરી રહી રહ્યા છીએ. જેમાં માર્શેલોના, વેનિસ, નીસ, માન્ચેસ્ટર, એડિનબરો અને રેકિઝવીક જેવા શહેરોને વર્ષ 2022ના ઉનાળાની મોસમમાં આવરી લેશું. અમેરિકા-કેનેડા સરહદો ખુલ્લી થતા ફરી એક વખત કેનેડીયનો અને આજુ-બાજુના દેશના લોકો રજાની મજા માણવા માટે ઉત્સુક બન્યા છે. વિશ્વભરના અનેક દેશોમાંથી પ્રવાસીઓ પ્રવાસ માટે જુદી-જુદી યોજનાઓનો અભ્યાસ કરી રહ્યા છે અને યુરોપમાં જવા માટે પણ ટ્રાવેલર્સનો સંપર્ક સ્થાપી રહ્યા છે. જયારે બીજી બાજુ અનેક લોકોને સરકાર તરફથી મદદની આશા છે. એર કેનેડાની ફલાઈટોનો વધારો થતા ટુરિસ્ટ કંપનીઓને પણ થોડી રાહત થઈ છે. પ્રવાસીઓને સારી સેવા આપી શકાય તે માટે ભાષા તથા અન્ય સગવડોની તાલીમ આપવામાં આવી રહી છે. પ્રવાસીઓ ઓછા ખર્ચે પોતાની મનપસંદ જગ્યાનો પ્રવાસ કરી શકે એ માટે ફલાઈટ કલબો પણ સક્રિય બની છે. તમે 197.25 ડોલરની ટ્રાવેલ -20 કોડવાળી કુપનનો ઉપયોગ કરીને ઓછા ખર્ચે પ્રવાસ કરી શકો છો. સારી ભાષા જાણનારાઓની પણ ભારે માંગ નીકળી છે. તમે રોઝેટાસ્ટોનનું વાર્ષિક સભ્યપદ મેળવી શકો છો. અહીં 24 પ્રખ્યાત ભાષાઓ જેમાં ફ્રેન્ચ, ઈંગ્લિશ, સ્પેનિસ, ઈટાલિયન અને જાપાનીસ ભાષા શીખી શકો છો.

# પુરાવા અને નિષ્ણાંતોના મંતવ્યોને આધારે વેક્સિનેશન અંગે નિર્ણય કરાશે

**ઓટ્ટાવા**

કેનેડિયન સતામંડળોએ તમામ લોકો માટે કોવીડ-19નો બુસ્ટર ડોઝ ઉપલબ્ધ છે એવી જાહેરાત કરી છે. ત્યારે રાજ્ય અને કેન્દ્રના વરિષ્ઠ આરોગ્ય અધિકારીએ એક નિવેદન બહાર પાડીને જણાવ્યું છે કે, અમારી પાસે જે આંકડાઓ છે તે આંકડાઓ એક ચોક્કસ જૂથ સિવાય ત્રીજો ડોઝ આપવા બાબતે સંમત નથી. અમે વૈજ્ઞાનિક પુરાવાઓ અને નિષ્ણાંતોના મંતવ્યોના આધારે કોવીડ -19 વેક્સીન સબંધી નિર્ણયો લેવાનું ચાલુ રાખીશુ.

અધિકારીએ વધુમાં કહ્યુ હતુ કે, હાલમાં મોટાભાગના લોકોમાં કોવીડ-19ની સામે રક્ષણ આપવાની જરૂરત હોય તેવું જણાતું નથી અને કેટલાક જૂથો સિવાય કેનેડામાં અન્ય લોકોને બુસ્ટર ડોઝ આપવાની જરૂરત હોય તેવું અમને લાગતું નથી. જો કે, અમે વેક્સિનની અસરકારકતાનું નિરીક્ષણ કરી રહ્યા છીએ અને અન્ય સંસ્થાઓ પાસેથી આંકડાઓ ભેગા કરી રહ્યા છીએ કે જેથી ભવિષ્યમાં તેનો ઉપયોગ કરી શકાય.આ નિવેદન શુક્રવારે નેશનલ એડવાઈઝરી કમિટી ઓન ઈમ્યુનાઈઝેશન તરફથી બહાર પાડવામાં આવ્યું હતું. જેમાં બુસ્ટર શોટ વિષે એક માર્ગદર્શિકા આપવામાં આવી છે અને ઉમરલાયક કેનેડીયનોને બુસ્ટર ડોઝ માટે ભલામણ કરવામાં આવી છે.


દિવાળી તથા નવા વર્ષની શુભકામનાઓ...

ગોવર્ધનથાળ

સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન

Weekend Special

રગડા પેટિસ, પાંઉભાજી, છોલેપુરી, કટલેસ, ખાસ્તા કચોરી, સેવ ઉસળ, સમોસા ચાટ

Takeout & Catering

Limited થાળી (with sweet & Farsan) $9.00 +Tax

Limited થાળી (without sweet & Farsan) $7.50 +Tax

CATERING SPECIAL

$ 9.99 10 items +Tax

Sweet, Farsan, Subji, Kathor, Puri, Dal, Rice Papad, Pickle, Kachumber



Franchise Opportunity in GTA

રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.

Call us for details

ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪

૪૧૬-૫૨૦-૨૯૨૨, ૪૧૬-૪૩૪-૮૧૨૧

૮૪૦, મારખમ રોડ, સ્કારબોરો, ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2

# સ્ટર્લિંગ બાયોટેક તેમજ તેના પ્રમોટર્સ સામે આઈટી વિભાગે કેસ દાખલ કર્યો

## સાંડેસરા ગ્રુપના વિદેશી બેંકોમાં 50થી વધુ ખાતા અને ઘણી સંપત્તિ શોધી કઢાઈ

**વડોદરા**

આવકવેરા વિભાગે સ્ટલગ બાયોટેક લિમિટેડ અને તેના પ્રમોટર્સ નીતિન સાંડેસરા અને ચેતન સાંડેસરા સામે બ્લેક મની એન્ડ ઈમ્પોઝિશન ઓફ ટેક્સ એક્ટ ૨૦૧૫ (ફોરેન ઈન્કમ એન્ડ એસેટ્સ) હેઠળ કેસ દાખલ કર્યો છે . ભારતીય બેંકો સાથે રૂ.૮,૧૦૦ કરોડની છેતરપિંડી કરીને સાંડેસરા પરિવાર ભારતમાંથી ફરાર થઈ ગયો છે અને આલબેનીયા તથા નાઈજિરાયાએ તેઓને આશ્રય આપ્યો હોવાનું જાણવા મળે છે.

સ્ટલગ બાયોટેક જૂથના ચાર પ્રમોટર્સ નીતિન સાંડેસરા, ચેતન સાંડેસરા, દિપ્તી ચેતન સાંડેસરા અને હિતેશ પટેલ ભારતની વિવિધ બેંકોમાંથી રૂ. ૮,૧૦૦ કરોડથી વધુની લોન લઈને ફરાર થઈ ગયા છે અને હજુ પણ ભારતીય બેંક સિસ્ટમમાં રહેલી ખામીઓનો લાભ ઉઠાવીને તેઓ આ કેસમાંથી છટકવાના પ્રયત્નો કરી રહ્યા છે. જેમાં એક પ્રયત્ન એવો પણ કરવામાં આવ્યો છે કે તેઓ રૂ.૮,૧૦૦ કરોડની બાકી લોન સામે વન ટાઈમ સેટલમેન્ટ યોજના અંતર્ગત રૂ.૨,૬૩૮ કરોડ ચુકવવા તૈયાર છે અને આ માટે તેઓએ ડિસેમ્બર ૨૦૨૧ સુધીની મુદત માગી છે. આવક વેરા વિભાગે સાંડેસરા પરિવારના વિદેશી બેંકોમાં ૫૦થી વધુ ખાતાઓ અને યુએસ,પનામા, બ્રિટિશ વજનં ટાપુઓ, બાર્બાડોસ,નાઈજીરીયા અને સેશલ્સમાં ઘણી સંપત્તિ શોધી કાઢી છે

# બિલોદરા હત્યા કેસમાં 44ને 10 વર્ષ, 15ને આજીવન કેદની સજા

## પૂર્વ કાઉન્સિલરના પુત્ર નવઘણ ભરવાડને પણ મળી સજા

**ખેડા**

બિલોદરા ગામે વર્ષ 2016માં બે કોમો વચ્ચે થયેલી હિંસક અથડામણના કેસમાં આજે સેશન્સ કોર્ટે પોતાનો ચુકાદો આપ્યો છે. જેમાં 59 આરોપીઓને સજા ફટકારી છે. જે પૈકી 44 આરોપીઓને 10 વર્ષની અને 15 આરોપીઓને આજીવન કેદની સજા ફટકારવામાં આવી છે.

આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ, વર્ષ 2016માં નડિયાદ તાલુકાના બિલોદરા ગામે બે જૂથો વચ્ચે હિંસક અથડામણ થતાં 13 લોકો ઈજાગ્રસ્ત થયા હતા. જેમાં કેસરબેન મનુભાઈ ડાભીને માથામાં પાઈપ ફટકારતા તેઓનું મોત નીપજ્યું હતું. આ બન્ને કોમ વચ્ચે જમીન અને ચૂંટણીને લઈને તકરાર ચાલતી હતી.

આ કેસની સુનાવણી દરમિયાન નડિયાદ સેશન્સ કોર્ટે આજે પોતાના ચૂકાદામાં 59 આરોપીઓને સજા સંભળાવી હતી. જેમાં જેમાંથી 44 આરોપીઓને 10 વર્ષની તો 15 આરોપીઓને આજીવન કેદની સજા ફટકારી છે. જે પૈકી પૂર્વ કાઉન્સિલર ભાનુભાઈ ભરવાડના પુત્ર નવઘણ ભરવાડને પણ આજીવન કેદની સજા ફટકારવામાં આવી છે.

# આણંદમાં એનઆરઆઇ માટે એપ્લિકેશન લોન્ચિંગ કરાયું

**વલ્લભવિદ્યાનગર**

આણંદ જિલ્લામા નાગરિકોની ફરિયાદોનુ ત્વરિત અને ઝડપી નિરાકરણ થાય તે માટે કલેક્ટર મનોજ દક્ષિણીના વડપણ હેઠળ મલ્ટીપલ ચાર એપ્લિકેશન લોન્ચ કરવામા આવી છે.જેમા વેબ બ્રાઉઝર, વેબ બેઈઝ, ડેસ્કટોપ આધારિત રિસ્પોન્સ મોબાઈલથી પણ ઉપયોગી નીવડી શકે તેવી એપ્લીકશન તૈયાર કરવામા આવી છે. જેનુઅરજ ગતરોજ લોન્ચીંગ કરાયુ છે. એપ્લીકેશન થકી જિલ્લા વહીવટીતંત્ર દ્વારા વિદેશ સ્થિત ગુજરાતી નાગરિકોની સમસ્યા-પ્રશ્નોનુ દરિયાપારના દેશોમા બેસીને પણ નિરાકરણ થઈ શકે તે માટે એનઆરઆઈ સહાયક એપ્લીકેશન ખુલ્લી મુકવામા આવી છે. જે અંગે કલેક્ટરની વેબસાઈટ તેમજ નિયત કરાયેલ વેબસાઈટ ઉપર અરજી કરી શકાશે. જેમા જિલ્લાના વિદેશોમા સ્થાયી થયેલા કે વસવાટ કરતા નાગરિકો માટે ખેતી તેમજ રહેઠાણની જમીન, બિનખેતીની જમીન, સબ રજીસ્ટ્રારની કચેરીને લગતા કેટલાક દસ્તાવેજો ક્ષેત્રફળ, વારસાઈ, ટાઈટલ જેવી સમસ્યાઓનુ આંગળીના એક ટેરવે નિરાકરણ આવે તેવો પ્રયત્ન કરાયો છે.

# વડોદરામાં કોરોના સાથે ડેન્ગ્યુ અને ચિકનગુનિયાના દર્દીઓ પણ વધ્યા

**વડોદરા**

તહેવારો વચ્ચે ધીમી ગતિએ કાતિલ કોરોના પગપેસારો કરી રહ્યો છે. દિનપ્રતિદિન સતત કોરોના પોઝિટિવ દર્દીમાં વધારો થતાં તંત્ર પણ સાબદુ બન્યું છે. તો બીજી તરફ ડેન્ગ્યુ અને ચીકનગુનિયાના દર્દીઓથી દવાખાના ઉભરાતા તંત્ર માટે બેવડી આફતનો સામનો કરવાનો વારો આવ્યો છે. જોકે આ વચ્ચે આવેલા તહેવારોમાં ખરીદી અર્થે ઉમટેલી નગરજનોની ભીડ આગામી દિવસોમાં મહામારીને નોતરું આપી શકે છે. કારણકે 21 ઓક્ટોબરએ વડોદરા શહેરમાં કોરોના પોઝિટિવ દર્દીઓની સંખ્યા હતી. જ્યારે હાલમાં 34 સુધી પહોંચી ગઈ છે. જે ખરેખર ચિંતાની બાબત છે. ત્યારે નગરજનોએ પણ આ અંગે સાવધ થવું જરૂરી છે.

સોમવારે કોરોના પોઝિટિવ નવી છ દર્દી સામે આવી છે. આ સાથે કોરોના પોઝિટિવ દર્દીની સંખ્યા 34 ઉપર પહોંચી છે. 33 દર્દીઓની પરિસ્થિતિ સામાન્ય છે. જ્યારે 01 દર્દી વેન્ટીલેટર પર સારવાર હેઠળ છે. આ ઉપરાંત 35 દર્દી હોમક્વોરન્ટાઈન હેઠળ સારવાર લઈ રહ્યા છે. ધીમી ગતિએ જીવલેણ કોરોનાનો વ્યાપ શહેરમાં ચિંતાજનક પ્રસરી રહ્યો છે. આ ઉપરાંત વડોદરા મહાનગરપાલિકાની 180 ટિમો દ્વારા ડોર ટુ ડોર સર્વે અભિયાન હાથ ધરી નાગરિકોના બ્લડ સેમ્પલ મેળવી ચકાસણી અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. જેમાં સોમવારે ડેન્ગ્યુના 22 દર્દી અને ચિકનગુનિયાના 34 દર્દી સામે આવ્યા છે.



# દાનહમાં BJP સામે શિવસેનાના કલાબેન ડેલકરનો ભવ્ય વિજય

## 51269 જંગી મતની લીડ સાથે પ્રદેશના પહેલા મહિલા સાંસદ: ભાજપ ઉમેદવારને 66,766 6150 મત મળ્યા

**વાપી**

વલસાડને અડીને આવેલા સંઘપ્રદેશ દા.ન.હવેલી લોકસભાની બેઠક પર યોજાયેલી પેટાચૂંટણીમાં શિવસેનાના ઉમેદવારનો 51269 મતની જંગી લીડથી વિજય થયો હતો. મોહન ડેલકરના અપમૃત્યુ બાદ ખાલી પડેલી બેઠક પર તેમના ધર્મપત્નીએ શિવસેનામાંથી ચૂંટણીમાં ઝંપલાવ્યું હતું.

જ્યારે ભાજપે ડેલકરના એકસમયના સમર્થક એવા જિ.પં. ના માજી ઉપપ્રમુખને ટિકિટ આપી મોટો દાવ ખેલ્યો હતો. આ ચૂંટણીમાં ગુજરાત, મહારાષ્ટ્ર, દિલ્હીથી નેતાઓની ફોજ ઉતારી છતાં ભાજપને ભુંડી હાર મળતાં અટલ ભવન પર શુન્યાવકાશ સર્જાયો હતો.

સેલવાસના કરાડ સ્થિત પોલીટેકનિક કોલેજ ખાતે મંગળવારે સવારે પેટાચૂંટણીની મતગણતરી પ્રક્રિયા શરૂ કરાઈ હતી. પ્રથમ રાઉન્ડમાં શિવસેનાના ઉમેદવાર કલાબેન ડેલકરે સરસાઈ મેળવ્યા બાદ અંતિમ રાઉન્ડ સુધી આગેકૂચ જારી રાખી હતી. શરૂઆતથી ભાજપ શિવસેનાથી ખૂબજ પાછળ રહેતા આગેવાનો અને કાર્યકરોમાં એકદમ સોપો પડી ગયો હતો. મતગણતરીના તમામ રાઉન્ડમાં કલાબેન ડેલકર આગળ રહ્યા હતા. મતગણતરી પ્રક્રિયા પૂર્ણ થતાં જાહેર થયેલા પરિણામમાં કલાબેન ડેલકર (118035 મત) સામે ભાજપના મહેશ ગાંવિત (66766 મત)નો કારમો પરાજય થયો હતો.

જ્યારે કોંગ્રેસના મહેશ ધોડીને 6150 અને ભારતીય ટ્રાયબલ પાર્ટીના ગણેશ ભૂજાડાને માત્ર 1782 મત તો નોટામાં 5537 મત પડયા હતા.પ્રતિષ્ઠા અને ખરાખરીના જંગમાં મતદારોએ શિવસેનાના ઉમેદવાર કલાબેન ડેલકરને ખોબેખોબે મતો આપતા ભાજપે ભુંડી હારનો સામનો કરવો પડયો છે.

# ટ્રેનમાં યુવતીએ દુપટ્ટાથી ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

**વલસાડ**

વલસાડ રેલવે સ્ટેશન પર બુધવારે મોડી રાત્રે અમદાવાદથી આવેલી ગુજરાત ક્વીન ટ્રેનના ડી-૧૨ ના કોચમાં એક યુવતીની ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા ભારે ચકચાર મચી જવા પામી હતી. આ બનાવ અંગે જી.આર.પી પોલીસ મથકેથી મળતી વિગતો મુજબ, નવસારી ભક્તિ નગર, જલારામ બાપાના મંદિરની બાજુમાં રહેતી ૧૯ વર્ષીય માનસી શીતપ્રસાદ ગુપ્તા વડોદરાની કોલેજમાં પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતી હતી અને સાથે એક સામાજિક સંસ્થામાં ફરજ બજાવતી હતી. 5 દિવસ અગાઉ વડોદરાથી નવસારી તેના ઘરે રહેવા માટે આવી હતી. અને બુધવારે તેણે તેની માતાને જણાવ્યું હતું કે, સંસ્થાના કામ અર્થે મરોલી ખાતે જવાનું છે અને એક દિવસ ત્યાં રોકાયા બાદ પરત આવી જવાનું કહ્યું હતું. આ બાદ બીજા દિવસે માનસીનો મૃતદેહ ગુજરાત ક્વીન ટ્રેનના ડી - ૧૨ નંબરના કોચમાં મળી આવ્યો હતો.

# સુરતમાં પોપ-પોપ ગળી જવાથી ઝાડા-ઉલ્ટી બાદ બાળકનું મોત

## પોપ-પોપથી મોત થયાનો ડોક્ટરોનો ઇન્કારઃ સેમ્પલ FSLમાં

**સુરત**

શહેરના નવાગામ વિસ્તારમાં રહેતા પરપ્રાંતિય પરિવારના ૩ વર્ષના માસૂમ બાળકને ઝાડા-ઉલ્ટી થતા સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવતા તબીબોએ મૃત જાહેર કર્યો હતો. પરિવારના મત મુજબ માસૂમ પોપ-પોપ ફટાકડો ગળી ગયા બાદ તેને ઝાડા-ઉલ્ટી શરૂ થયા હતા. જો કે મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરનાર તબીબે મૃતેદહમાંથી કોઈ શંકાસ્પદ વસ્તુ મળ્યાનો ઈન્કાર કર્યો છે.

ડીંડોલી નજીકના નવાગામની લક્ષ્મી નારાયણ સોસાયટીમાં રહેતા અને સુથારી કામ કરતા રાજ શર્માના મોટા પુત્ર શૌર્ય (ઉ.વ. ૩) ને આજે સવારે અચાનક જ ઉલ્ટી થતા સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો. જયાં તબીબોએ શૌર્યને મૃત જાહેર કર્યો હતો. તબીબ સમક્ષ રાજ અને તેની પત્નીએ જણાવ્યું હતું કે શૌર્યને છેલ્લા ત્રણેક દિવસથી તાવ આવતો હતો અને ઝાડા-ઉલ્ટી થતા હતા. સ્થાનિક ડોક્ટર પાસે શૌર્યની સારવાર પણ ચાલી રહી હતી જો કે આજે સવારે અચાનક જ ઉલ્ટી થઈ હતી અને તે બેભાન થઈ ગયો હતો.

શૌર્યને જયારે ઉલ્ટી થઈ તેમાં પોપ-પોપ ફટાકડો નીકળ્યો હતો અને તેના કારણે જ તેની તબિયત વધુ બગડી હોવાનું જણાવતા તબીબો ચોંકી ગયા હતા. ઘટનાની જાણ થતા ડીંડોલી પોલીસ પણ દોડી આવી હતી. તબીબોએ શૌર્યના મૃતદેહનું પોસ્ટમોર્ટમ કર્યુ હતું જેમાં પોપ-પોપ ફટાકડા સંબંધિત એક પણ વસ્તુ મળી ન હતી અને પ્રાથમિક તબક્કે ઝાડા-ઉલ્ટીથી મોત થયાનું જણાવ્યું હતું. જો કે તેમ છતા સેમ્પલ એફએસએલમાં મોકલાવ્યા છે અને તેનો રીપોર્ટ આવ્યા બાદ મોતનું સાચું કારણ જાણી શકાશે. ઉલ્લેખનીય છે કે રાજ શર્મા મૂળ બિહારના પટના જિલ્લાનો વતની છે અને આઠ મહિના અગાઉ રોજગારીની શોધમાં પત્ની અને બે સંતાન સાથે સુરત આવ્યો હતો.







સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road, Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor & Publisher : Manoj Gandhi
Director : Nilesh Tailor
Sub Editor : Chhaya Gandhi
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)

Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# સાળંગપુર કષ્ટભંજનદેવ દાદાને 1.08 લાખથી વધુ હીરાના વાઘાનો શણગાર

**સારંગપુર**

વિશ્વ વિખ્યાત સુપ્રસિદ્ધ સાળંગપુરમાં દિવાળીના પર્વ નિમિત્તે કાળી ચૌદશના પાવન પર્વે કષ્ટભંજન દેવ હનુમાનજી દાદાને ચાંદીના 1.08 લાખથી વધુ હીરાજડિત વાઘા પહેરાવવામાં આવ્યા હતા. કષ્ટભંજનદેવ હનુમાનજીને પહેરાવવામાં આવેલ આ વાઘાનું વજન 15 કિલો જેટલું છે. સાથે જ શ્રીકષ્ટભંજનદેવના મુગટમાં 7000 અને કુંડળમાં 3000 હીરા લગાવવામાં આવ્યા છે. સાળંગપુર મંદિરના કોઠારી વિવેકસાગરદાસ સ્વામીની



દેખરેખ હેઠળ કરવામાં આવ્યું હતું. હરિપ્રકાશદાસ સ્વામીના જણાવ્યા મુજબ, વાઘામાં ચાંદીની અંદર 1 લાખ 8 હજારથી વધુ ડાયમંડ લગાડાયા છે. એક વર્ષથી આ વાઘાનું કામ અમદાવાદ અને કોલકાતામાં ચાલતું હતું. આ વાઘા 10થી 15 વખત દાદા પાસે લાવવામાં આવ્યા. જેમાં નાના-મોટા ફેરફાર પણ કરવામાં આવ્યા હતાં. વાઘા વિશેષ એટલા માટે છે કે, તેમાં 1 લાખ 8 હજારથી વધુ અમેરિકન ડાયમંડનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ઉપરાંત વાઘામાં 200 રિઅલ ડાયમંડ, 100 ગ્રામ રોડિયમ, 200 માણેક અને 200 પન્નાનું જડતર છે. આ વાઘામાં 14 કિલો ચાંદીનો ઉપયોગ થયો છે. આ વાઘાનું કુલ વજન 15 કિલો છે.

# માણાવદર પાલિકામાં ભાજપમાં ભડકો, પાંચ સભ્યના રાજીનામાં

**જૂનાગઢ**

માણાવદર પાલિકામાં દિવાળી ટાળે ભાજપમાં ભડકો જોવા મળ્યો છે. જેમાં પ્રમુખ અને ઉપ પ્રમુખો પર સંગીન આક્ષેપો કરીને 5 નગર સેવકોએ પોતાના રાજીનામાં ધરી દેતા રાજકારણ ગરમાયું છે. પ્રાપ્ત વિગતો મુજબ, વોર્ડ નંબર-1ના જેન્તીલાલ કાલરિયા, વોર્ડ નંબર-2ના સરોજબેન કણસાગરા, વોર્ડ નંબર-3ના પ્રશાંત વૈશ્વાની, વોર્ડ નંબર-4ના દિનેશભાઈ કાલરિયા, વોર્ડ નંબર-5ના કાજલબેન મારડિયાએ ભાજપના પ્રાથમિક સભ્યપદેથી રાજીનામું આપી દીધુ છે. આટલું જ નહીં, તેમના રાજીનામાંની કોપી સોશિયલ મીડિયામાં વાઈરલ થઈ રહી છે. ભાજપ સાથે છેડો ફાડનારા નગર સેવકોએ પાલિકાના પ્રમુખ અને ઉપ પ્રમુખ પર આરોપ મૂક્યો છે કે, ગ્રાન્ટની બાબતમાં યોગ્ય માહિતી આપવામાં આવતી ના હોવાથી તેઓએ રાજીનામું આપ્યું છે. આટલું જ નહીં, માહિતી માંગતા પ્રમુખ અને ઉપ પ્રમુખ હથિયારો સાથે ધમકાવતા હોવાનો આક્ષેપ કર્યો છે. તેમનો આક્ષેપ છે કે, કોરોના કાળના ખર્ચમાં ભ્રષ્ટાચાર થયો હોવાની આશંકાથી માહિતી માંગવામાં આવી હતી. જ્યારે જનરલ બોર્ડમાં સ્ત્રી સભ્યોની ગરિમા જળવાતી નહી હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે.

# જેતપુરનો સાડી ઉદ્યોગ મંદીના ભરડામાં : 40 ટકા એકમોને તાળાં

**જેતપુર**

જેતપુરનો એક માત્ર સાડી ઉદ્યોગ મંદિના ભરડામાં સપડાઈ ગયો છે. ૪૦ ટકા એકમોને તાળા લાગી ગયા છે. અને દિપાવલીના તહેવારો બાદ આ ઉદ્યોગને એક માસ બંધ રાખવાનો નિર્ણય પણ એસો. લે તેવા સંજોગોનું નિર્માણ થવા પામેલ છે. કાપડથી માંડી રો-મટરીયલ્સના ભાવમાં થયેલા વધારાના પગલે જેતપુરની સાડી ઉદ્યોગને મોટો ફટકો પડતા ઉદ્યોગકારોમાં સોપો પડી જવા પામેલ છે. અન્ય રાજયોમાં જેતપુરના પ્રિન્ટીંગ કપડાનો ભાવ વધારો મળી શકે તેમ નથી. જે ઉદ્યોગો ચાલુ છે તે મોટી નુકશાની ભોગવી રહ્યા છે.

# અમરેલીમાં 8 વર્ષે હીરાબજારમાં તેજીનો માહોલ : દરરોજ 3થી 6 કરોડનું ટર્નઓવર

## બે વર્ષ બાદ પ્રથમ વખત દિવાળીના સમયમાં કારખાનાઓ રાત સુધી ધમધમ્યાં

**અમરેલી**

અમરેલી જિલ્લામાં અગાઉ વેશ્વિક મંદી અને બાદમાં કોરોનાના કારણે સતત મંદીનો માહોલ રહ્યા બાદ છેક 8 વર્ષ પછી આ વર્ષે ફરીથી હિરાની ડિમાન્ડ વધતા તેજીનો માહોલ જોવા મળી રહ્યો છે અને દિવાળીના સમયમાં હિરાના કારખાનાઓ મોડી રાત સુધી ધમધમી રહ્યાં છે.

આ અંગેની વિગતો આપતા અમરેલી જિલ્લા ડાયમંડ એસોસિએશનના પ્રમુખ લલીતભાઈ ઠુંમરે જણાવ્યું કે, અમરેલી શહેર ઉપરાંત લાઠી, દામનગર, બાબરા, સાવરકુંડલા, વડીયા, કુંકાવાવ સહિતના વિસ્તારોમાં મુખ્યત્વે હિરાના કારખાનાઓ આવેલા છે અને જિલ્લામાં ખેતીવાડી પછી સૌથી મોટો વ્યવસાય છે. છેલ્લા આઠ વર્ષ બાદ આ વર્ષે અમરેલીની હિરા બજારમાં તેજીનો માહોલ જોવા મળી રહ્યો છે અને રોજનું 3થી 6 કરોડ જેટલું હિરાનું ટ્રાન્ઝેક્શન છે. વૈશ્વિક માર્કેટમાં હિરાની ડિમાંડ હોવાના કારણે આ વર્ષ હિરાબજારમાં તેજી છે. કોરોના પછી પ્રથમ વખત જ દિવાળીના સમયે વહેલી સવારે 6 વાગ્યાથી શરુ થઈને રાત્રીના 8 વાગ્યા સુધી હિરાના કારખાનાઓ ધમધમતા જોવા મળી રહ્યાં છે.

# મોરબીમાં ધનતેરસે 10 કરોડનાં સોના-ચાંદીનાં આભૂષણોનું વેચાણ

**મોરબી**

મોરબીની સોની બજારમાં ધનતેરસના શુભ દિવસે શુકનવતી સોના-ચાંદીની લોકોએ ખરીદી માટે પડાપડી કરી હતી અને સોની વેપારીઓને ધનતેરસ ફળી હોય એમ 10 કરોડનો વેપાર થયાનો અંદાજ છે. મોરબીમાં ગયા વર્ષ કરતા આ વર્ષે કોરોનાની સ્થિતિ એકદમ અંકુશમાં હોવાથી લોકો દિવાળીની ઉજવણીમાં કોઈ કસર છોડવા માંગતા ન હોય તેમ શોપિંગ પર તૂટી પડતા બજારો ઉભરાઈ ગઈ છે. છેલ્લા ચારેક દિવસથી ઉત્તરોત્તર કપડાં, જવેલરી, બુટ ચંપલ, ગૃહ ઉપયોગી ચીજ વસ્તુઓ, રંગોળીના કલર, મીઠાઈ, ફરસાણ, ફટાકડામાં ખરીદી જામી રહી છે.

# બગોદરા-વટામણ હાઇવે પર ગમખ્વાર અકસ્માતમાં 1 જ પરિવારના 3નાં મોત

## લીંબડીના પરિવારનો બોરસદ છોકરી જોઇ પરત આવતા અકસ્માત નડ્યો

**બગોદરા**

અમદાવાદ જિલ્લાના બગોદરા-વટામણ હાઈવે પર શનિવારે મોડી રાત્રે રાયપુર ગામ પાસે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં ત્રણનાં મોત થતાં અરેરાટી વ્યાપી છે. લીંબડીનો પરિવાર દિકરા માટે છોકરી જોવા બોરસદ ગયો હતો. કાર રોંગ સાઈડમાં પૂરઝડપે આવેલી આવી રહેલી આઈશર ટ્રક સાથે ધડાકાભેર અથડાઈ હતી. જેમાં પરિવારના બે સભ્યોનું સ્થળ પર જ મોત નિપજ્યું હતું. જ્યારે જે દિકરા માટે છોકરી જોવા ગયા હતા તેનું સારવાર દરમિયાન જ મૃત્યુ થયું હતું.

બગોદરા-વટામણ હાઈવે પર મોડી રાત્રે આઈસર ટ્રક અને સ્વીફ્ટ કારનો ગમખ્વાર અકસ્માત થયો હતો. જેમાં કારમાં સવાર નીલેશભાઈ જાદવજી સોનગરા અને નટુભાઈ મથભાઈ સાકળીયાનું ઘટના સ્થળે મોત નીપજ્યું હતું. તથા પાર્થ દિનેશભાઈ મકવાણા, દિનેશભાઈ લક્ષ્મણભાઈ મકવાણા, સોનલબેન નટુભાઈ સાકળીયાઓને ઈજા થતા હોસ્પીટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. સારવાર દરમ્યાન પાર્થ મકવાણાનું પણ મોત નીપજ્યું હતું. આમ અકસ્માતમાં કુલ ત્રણનાં મોત નીપજ્યા હતા. કાર અને ટ્રક વચ્ચેની આ ટક્કરમાં કારમાં સવાર બે લોકોને ઈજા પહોંચી હતી. અકસ્માતની જાણ કોઠ પોલીસને થતા પી.એસ.આઈ પટેલ સહીતનો સ્ટાફ ઘટના સ્થળે પહોંચી ગયો હતો. લાશનો કબ્જો લઈ ધોળકા આરોગ્ય કેન્દ્રમાં પીએમ માટે મોકલી આપવામાં આવ્યા હતા. અકસ્માતને પહલે હાઈવે પર કલાકો સુધી ભારે ટ્રાફિકજામ સર્જાઇ ગયું હતું.

# રાજકોટના રેવન્યુ ઓફિસરની નજર સામે જ પત્ની, જમાઈ, પૌત્રી ગંગામાં ડૂબી ગયાં

**રાજકોટ**

દિવાળીની રજાઓ માણવા માટે હરિદ્વારની યાત્રાએ ગયેલા રાજકોટના રેવન્યૂ ઓફિસરના પરિવાર સાથે કરૂણાંતિકા ઘટી હતી.મોરબી હાઉસ પાસે પ્રેસ કોલોનીમાં રહેતા મહેસુલી અધિકારી દિલિપભાઈ કારિયાએ ઘટેલી કરૂણાંતિક અંગે કહ્યું હતું કે, તેઓ પત્ની તરૂલતાબેન, જમાઈ અનિલ ગોસાઈ, પૌત્રી સોનલ સહિત હરિદ્વાર ગયેલા અને ત્યાંથી ઋત્રિકેશ ગયા હતા. જ્યાં સોમવારે સાંજે નિલકંઠ મહાદેવ પાસે ગંગાના પ્રવાહમાં પૌત્રી સોનલ નહાવા પડયા હતા. પણ તેના પગમા પથ્થર વાગતા તે પડી ગયા હતા અને તે જ સમયે અચાનક પાણીનો પ્રવાહ વધતા સોનલ પાણીમાં તણાવા લાગી હતી. તેને બચાવવા માટે પત્ની તરૂલતાએ ગંગામાં ઝંપલાવ્યુ હતું. પણ ભારે પ્રવાહને કારણે તેઓ પણ તણાવા લાગતા જમાઈ અનિલે પણ બંનેને બચાવવા માટે નદીમાં ઝંપલાવ્યું હતું. તેઓ પણ નદીના પ્રવાહમાં તણાયા હતા.

દિલિપભાઈએ કહ્યું હતું કે, અમે રાજકોટ ખાતે શહેર ભાજપ અગ્રણીને જાણ કરી મદદની માંગ કરતા તેમણે તંત્ર સાથે સંપર્ક કરીને કાર્યવાહી કરાવી છે. જમાઈ અનિલ કોઠારીયા સોલવન્ટ ખાતે રહે છે.

First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની
હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ

Brampton (West)
519, Ray lawson boulevard, Unit-3, Brampton ON L6Y 0N2
Chandni Chowk Plaza, ATN Wireless Board Door Open Last Unit Ours
Phone 647-761-1317, 647-657-9631
------: MON-FRI : ------ 11.00 AM to 7.00 PM
: SAT-SUN : 1.00 PM to 6.00 PM

Scarborough
WE ARE RE-OPENING
880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex,
Phone 647-761-1317 647-657-9631 905-673-9631
------: MON-THU : ------ 2.00 PM to 7.00 PM
FRIDAY WEEKLY OFF
: SAT-SUN : 11.00 AM to 6.00 PM

Mississauga
2960 Drew Road, Unit-158, Mississauga ON L4T 045
Great Punjab Plaza, Next to Malton Gurudwara.
: Phone : 905-673-9631 647-761-1317 647-657-9631
------: MON-FRI : ------ 9.30 AM to 8.00 PM

૬૪૭-૭૬૧-૧૩૧૭
www.firstflightcanada.com







હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા કલેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી
અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ,
પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news
હવે પછી નીચે મુજબના સરનામે તમામ પોસ્ટલ વ્યવહાર કરવા વિનંતી.
23 Lyric Road, Brampton ON L6S 0B4.

## મેટાવર્સમાં ટેક્નોલોજીથી વસ્તુનો સ્પર્શ અને ગંધનો પણ અહેસાસ કરી શકાશે

# મેટાવર્સ : વર્ચ્યુંઅલ-રિયાલિટી વિશ્વનો સમન્વય

વર્ષ 2018માં હોલિવૂડની સાયન્સ ફિક્શન ફિલ્મ રેડી પ્લેયર વન રીલિઝ થઈ હતી. આ ફિલ્મની પટકથા વર્ષ 2047ની છે. આજે વિશ્વ વિનાશના આરે પહોંચી ગયું છે અને માણસોના રોજીંદા જીવનમાં મશીનનું મહત્વ જ રહી ગયુ છે. આવા સંજોગોમાં વેડ વાત નામનો તે છોકરો વાસ્તવિક દુનિયામાં ગેમિંગથી લઈને સ્પેશ્યલ વીડિયો ગેમ રમવા સુધી તહેલકો મચાવી દે છે. ફિલ્મમાં એક ખાસ ગેમ દરેક વ્યક્તિને વર્ચ્યુઅલ રિયાલિટીની મદદથી નવી દુનિયા અને નવો અવતાર લેવાની શક્તિ આપે છે. આ ફિલ્મ તમને મેટાવર્સની દુનિયામાં લઈ જાય છે. મેટાવર્સ એટલે કે જે દુનિયા વાસ્તવિક નથી, પણ ટેક્નોલોજી તેને વાસ્તવિક બનાવે છે.

આ બધું વર્ચ્યુઅલ રિયાલિટી અને આર્ટિફિશ્યલ રિયાલિટીના સંયોજનથી શક્ય છે. ફેસબુકના CEO માર્ક ઝુકરબર્ગ પણ હવે આજ દીશામાં આગળ વધવાની નેમ રાખે છે. અનેક મહિનાઓથી ફેસબુક આમ તો વિવાદમાં સપડાય રહ્યુ છે. 5 ઓક્ટોબર પહેલાં ફેસબુક સાથે તેની સર્વિસ વૉટ્સએપ અને ઈન્સ્ટાગ્રામ કલાકો સુધી ડાઉન થતા કંપનીના શેર ગગડ્યા હતા. તાજેતરમાં જ એક પૂર્વ કર્મચારીએ કંપનીની પોલિસી અંગે ગંભીર ખુલાસા કર્યા હતા. ઘણાં મીડિયાએ તો ફેસબુકને 'ફેકબુક' તરીકે ઓળખવાનું શરૂ કરી દીધું હતું. ટાઈમ મેગેઝિને કવર પેજ પર ઝુકરબર્ગનો ચહેરા પર 'ડિલીટ ફેસબુક'ની ટેક્સ્ટ સાથે કેન્સલ' અથવા 'ડિલીટ'નો સંદેશો લખેલો ફોટો પ્રસિદ્ધ કર્યો હતો.

વ્હિસલબ્લોઅર અને ફેસબુકના પૂર્વ કર્મચારી ફ્રાંસેસ હોર્ગને ફેસબુક અંગે એક પછી એક ચોંકાવનારા ખુલાસા કર્યા હતા. તેણે અમેરિકન કોંગ્રેસમાં કહ્યું હતું કે, ચીન અને ઈરાન દુશ્મનોની માહિતી માટે ફેસબુકનો ઉપયોગ કરે છે. પરંતુ ફેસબુક પાસે જાસૂસી વિરુદ્ધ કામ કરતી ટીમ ઓછી છે. આ વાત અમેરિકાની સુરક્ષા માટે જોખમી છે. ફેસબુકે પૈસા કમાવવા માટે લોકોની સુરક્ષા નેવે મૂકી છે. આ બધા વિવાદો વચ્ચે આખરે ફેસબુકે નવું નામ અપનાવવાનો નિર્ણય કર્યો છે. એક અઠવાડિયા પહેલાં જ ફેસબુકે તેનું નામ બદલી 'મેટા' કરી નાખ્યું છે. હવે નામ કેમ બદલવુ પડ્યુ તેની છણાવટ કરવાથી કશુ નહીં મળે. પરંતુ મેટાવર્સથી ગ્રાહકને શુ નવું મળશે તે જાણવુ જરૂરી છે.

ફેસબુક બાકી સોશિયલ મીડિયાથી વધુ અને નવુ સોપાન સર કરવા ઈચ્છે છે. તેથી




તે નવી ટેક્નોલોજી ઉમેરવા જઈ રહ્યું છે. આ ટેક્નોલોજીને મેટાવર્સ તરીકે ઓળખવામાં આવે છે. કંપનીએ તેના મેટાવર્સ ડેવલપમેન્ટ માટે યુરોપીય યુનિયનના 10000 લોકોને નોકરી આપવાની જાહેરાત કરી છે. ફેસબુકના CEO માર્ક ઝુકરબર્ગે જણાવ્યું હતું કે, VK (વર્ચ્યુઅલ રિયાલિટી)ના વર્ષમાં એક્સપિરિયન્સ ડેવલપમેન્ટ માટે 5 વર્ષમાં મોટાપાયે ભરતી યોજાશે. આ નોકરીની તકો ફ્રાન્સ, જર્મની, આયર્લેન્ડ, ઈટલી, નેધરલેન્ડ, પોલેન્ડ અને સ્પેન સહિતના દેશોમાં સર્જાશે. આ ભરતીમાં કંપની હાઈલી સ્પેશ્યલ એન્જિનિયર્સને તક અપાશે. ફેસબુકના CEOએ ઉમેર્યુ હતુ કે, કંપની સોશિયલ મીડિયાથી આગળ વધી 'મેટાવર્સ' તરફ પ્રયાણ કરશે.

**ઓફબીટ**
**ધવલ શુક્લ**

તેમાં રિયાલિટી અને વર્ચ્યુઅલ વર્લ્ડનો સુમેળ પહેલાં કરતાં વધારે સારો રહેશે. તેનાથી મીટીંગ, આઉટિંગ, ગેમિંગ સહિતનાં અનેક કામ કરી શકાશે. અલબત્ત, આ ફેરફારો કાંઈ રાતોરાત થશે નહીં. ફેસબુકના મતે મેટાવર્સ એવી વસ્તુ નથી જે રાતોરાત તૈયાર થઈ જાય. મેટાવર્સ ડેવલપમેન્ટ માટે કેટલાક નોન પ્રોફિટ ગ્રુપ્સે આશરે 376 કરોડ રૂપિયાનું ફંડિંગ કર્યું છે. હવે તેને તૈયાર કરવામાં 10થી 15 વર્ષનો સમય લાગી શકે છે. ફેસબુક પાસે A1 અને રિયાલિટી લેબ છે. ફેસબુકની કૉર્ક આયર્લેન્ડ એક રિયાલિટી લેબ છે. તેની પાસે ફ્રાન્સમાં એક AR (ઓગ્મેન્ટેડ રિયાલિટી)ની લેબ છે. 2019માં ફેસબુકે A1 એથિકલ રિસર્ચ સેન્ટર બનાવવા માટે મ્યુનિમની ટેક્નોલોજી યુનિવર્સિટી સાથે પાર્ટનરશીપ કરી હતી.

## દુનિયાના ઉપભોગતા હવે નવી સુવિધામાં Vર હેન્ડસેટનો ઉપયોગ કરી વર્ચ્યુંઅલ એન્વાયરમેન્ટમાં ગેમિંગ સાથે વર્ક અને કોમ્યુનિકેશન પણ કરી શકશે

ફેસબુક એવી ઓનલાઈન દુનિયા તૈયાર કરી રહી છે. જ્યાં લોકો Vર હેન્ડસેટનો ઉપયોગ કરી વર્ચ્યુઅલ એન્વાયર્મેન્ટમાં ગેમિંગ તો કરી જ શકશે પણ સાથે ડે ટુ ડેનાં કાર્યોમાં વર્ક અને કમ્યુનિકેશન પણ કરી શકશે. કંપની સોશિયલ મીડિયાથી આગળ વધી મેટાવર્સ પર કામ કરશે અને એમ્બોડિડ ઈન્ટરનેટ પર ફોકસ કરશે.

ફેસબુક, ગૂગલ અને માઈક્રોસોફ્ટ જેવી દિગ્ગજ ટેક કંપનીઓએ અત્યાર સુધી જે અહેવાલો તૈયાર કર્યા છે તેના પરથી એવું તારણ કાઢવામાં આવ્યું છે કે, ટેક્નોલોજિકલ એડવાન્ટેજ ઈન્ડિસ્પેન્સેબલ છે. મેટાવર્સ આ જ કેટેગરીમાં આવે છે. આ ટેક્નોલોજીથી આપણી સમાજ, રાજનીતિ અને સંસ્કૃતિ પર ઘણી અસરો થશે. મેટાવર્સ વર્ચ્યુઅલ રિયાલિટીનું નેક્સ્ટ લેવલ છે. હાલ VRમાં જે તમારી નજર સમક્ષ નથી તમે તેને જોઈ શકો છો.

ફ્યુચરની ટેક્નોલોજી એકદમ પ્રો લેવલની હશે. મેટાવર્સમાં વસ્તુનો સ્પર્શ ઉપરાંત ગંધનો પણ અહેસાસ કરી શકાશે. ઈન્ટરનેટ આવ્યું ત્યારે કોઈને ખબર ન હતી કે, એક દિવસ દુનિયા બદલાઈ જશે. બસ, ફરી કંઈક આવું જ થવા જઈ રહ્યું છે! મેટાવર્સ કોઈને કદાચ વર્ચ્યુઅલ રિયાલિટીની સુધારેલી આવૃત્તિ જેવું લાગી શકે. પરંતુ નિષ્ણાતો માને છે કે મેટાવર્સ ઈન્ટરનેટનું ભવિષ્ય છે. મેટાવર્સ વર્ચ્યુઅલ રિયાલિટી દ્વારા સર્જવામાં આવેલું વિશ્વ હશે. જેમાં તમારો ડિજિટલ અવતાર કરશે અને કમ્પ્યુટરે સર્જેલા આ વિશ્વનો અનુભવ તમે અન્ય યૂઝર્સ સાથે કરી શકશો. ટૂંકમાં કહીએ તો 1980ના દાયકાના ભારેખમ મોબાઈલ ઈનસેટ્સનું સ્થાન આજે જે રીતે સ્માર્ટફોન્સ લીધું છે એવું જ કંઈક વર્ચ્યુઅલ રિયાલિટી અને પેટાવર્સ વચ્ચે થશે.

અત્યારે વર્ચ્યુઅલ રિયાલિટીનો વધારે ઉપયોગ ગેમિંગ માટે કરવામાં આવે છે, પરંતુ મેટાવર્સનો ઉપયોગ ડે ટુ ડે મીટિંગ્સ, ઓફિસ વર્ક કોન્ફરન્સ વગેરે, ઉપરાંત ફિલ્મો જોવા માટે અને મોજમસ્તી માટે પણ કરી શકાશે. જો કે, હજુ સુધી મેટાવર્સની કોઈ ચોક્કસ વ્યાખ્યા થઈ નથી. પરંતુ અનેકનું માનવુ છે કે, તેમાં તમારું પ્રતિનિધિત્વ કરતો તમારો નવો જ અવતાર હશે. વર્ચ્યુઅલ રિયાલિટીમાં પાછલાં કેટલાંક વર્ષોમાં વ્યાપક પરિવર્તન થયું છે. તેમાં એવા મોંઘાદાટ હેડસેટ્સ આવી ગયા છે કે વર્ચ્યુઅલ વર્લ્ડના ગેમિંગ પ્લેયરને થ્રી-ડીમાં અન્ય ખેલાડીઓ તેની બાજુમાં બેઠા હોય તેવો ભાસ થાય છે.

એવું પણ બને કે, આગામી દાયકાઓમાં સૌથી પોપ્યુલર ગેજેટ્સ ઈડસેટ્સ જ કરશે. હવે આ ટેકનોલૉજીનો મોટાપાયે ઉપયોગ શરૂ થઈ રહ્યો છે. અલબત્ત, એવું નથી કે, આ ટેક્નોલોજી ફક્ત સોશિયલ મીડિયા કે ગેમિંગમાં જ ઉપયોગી થવાની છે. NFTમાં લોકોનો રસ વધી રહ્યો છે. ત્યારે હવે વર્ચ્યુઅલ ઈકોનોમીને પણ અલગ નજરે નિહાળવામાં આવી રહી છે. 5જીના આગમન સાથે ડિજિટલ વર્લ્ડ હશે અને કનેક્ટિવિટીમાં પડતી તમામ મુશ્કેલી દૂર થઈ જશે. મેટાવર્સના સ્વરૂપ બાબતે અનેક કલ્પના થઈ રહી છે પરંતુ સોશિયલ હ્યુમન ઈન્ટરેક્શન તેનું હાર્દ હશે તે નક્કી છે.

# ગુજરાતમાં એક ક્લિક અને અધિકારી થઈ જશે હાજર

## પેપરલેસ સરકાર તરફ આગળ વધવાનો નિર્ણય : એપ્લિકેશનનું સંપૂર્ણ અમલીકરણ 25 ડિસેમ્બરથી કરવાની નેમ

**ગાંધીનગર**

ઝડપી અને સરળ વહીવટની નેમ સાથે રાજ્યની વહીવટી કાર્ય પદ્ધતિને સંપૂર્ણપણે પેપરલેસ કરવા શનિવારથી “ઈ-સરકાર” એપ્લિકેશન શરૂ થઈ હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ડિજિટલ ઈન્ડિયાના સ્વપ્નને સાકાર કરવા ઈ-સરકાર એપ્લિકેશનનો પાઈલટ પ્રોજેક્ટ શરૂ કર્યો છે. સુશાસન દિવસથી આ એપ્લિકેશનનો સંપૂર્ણપણે અમલ કરવામાં આવશે અને સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગના મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું હતું. આ એપ્લિકેશન સચિવાલયના વિભાગો, ખાતાના વડાની કચેરીઓ તથા કલેકટર- ડીડીઓ કચેરી ઉપરાંત જિલ્લા-તાલુકા કક્ષાની કચેરીઓ સુધી પણ કાર્યરત થશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ડિજિટલ ઈન્ડિયાના સ્વપ્નને સાકાર કરવા તથા રાજ્યમાં ઝડપી અને સરળ વહીવટની નેમ સાથે ગુજરાતની હાલની વહીવટી કાર્ય પદ્ધતિને સંપૂર્ણપણે પેપરલેસ કરવા આજથી “ઈ-સરકાર” એપ્લિકેશન શરૂ કરવા કરવાનો નિર્ણય રાજ્ય સરકારે કર્યો હોવાનું સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગના મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું છે. મંત્રી વાઘાણીએ ઈ-ગવર્નન્સ ઉપર ભાર મુકતા જણાવ્યું કે, આજે જ્યારે દેશ અને રાજ્યમાં સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતી નિમિત્તે એકતા



દિવસની ઉજવણી થઈ રહી છે ત્યારે સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી દ્વારા આજથી ઈ-સરકાર એપ્લિકેશનનો પાઈલટ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે. ભારતના પૂર્વ વડાપ્રધાન અટલબિહારી વાજપાઈજીની ૨૫મી ડિસેમ્બરે જન્મ જયંતિ છે અને સુશાસન દિવસ પણ છે. તે દિવસથી આ એપ્લિકેશનનો સંપૂર્ણપણે અમલ કરવામાં આવશે.

મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ આ એપ્લિકેશન સચિવાલયના વિભાગો, ખાતાના વડાની કચેરીઓ તથા કલેકટર કચેરી ડી.ડી.ઓ. કચેરી જેવી જિલ્લા કક્ષાની કચેરીઓ અને તાલુકા કક્ષાની કચેરીઓ સુધી પણ કાર્યરત થશે. મંત્રીએ ઉમેર્યું કે, ઈ-સરકાર હેઠળ આરટીઆઈ અરજી કરવી, લોક ફરિયાદ કરવી તથા મુલાકાત માટે સમય મેળવવો જેવી નાગરિકલક્ષી સેવાઓ પણ આવરી લેવામાં આવી છે. આ એપ્લિકેશનમાં નાગરિકોને તેમની કેટલીક જરૂરી વિગતો આપ્યા બાદ તેમને યુઝર આઈડી અને પાસવર્ડ ફાળવવામાં આવશે. આરટીઆઈ અંતર્ગત નિયત ફી પણ નાગરિકો ઓનલાઈન ચૂકવણી કરી શકશે. વધુમાં નાગરિકોને આ એપ્લિકેશનના ઉપયોગ માટે જરૂરી ટેક્નિકલ મદદ પણ ચેટબોટના માધ્યમથી આપવામાં આવશે.

રાજ્યમાં વર્ષ ૨૦૦૫થી IWDMS નામની એપ્લિકેશન વહીવટી કામગીરી માટે ચાલુ છે. જેમાં હવે અદ્યતન ટેકનોલોજીનો સમન્વય કરીને ઈ-સરકાર એપ્લિકેશન શરૂ કરવામાં આવી રહી છે.

# બનાસકાંઠામાં દશ તાલુકાની 41 ગ્રામ પંચાયતોને સ્વતંત્ર દરજ્જો

## થરાદ-દિયોદરની છ-છ, વાવની પાંચ પંચાયતનું વિભાજન

**પાલનપુર**

સરકાર દ્વારા બનાસકાંઠા જિલ્લાના દશ તાલુકાની ૩૧ ગ્રૂપ ગ્રામ પંચાયતો વિભાજન કરી વિવિધ ૪૧ જેટલા ગામોને સ્વતંત્ર ગ્રામ પંચાયતોનો દરજ્જો આપવામાં આવ્યો છે. બનાસકાંઠા જિલ્લામાં ગ્રામ પંચાયતોની ચૂંટણી પૂર્વે ૧૪ તાલુકા પૈકીના ૧૦ તાલુકાની ૩૧ ગ્રૂપ ગ્રામ પંચાયતોનું વિભાજન કરી વિવિધ ૪૧ ગામોને અલગ ગ્રામ પંચાયતોનો દરજ્જો આપવામાં આવ્યો છે.જેમાં વડગામ તાલુકાની ત્રણ, થરાદ અને દિયોદર તાલુકાની છ-છ, અમીરગઢ, દાંતા અને સુઈગામની એક-એક, લાખણી અને ભાભરની ત્રણ-ત્રણ, વાવ ની પાંચ તેમજ કાંકરેજની બે મળી કુલ ૩૧ ગ્રૂપ ગ્રામ પંચાયતોનું વિભાજન કરી આ ગ્રામ પંચાયતો સમાવિષ્ટ ૪૧ ગામડાઓને અલગ સ્વતંત્રત ગ્રામ પંચાયતોનો દરજ્જો આપવામાં આવતા આઝાદીના દાયકાઓ બાદ નાના ગામડાઓ ને અલગ ગ્રામ પંચાયતોનો લાભ મળતા આ ગામડા ઓનો વિકાસ થવાને લઈ લોકોમાં આનંદની લાગણી છવાઈ છે.

# અમદાવાદના ઘાટલોડિયામાં ડબલ મર્ડર લૂંટનો ઈરાદો નહીં, પોલીસ અવઢવમાં

**અમદાવાદ**

દિવાળીની આગલી સાંજે જ ઘાટલોડિયાના પારસમણિ એપાર્ટમેન્ટમાં રહેતા વૃદ્ધ દંપતિની કરપીણ હત્યામાં 24 જ કલાકમાં નવો ફણગો ફૂટયો છે. પ્રાથમિક દ્રષ્ટિએ લૂંટના ઈરાદે થયેલી હત્યાની થિયરી પર તપાસ કરી રહેલી પોલીસે જ્યારે લોહીથી લથબથ બેડરૂમ અને ઘરમાં અન્ય જગ્યાએ ચકાસણી કરી તો ઘરમાં પડેલા રોકડા રૂ.15,000 તથા મૃતક વિજયાલક્ષ્મીબહેને પહેરેલા સોનાના દાગીના સહિત ઘરમાં કોઈ જ કિંમતી વસ્તુ ગાયબ ન હોવાની હકીકત બહાર આવી છે. પરિણામે, લૂંટનો ઈરાદો પાર પાડવા હત્યા કરવામાં આવી હોવાની વાતને અત્યારે તો પોલીસને કોઈ જ પુષ્ટિ મળી નથી.

આ ઉપરાંત, પોલીસ માટે બીજો મોટો કોયડો એ પણ છે કે, આ પારસમણિ એપાર્ટમેન્ટ કે તેની આસપાસ ક્યાંય કોઈ સીસીટીવી કેમેરા ઈન્સ્ટોલ થયા નથી, હત્યાના સમયગાળાની આસપાસ આ સ્થળનું કોઈએ અકસ્માતે પણ મોબાઈલમાં રેર્કોડિંગ કર્યું હોવાનું ય પોલીસ તપાસમાં મળ્યું નથી. પરિણામે, મર્ડરનો મોટિવ નથી, હત્યારાના કોઈ સગડ નથી, તેવી હાલતમાં ઘાટલોડિયા પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચના 70 જેટલા અધિકારી-કર્મચારીઓ તપાસમાં રોકાયા હોવા છતાં હજુ સુધી અંધારામાં જ છે.

એક સગડ કે લોજિકલ થિયરી એ છે કે, જે પ્રકારે દયાનંદભાઈ અને વિજયાલક્ષ્મીબહેનના ગળે એક જ જીવલેણ ઘા કરવામાં આવ્યો તે સુચવે છે કે, હત્યારા પ્રોફેશનલ હોવા જોઈએ. અને દંપતિના મૃત્યુનો અંદાજિત સમય જોતાં બંનેની લગભગ એકસાથે જ હત્યા થઈ હોવાનું જણાતું હોવાથી ઘરમાં બે હત્યારા ઘૂસ્યા હોવાનું પણ માનવામાં આવી રહ્યું છે.

# કોંગ્રેસ કોઈ પણ ભોગે ‘મિસકોલ’વાળી પાર્ટી નથી બનવા માંગતી: અમિત ચાવડા

**ગાંધીનગર**

ઑલ ઈન્ડિયા કૉંગ્રેસ કમિટીની ચૂંટણીઓ જાહેર થવાની સાથે જ સમગ્ર ભારતમાં કોંગ્રેસ પાર્ટીએ મેમ્બરશીપ ડ્રાઈવ શરૂ કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે 1 નવેમ્બરથી 31 માર્ચ, 2022 સુધી ગુજરાત કોંગ્રેસ સભ્યપદ નોંધણી ઝૂંબેશ ચલાવવામાં આવી રહી છે. 31મી ઓક્ટોબરે ગુજરાત કોંગ્રેસના પ્રભારી ડૉ રઘુ શર્માએ આ સદસ્યતા અભિયાન લૉન્ચ કર્યું હતું.

કોંગ્રેસના આ સદસ્યતા અભિયાનમાં બે મહત્ત્વના લક્ષ્યાંકો નક્કી કરવામાં આવ્યા છે. જે મુજબ 50 ટકા



મહિલાઓને અભિયાન થકી સદસ્ય બનાવવામાં આવશે. આ સિવાય મતદાર યાદીના પેજ દીઠ ઓછામાં ઓછા એક સભ્યને કોંગ્રેસના સદસ્ય બનાવવા તેમજ એક બૂથ પરથી ઓછામાં ઓછા 25 સભ્યોને કોંગ્રેસના સદસ્યો બનાવવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે. આ અંગે માહિતી આપતાં ગુજરાત કોંગ્રેસના પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યું કે, કોંગ્રેસ ભાજપની જેમ મિસકૉલ પાર્ટી નહીં બની રહે, પરંતુ ઘરે-ઘરે પહોંચીને સભ્યો બનાવવામાં આવશે. જેમાં સરકારની નિષ્ફળતા ઉજાગર કરવાની સાથે જ જન જાગરણ અભિયાન પણ ચલાવવામાં આવશે. જેમાં આગામી 14 થી 29 નવેમ્બર સુધી મોંઘવારી, બેરોજગારી, ભ્રષ્ટાચાર, ખેડૂતોના મુદ્દે પદયાત્રા, ધરણાં, વિરોધ પ્રદર્શન જેવા કાર્યક્રમો યોજવામાં આવશે.

# PR અટકવાના કેસમાં દૂતાવાસ સત્વરે કાર્યવાહી કરે : હાઇકોર્ટ

## પોલીસની બેદરકારીના કારણે ક્લીયરન્સ નહોતું મળ્યું

**અમદાવાદ**

ગાંધીનગર જિલ્લાની એક મહિલાએ ગુજરાત હાઈકોર્ટમાં રિટ દ્વારા આક્ષેપ કર્યો છે કે પોલી બેદરકારીના કારણે ́ક્લીઅરન્સ સર્ટિફિકેટ ન મળતા કેનેડાના પી.આર. (પરમેનેન્ટ રેસિડેન્સી) મળી રહ્યા નથી. કોર્ટે આ અંગે રિજનલ પાસપોર્ટ ઓફિસ અને કેનેડા સ્િથત ભારતીય દૂતાવાસને 15 દિવસમાં કાર્યવાહી કરી નિર્ણય કરવા આદેશ આપ્યો છે.

હાઈકોર્ટ સમક્ષ મહિલાની રજૂઆત હતી કે 2016થી કેનેડામાં રહે છે અને હવે તેને ત્યાંના પી.આર. મળે તેમ છે. જેના માટે તેણે ગાંધીનગરના સ્થાનિક પોલીસનું વેરિફિકેશન સર્ટિફિકેટ અને ક્લીઅરન્સ સર્ટિફિકેટ જરૂરી છે.

તેણે જ્યારે વેરિફિકેશન માટે પોલીસ સ્ટેશનમાં અરજી કરી હતી ત્યારે સાસરિયાએઓ વેરિફિકેશનની કામગીરી સામે અરજી કરી હતી. કોઈ ક્રિમીનલ રેકોર્ડ ન હોવા છતાં તેને વેરિફિકેશન સર્ટિ અપાયું નહોતું. અંતે મહિલાએ હાઈકોર્ટમાં અરજી કરી ત્યારબાદ વેરિફિકેશન સર્ટિ અપાયું હતું. હવે ફરી પોલીસ ક્લીરન્સ સર્ટિફિકેટ આપવામાં બેદરકારી કરી રહી છે.

# 2020માં સુધારો પામેલા APMC એક્ટની નવી જોગવાઈ સામે પિટિશન

**અમદાવાદ**

અમદાવાદ : એ.પી.એમ.સી. એક્ટમાં કેટલીક નવી જોગવાઈઓ સામે ગુજરાત હાઈકોર્ટમં પિટિશન કરવામાં આવી છે. જેની સુનાવણી દિવાળીની રજાઓ બાદ હાથ ધરવામાં આવે તેવી શક્યતા છે. અરજદારે રજૂઆત કરી છે કે સુધારેલી જોગવાઈઓ પ્રમાણે પ્રમુખ કે ઉપપ્રમુખ બે ટર્મ સુધી જ પદ પર રહી શકે છે. ત્યારબાદ તેને પ્રમુખ કે ઉપપ્રમુખ તરીકે ચૂંટાવું હોય તો બે ટર્મ સુધી રાહ જોવી પડે છે. આ ઉપરાંત અત્યાર સુધી એ.પી.એમ.સી.ની મુખ્ય આવકનો સ્રોત સેસ હતો અને હવે સેસ ઉઘરાવવાની સત્તાની પણ નાબૂદી કરાઈ છે. તેથી જોગવાઈઓ પર સ્ટે ફરમાવવો જોઈએ.

# રાજસ્થાન સેવા સમિતિના ચૂંટણી જંગમાં ગણપત ચૌધરીનો પરાજય

**અમદાવાદ**

રાજસ્થાન સેવા સમિતિની ચૂંટણીમાં પી.આર. કાંકરિયાના વડપણ હેઠળની એકતા પેનલના તમામ ૧૬ સભ્યો ચૂંટાઈ આવ્યા છે. કુલ ૧૫૨૯ મતદારોમાંથી ૧૨૧૮ મતદારોએ મતદાન કર્યું હતું. બીજીતરફ માત્ર ડોનેશન આપવાની જાહેરાત કરીને નાણાં ન આપનાર ગણપત ચૌધરીની સંસ્કાર પેનલના તમામ ૧૬ સભ્યોને શરમજનક પરાજય થયો છે. ગણપત ચૌધરીને વફાદાર ચૂંટણી અધિકારીએ પ્રોક્સીના વિવાદમાં કેવાયસીને નામે એકતા પેનલના પ્રોક્સી વૉટ રદ કરી દઈને તેમને પરાજિત કરવાનો અપનાવેલો વ્યૂહ નાકામિયાબ રહ્યો હતો.

એકતા પેનલના તમામ ઉમેદવારોને ૫૮૦થી વધુ મત મળ્યાા છે. પરાજિત થયેલી સંસ્કાર પેનલના ઉમેદવારોને ૫૧૦થી ૫૫૦ની રેન્જમાં મત મળ્યા છે. કુલ પડેલા ૧૨૧૮માંથી ૩૧૦થી વધુ મત માત્ર ન્યુક્લોથ માર્કેટ સાથે સંકલાયેલા વેપારીઓના હતા. આ વેપારીઓના મત પી.આર. કાંકરિયાની તરફેણમાં કરવામાં મસ્કતી કાપડ મહાજનના ગૌરાંગ ભગતે પણ મહત્વની ભૂમિકા ભજવી હતી.

# તજજ્ઞોની કમિટીના નિર્ણય આધારે ધોરણ 1થી 5 સુધીના વર્ગ શરૂ કરાશે

**અમદવાદ**

અમદાવાદ : ગુજરાતમાં કોરોનાના કેસો નહીવત છે ત્યારે ધો.1થી પના વર્ગો શરૂ કરવા શિક્ષણ વિભાગે કવાયત શરૂ કરી છે. જોકે, શિક્ષણ વિભાગે આ મુદ્દે તજજ્ઞોની એક કમિટી નિમવા નક્કી કર્યુ છે. કમિટીની ભલામણ બાદ શિક્ષણ વિભાગ આ મામલે આખરી નિર્ણય કરશે. અગાઉ કોરોનાના લીધે જ ધો.1થી પના વિદ્યાર્થીઓને માસ પ્રમોશન અપાયુ હતું. હવે જો દિવાળી બાદ વર્ગ શરૂ કરવામાં ન આવે તો ફરીથી માસ પ્રમોશન આપવુ પડે તેમ છે. રાજ્ય શિક્ષણ વિભાગ આ વખતે માસ પ્રમોશન આપવાના મતમાં નથી. સૂત્રોના જણાવ્યા મુજબ વિદ્યાર્થીઓ શાળામાં જઈ અભ્યાસ કરે તેવા શિક્ષણ વિભાગના પ્રયાસો જારી છે.



## અમાયરા દસ્તુરે વન પીસમાં ફોટો શુટ કરાવ્યું

અમાયરા દસ્તુર બોલિવૂડની એવી અભિનેત્રીઓ પૈકી છેજે સોશિયલ મીડિયાનો ખૂબ ઉપયોગ કરે છે. અમાયરા અવાર-નવાર પોતાના ઇન્સ્ટાગ્રામ અને ટ્વિટર પર ગ્લેમરસ ફોટોશૂટની તસવરો શેર કરતી હોય છે. અમાયરાએ પોતાના ઇન્સ્ટાગ્રામ પરથી કેટલીક તસવીરો શેર કરી હતી. જેમાં તે બ્લેક લેધર વન પીસમાં ગ્લેમરસ પોઝ આપી રહી છે. સોશિયલ મીડિયા યૂઝર્સને પણ અમાયારાનું આ હોટ ફોટોશૂટ ખૂબ પસંદ આવી રહ્યુ છે. જેના કારણે અમાયારની હોટ તસવીરોને અત્યાર સુધીમાં લાખોમાં લાઇક્સ મળ્યાં છે.

સ્વદેશ



## કંગના, કરણ જોહર, એકતા કપૂર અને અદનાન સામી પદ્મશ્રીથી સમ્માનિત થશે



મુંબઈ : ભારત સરકારે પદ્મશ્રી પુરસ્કારોની ઘોષણા ગયા વરસે કરી હતી. જેમાં ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાંથી કંગના રનૌત, એકતા કપૂર, કરણ જોહર, અદનાન સામી અને સુરેશ વાડેકરના નામ હતા.હવે આ એવોર્ડ સમારંભ નવી દિલ્હીના રાષ્ટ્પતિ ભવનમાં ૮ નવેમ્બરના રોજ યોજવામાં આવશે. આ એક સરકારી ફંકશન હોવાથી દરેક એવોર્ડ વિજેતાઓને આમંત્રણ પત્રિકા મોકલી આપવામાં આવી છે. આ પ્રસંગે એકતા કપૂર સાથે તેના પિતા અને અભિનેતા જીતેન્દ્ર સાથે રહેવાના છે. કંગના રનૌત સાથે તેના પરિવારમાંથી કોઈ આવવાનું છે કે નહીં તેની જાણકારી પ્રાપ્ત થઈ નથી. એવોર્ડસની જાહેરાત પછી કંગના, કરણ અને એકતાએ પોતાની ખુશી વિનમ્રતાથી જાહેર કરી હતી. કંગનાએ એક વીડિયો શેર કરીને ભારત સરકારનો આભાર માન્યો હતો. કરણ જોહર બોલીવૂડમાં છેલ્લા ૨૩ વરસોથી સક્રિય છે તેમજ એકથી એક ચડિયાતી ફિલ્મો આપી છે.

## સોનાક્ષી સિંહા આજે પણ પોતાને સિંગલ ગણાવે છે



મુંબઈ : સોનાક્ષી સિંહાએ ટેલિવિઝન પરના એક રિયાલિટી શોમા પોતે આજે પણ સિંગલ હોવાનું જણાવ્યું હતું. તેમજ તે પોતાના મનના માણીગર પાસે શું અપેક્ષા રાખે છે તેમ પણ તેને પુછવામાં આવ્યું હતું. સોનાક્ષીએ પોતાને આજે પણ સિંગલ હોવાનું કહ્યું હતું. તેમજ તેણે સાથેસાથે પોતાના શમણાંના રાજકુમારનું પણ વર્ણન કર્યુ હતું. તેણે કહ્યું હતું કે, મને એવો પુરુષ પતિ તરીકે જોઈએ છીએ જે, ઈમાનદાર હોય, લાંબો હોય તેમજ સાફ દિલવાલો હોય. સોનાક્ષી પોતાની સઘળી કમાણી પોતાના પેરન્ટસને આપી દેતી હોવાનું પણ જણાવ્યું હતું. તેણે કહ્યુ હતુ કે, મારા અંગત જીવનમાં મારા માતા-પિતાનું મહત્વ બહુ છે. સોનાક્ષીએ પોતાની કારકિર્દીની શરૂઆત સલમાન ખાનની દબંગ ફિલ્મથી કરી હતી. આ પછી તેણે રાઉડી રાઠોડ, દબંગ ટુ, લુટેરા, બુલેટ રાજા, હોલીડે, તેવર, અકીરા, કલંક, ખાનદાની શફાખાન, દબંગ ૩, મિશન મંગલ જેવી ફિલ્મોમાં કામ કર્યું છે.જોકે તે બોલીવૂડમાં પોતાનું સ્થાન જમાવી શકી નથી.








દીપાવલી ની શુભકામના અને નૂતન વર્ષાભિનંદન
Alankar Donde
Amanjot Singh Dhesi
Amit Narang
Anurag Batra
Anurag Gautam
Bala Shah
Bharat Batra
Bharat Sharma
Chandresh Brahmbhatt
Chau Minh Thanh Le
Dhaval Patel
Gurbachan Singh Monga
Gurdish Thind
Harold Benson Dcosta
Janak Sharma
Jevin Shah
Khaterah Ebadi
Manisha Raghi
Manisha Raghuvanshi
Manpreet Khurana
Mukesh Chouhan
Nilesh Tailor
Parminder Singh
Parmjit Purba
Pranay Jani
Raj Bakshi
Rajeev Arora
Rakesh Patel
Sanchit Puri
Sandeep Prabhakar
Sanjeev Saluja
Sarika Seth
Shishupal Sinh Chauhan
Sonia Singh
Suman Shahi
Tej Hamroll
Toral Parekh
Tsewang Tobgyal
Upendra Trivedi
Vijay Rana
Vishal Sood
Rahul Juthani
Shubh Dipawali
MD
MORTGAGE DILIGENT
A STEP AHEAD
FSRA# 10252
www.mortgagediligent.com
Rajesh Khurana


SHUBH DIPAWALI
દીપાવલી ની શુભકામના
અને નૂતન વર્ષાભિનંદન
BHAGAT DHULL
CHAU MINH THANH LE
HARIT GABA
HIMANSHU & ANSHU BATTA
RAJIV ARORA
SANPREET PUTIANI
ZIVASA
Realty Inc., Brokerage
www.zivasa.com
Rajesh Khurana



# અયોધ્યામાં દિવાળી : રામ કી પૈડી ઘાટ પર લેસર લાઈટિંગનો ઝગમગાટ





અયોધ્યામાં દિવાળીની પૂર્વ સંધ્યાએ જ યોગી આદિત્યનાથ સરકાર દ્વારા ભગવાન શ્રી રામની યાદમાં ભવ્ય દિવાળી ઉજવવામાં આવી હતી. સમગ્ર અયોધ્યાવાસીઓ, યુપી વાસીઓ અને દેશવાસીઓ આ ઉજવણીમાં જોડાયા હતા. સરયૂના ઘાટ ઉપર અને સમગ્ર અયોધ્યામા 36 હજાર લિટર સરસિયાની મદદથી 12 લાખ જેટલાં દીવા પ્રજ્વલિત કરવામાં આવ્યા હતા. અયોધ્યામાં દીપોત્સવ સતત પાંચમા વર્ષે યોજાઈ રહ્યો છે. રામ કથા પાર્કમાં શિલ્પ બજારના ઉદ્ઘાટન સાથે ઉજવણીની શરૂઆત થઈ હતી. અયોધ્યામાં ઘાટ ઉજવણીનું મુખ્ય સ્થળ છે. દિવાળીની પૂર્વ સંધ્યાએ નવ લાખ માટીના દીવાઓથી રોશની કરાઈ હતી. નાગપુરની વાટકર બહેનો, ભાગ્યશ્રી અને ધનશ્રીએ ઉદઘાટનના દિવસે રામાયણના વિવિધ પ્રસંગોની સંગીતમય પ્રસ્તુતિ રજઆત કરી હતી. ત્યારબાદ લખનૌની ઈશા રતન અને મીશા રતન દ્વારા કથ્થક પ્રસ્તુતિ કરવામાં આવ્યું હતું.





# AbstractEmu માલવેર

એક નવા પ્રકારના માલવેરને મોબાઈલ ડિવાઈસમાં હાની કરતાં માલવેર સાથે જોડીને નવો માલવેર પ્રસરી રહ્યો છે. જે મોબાઈલમાં હાની પોહચાડવાની સાથે રૂટ કરવાની પણ ક્ષમતા ધરાવે છે. જે મોબાઈલ પર સંપૂર્ણ નિયંત્રણ લઈ લે છે.

કોડ એબ્સ્ટ્રેક્શનના ઉપયોગને કારણે અને ફક્ત એપ્સ ખોલવા માત્રથી આ માલવેર મોબાઈલમાં એક્ટીવ થઈ જાય છે. જે એન્ડ્રોઈડ ડિવાઈસમાં રહેલ એન્ટિ-ઈમ્યુલેશન પ્રક્રિયાને પણ બાયપાસ કરે છે. જેથી તેનુ નામ AbstractEmu રાખવામાં આવ્યું છે. આ માલવેર બનાવનાર હેકરનો ટાર્ગેટ આ માલવેર એટેક ગ્લોબલી ડિવાઈસીસ એટલે કે દુનિયાના તમામ સ્માર્ટફોન પર કરવાનો છે.



લુકઆઉટ થ્રેટ લેબ્સે જણાવ્યું હતું કે તેને કુલ 19 એન્ડ્રોઈડ એપ્લિકેશન મળી છે જે યુટિલિટી એપ્સ અને સિસ્ટમ ટૂલ્સ જેવા કે પાસવર્ડ મેનેજર, મની મેનેજર, એપ લોન્ચર્સ અને ડેટા સેવિંગ એપ્સ તરીકે સેવા આપે છે. આ બધી એપ્લીકેશન રૂટિંગ કાર્યક્ષમતા ધરાવે છે. લાઈટ લૉન્ચર તરીકે ઓળખાતી એપ્લીકેશન માલવેર ધરાવતી હોવાથી તેને પ્લેસ્ટોર પરથી હટાવવામાં આવી પરતું તે પહેલા આ એપ્લીકેશન 10,000 થી વધુ વખત ડાઉનલોડ થઈ ચુકી હતી.

માલવેર ધરાવતી એપ્લીકેશન મોટે ભાગે પ્લેસ્ટોર સિવાય અન્ય થર્ડ પાર્ટી સ્ટોર જેવા કે એમેઝોન એપસ્ટોર, સેમસંગ ગેલેક્ષી સ્ટોર, એપટોઈડ અને એપીકે પ્યોર દ્વારા વિતરિત કરી હેકર દ્વારા ખુબ પ્રચલિત કરવામાં આવે છે જેથી તેઓ વધુ યુઝર્સને આકર્ષી શકે.

આવી એપ્સ યુઝર્સની પરમીશન વિના કોન્ટેક, કોલ લોગ, SMS, GPS, કેમેરા તથા માઈક્રોફોનના એક્સેસ લે છે. આ માલવેર ધરાવતી એપ્લીકેશન સ્માર્ટ ડિવાઈસના સેટિંગ્સમાં પણ ફેરફાર કરે છે. આ રીતે ડિવાઈસમાં માલવેર ઈન્સ્ટોલ થઈ રૂટ થયા બાદ ફરી તેને મૂળરૂપમાં લાવવો ખુબ જ કઠીન છે.

એન્ડ્રોઈડ ડિવાઈસ ને રૂટ કરવું અને iOS ડિવાઈસને જેલ-બ્રેક કરવું સંપૂર્ણપણે ગેરકાયદેસર પ્રક્રિયા છે. જેનો મોટેભાગે સાયબર ક્રાઈમ કરવા અથવા ગેરલાભ લેવા માટે જ થાય છે.

@beinghumanmj

**કવયિત્રી : હિના મોદી**
**શીર્ષક : હીંચકો**

મારા ઘરે
ઓટલે એક હીંચકો -
જાણે કે , 'મા નો ખોળો'.
એના ખોળે બેસી
અનેકવિધ લાગણીઓની વાત કરતી જાઉં,
હીંચકે ઝૂલતી જાઉં, આકાશને નિરખતી જાઉં.
મારે મન આકાશની છાયા
જાણે કે, પિતાની માયા.
ક્યારેક હસું ...
ક્યારેક રડું...
પેટ છૂટી બધી વાતો કરું...
વાદળો સાથે ગોષ્ઠી કરતી જાઉં,
તારાઓ સાથે સ્વજન મળ્યાનો આનંદ લેતી જાઉં.
આજે -
હીંચકો તૂટી ગયો,
'મા નો ખોળો' ફરી છીનવાય ગયો!
સંકેલાઈ ગયાં એક સામટાં બધાં જ સગપણ !
અને,
હું ફરીથી થઈ ગઈ સાવ અનાથ !

# એકતા કપૂરની દિવાળી પાર્ટીમાં સ્ટાર્સનો મેળાવડો











દર વર્ષની જેમ આ વખતે પણ એકતા કપૂરે દિવાળી પાર્ટીનું આયોજન કર્યું હતું. આ દિવાળી પાર્ટીમાં બોલિવૂડ અને ટીવી જગતના ઘણા પ્રખ્યાત ચહેરાઓ પહોંચ્યા હતા. એકતાએ આ દિવાળી પાર્ટી જુહુ સ્થિત તેના કૃષ્ણા બંગલામાં રાખી હતી. આ ખાસ અવસર પર એકતા કપૂર બ્લેક અને પિંક કલરનો ભારતીય ડ્રેસ પહેરેલી જોવા મળી હતી. એકતા કપૂરની આ દિવાળી પાર્ટીમાં બોલિવૂડના સુપરસ્ટાર સલમાન ખાન, જાણીતી ટીવી અભિનેત્રી કરિશ્મા તન્ના, મૌની રોય, ટીવી એક્ટ્રેસ ઉર્વશી ધોળકિયા ઉપરાંત કાર્તિક આર્યન અને તુષાર કપૂરે પણ એકતા કપૂરની દિવાળી પાર્ટીમાં હાજરી આપી હતી. આ પાર્ટીની સુંદરતા હિના ખાન હતી. પાર્ટીમાં હિના પહોંચતા જ બધાની નજર તેના પર હતી.


Wish you all a very
Happy
Diwali
&
Prosperous New Year
Committed to Providing Industry Leading Service and Results
Residential, Commercial, & Investment Properties
Free Market Evaluation
Buy, Sell, & Lease with
HOMELIFE
HIGHER STANDARDS
HomeLife Miracle
Realty Ltd., Brokerage
Rahul Patel (Realtor)
Call: (416)666-6286
realtorrahul4u@gmail.com
www.realtorrahul4u.com

# ગુજરાત રાજ્યમાં 571 પોલીસ કર્મી સામે શિસ્તભંગની કાર્યવાહી કરાઈ : 19 ફરિયાદ

અમદાવાદ : ગ્રેડ પેના મામલે રાજ્યમાં શરૂ થયેલા આંદોલન બાદ સરકારે પ્રશ્નોનાના નિરાકરણ માટે ખાસ કમિટીની રચના કરીને તમામ પ્રશ્નોના યોગ્ય નિરાકરણની ખાતરી આપી હતી. આ સાથે રાજ્ય પોલીસ વડા આશિષ ભાટીયાએ સુચના આપી હતી કે કોઈપણ પોલીસ કર્મચારીઓ પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ રીતે આંદોલન કરશે તો કાર્યવાહી કરવામાં આવશે.

કેટલાંક પોલીસ કર્મચારીઓ સોશિયલ મિડીયા પર ગ્રેડ પે મામલે પ્રશ્નો ઉઠાવતા હોવાનું બહાર આવ્યું છે. જેમાં અત્યાર સુધીમાં કુલ 571 પોલીસ કર્મચારીઓ પર કાર્યવાહી થઈ છે. તો આ સંદર્ભમાં થયેલી ફરિયાદની સંખ્યા 19 પર પહોંચી છે. ગુજરાતમાં થોડા દિવસ પહેલા પોલીસ કર્મચારીઓએ ગ્રેડ પેની જુની માંગણી સંદર્ભમાં આંદોલન શરૂ કર્યું હતું. જો કે આંદોલનના ત્રણ દિવસ બાદ રાજ્ય સરકારે પોલીસ પરિવાર સાથે મિટીંગ કરીને તમામ પ્રશ્નોના નિરાકરણની ખાતરી આપીને પાંચ સભ્યોની કમિટીની રચના કરી હતી. આ સમયે રાજ્ય પોલીસ વડા આશિષ ભાટીયાએ તમામ પોલીસ કર્મીઓને ખાસ તાકીદ કરી હતી કે આંદોલનના પ્રશ્નોના નિરાકરણ ખાતરી બાદ પોલીસ કર્મચારીઓ જો સોશિયલ મિડીયાની મદદથી કે અન્ય કોઇ પણ રીતે આંદોલન ચલાવશે તો તેમના સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

# સબંધીના બે પુત્રોના દુષ્કર્મથી સગીરા ગર્ભવતી, પુત્રનો જન્મ

**રાજકોટ**

મોરબી રોડ પર રહેતા મુળ ભાવનગરના પરિવારની ૧૬ વર્ષીય સગીરાને પેટમાં દુખાવો થતા પરિવાર તેને લઈને રાજકોટ સિવિલ હોસ્પિટલના ઈમરજન્સી વોર્ડમાં દાખલ કરાઈ હતી. જો કે તબીબોને આશંકા જતા તેમણે ચેકિંગ કર્યું તો તરૂણી ગર્ભવતી હોવાનું સામે આવ્યું હતું. આ જાણ પરિવારને કરાતા પરિવાર પણ થોડા સમય માટે અચંબિત થઈ ગયો હતો. જો કે સગીરાને તત્કાલ ડિલિવરી કરાવવી પડે તેમ હોવાથી તત્કાલ ડિલિવરી કરાવી હતી. તરૂણીએ બાળકને જન્મ આપ્યો હતો. ઘટના બાદ સગીરાએ જણાવ્યું કે, ગત્ત માર્ચ દરમિયાન તે પોતાના પોરબંદર ખાતે સંબંધિના ઘરે ગઈ હતી. અહીં મહિલાના પરિચિતના પુત્રએ સગીરા પર વારંવાર દુષ્કર્મ આચર્યું હતું. જો કે સગીરાએ બાદમાં જણાવ્યું કે, સંબંધીના બે પુત્રો છે બંન્નેએ વારંવાર તેના પર દુષ્કર્મ આચર્યું હતું. સગીરાના પિતા ઈમેટેશન જ્વેલરીના કારખાનામાં કામ કરે છે.

# રાજકોટમાં પૂર્વ ડે.મેયર અને વકીલના આશ્રય સ્થાને દરોડા

**રાજકોટ**

રાજકોટ જિલ્લા પંચાયતનાં પ્રમુખ ભુપતભાઈ બોદરનાં બનેવી અને એડવોકેટ એવા જેન્તીભાઈ ઠુંમ્મર (ઉ.વ.૬૫)એ ત્રણેય દિવસ પહેલા ફિનાઈલ પી લીધા બાદ પુર્વ ડે. મેયર અશ્વીન મોલીયા સહિત ૧૧ સામે છેતરપીંડી સહિતની કલમ હેઠળ ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો દાખલ કરી ત્રણ આરોપીને પકડી લીધા હતાં. જયારે પોલીસે ફરાર પૂર્વ ડે. મેયર સહિતનાં આરોપીઓને પકડવા તેના રહેણાંક મકાન અને આશ્રય સ્થાનોએ દરોડા પાડયા હતાં. રૈયા રોડ પરના વિમાનગરમાં રહેતા એડવોકેટ જેન્તીભાઈ ઠુંમ્મર એ ત્રણેય દિવસ પહેલા ફિનાઈલ ગટગટાવી લીધા બાદ તેની ફરીયાદ પરથી બી.ડીવીઝન પોલીસે પુર્વ ડે.મેયર અશ્વીન મોલીયા, તેના પુત્ર નિરવ, મનસુખ પીપળીયા, સંજય દુધાત્રા, ચિરાગ પરસાણા, જગદીશ લીંબાસીયા, ભરત તળાવીયા, રમેશ શિગાળા, વિજય રૈયાણી, ભરત રાદડીયા, હસમુખ કેરાળીયા સામે છેતરપીંડી, ગાળો ભાંડવી અને ધમકી આપવા સહિતની કલમ હેઠળ ગુનો દાખલ કરી 3ની અટક કરી કોર્ટમાં રજુ કરતાં બે દિવસનાં રિમાન્ડ મળ્યા હતા. રીમાન્ડ પુર્ણ થતા ત્રણેયને જેલ હવાલે કરવાનો હુકમ કર્યો હતો. બીજી તરફ આ ગુનામાં ફરાર અશ્વીન મોલીયા સહિતના આરોપીઓને પકડવા માટે બી.ડીવીઝન પોલીસના પી.આઈ. ઔસુરા સહિતનાં સ્ટાફે તેના રહેણાંક મકાન અને આશ્રય સ્થાનોએ દરોડા પાડયા હતા જો કે કોઈ હાથ લાગ્યું ન હતું.

# ગુજરાતનાં સિનેમા ઉધોગમાં દિવાળીએ રોનક, નવી ફિલ્મો રિલીઝ થતાં ઉત્સાહ

## સરકારે 100 ટકા ક્ષમતાની છૂટ આપી છતાં અસર નથી, મહારાષ્ટ્રમાં થીયેટરો ખુલ્યા

**રાજકોટ**

કોરોના કાળનાં આશરે પોણા બે વર્ષથી આર્થિક સંકટનો સામનો કરી રહેલા સૌરાષ્ટ્ર - ગુજરાતનાં સિનેમા ઉધોગમાં અંતે આ દિવાળીએ ફરી રોનક જોવા મળી રહી છે. કોરોના કાળમાં આર્થિક બોજને કારણે ૫૦ ટકા સિનેમાને તાળા મારી દેવામાં આવ્યા છે હવે આ દિવાળીનાં તહેવારો પર નવા હિન્દી ફિલ્મો રિલીઝ થઈ રહયા હોય સિનેમા ઉધોગ ફરી ધમધમશે તેવી નવા વર્ષમાં સંચાલકો આશા સેવી રહયા છે. રાજય સરકારે સિનેમામાં હવે ૧૦૦ ટકા ક્ષમતાએ ચલાવવાની છૂટ આપી દીધી છે પરંતુ તેની કોઈ અસર સિનેમા ઉધોગ પર જોવા મળી રહી નથી કારણ કે ૬૦ ટકા ક્ષમતાએ સિનેમા ચલાવવાની છૂટ હતી ત્યારે પણ માત્ર ૨૫ થી ૩૦ ટકા સીટો જ ભરાતી હતી. રાજકોટમાં બે સિંગલ સ્ક્રીન સિનેમા અને ત્રણ મલ્ટીપ્લેકસ થીયેટરો હાલ ચાલે છે. ગુજરાતનાં સિનેમા ઉધોગ સાથે દાયકાઓથી સંકળાયેલા સંચાલકોએ જણાંવ્યુ હતું કે કોરોના કાળમાં ખોટ



સહન કરીને સિનેમાઓ ચાલુ રાખ્યા છે કેટલાક સ્ટાફને છૂટો કરાયો તો કેટલાક ખર્ચામાં કાપ મુકીને મહામહેનતે સિનેમા - મલ્ટીપ્લેકસ થીયેટરો ચાલુ રખાયા છે. સરકાર તરફથી કોઈ ખાસ સહાય પેકેજ મળ્યુ નથી. દરમિયાન હવે મહારાષ્ટ્રમાં ગત તા. ૨૨ મી ઓકટોબરથી સિનેમાં ખોલવા છૂટ સરકારે આપી દેતા તેની અસર સિનેમા ઉધોગ પર જોવા મળી રહી છે

# કેનેડા જવાનું કહી પતિ ઘર છોડીને જતો રહ્યો, સાસરિયાએ પરિણિતાને કાઢી મૂકી

**અમદાવાદ**

નરોડામાં રહેતી પરિણિતાએ દિલ્હીમાં બીજી વખત લગ્ન કર્યા હતા. લગ્નના બે મહિના સુધી સારી રીતે રાખવામાં આવ્યા બાદ તારા મોબાઈલમાં કોઈક ત્રાહિત વ્યકિતને ફોટા છે તેવી શંકા સેવીને સાસરિયા દ્વારા તેને માનસિક શારિરીક ત્રાસ આપતા હતા. વર્ષ પહેલા પતિ મહિલાને છોડીને જતા રહેતા સાસરીયાએ મહિલાને માર મારીને કાઢી મૂકી હતી.

નવા નરોડામાં નિકોલ રોડ ઉપર શ્રીનાથ પાર્ટી પ્લોટ પાસે નંદનબાગ સોસાયટીમાં રહેતા રૂચીબહેન અંકુરભાઈ ગુપ્તા (ઉ.વ.૨૪)એ નિકોલ પોલીસ સ્ટેશનમાં દિલ્હી ખાતે રહેતા પતિ અંકુરભાઈ સુભાષભાઈ ગુપ્તા સહિત સાસરીના ચાર સભ્યો સામે ફરિયાદ નોંધાવી છે કે મહિલાના બીજા લગ્ન વર્ષ પહેલા સમાજના રિતિ રિવાજ મુજબ કરવામાં આવ્યા હતા, લગ્ન સમયે ફરિયાદીના માતાએ રોકડા રૂા. ૨૦ લાખ અને સોના ચાંદીના દાગીના પણ આપ્યા હતા બે મહિના સુધી સાસરીપક્ષના લોકો સારી રીતે રાખતા હતા. ત્યારબાદ પતિ કેનેડા ખાતે અભ્યાસ માટે ગયા હતા. જ્યાં તેમને એક ગર્લફ્રેન્ડ હતી છતાં સાસરીયા તારા મોબાઈલમાં કોઈક ત્રાહિત વ્યક્તિના ફોટા છે તેવી શંકા સેવીને પરિણીતાને ત્રાસ આપીને છૂટાછેડા આપી દે તેમ કહીને દબાણ કરતા હતા. સાસુ ઘરકામ બાબતે તકરાર કરીને મારઝૂડ કરતા હોવાના આક્ષેપો કરવામાં આવ્યા છે.

દિયર કેનેડા લઈ જવાનું કહીને રૂા. પાંચ લાખની માંગતા હતા. ગયા વર્ષે કેનેડા જવાનું કહી પતિ મહિલાને છોડીને જતા રહ્યા હતા ત્યારબાદ સાસરીયાઓએ મહિલાને પહેરે કપડે કાઢી મૂકી હતી.

# સી પ્લેન 365માંથી 250 દિવસથી વધુ બંધ : શરૂ થવા સામે પ્રશ્નાર્થ

## બરાબર એક વર્ષ અગાઉ સી પ્લેનનો પ્રારંભ કરાયો હતો

**અમદાવાદ**

આજથી બરાબર એક વર્ષ અગાઉ એટલે કે ૩૧ ઓક્ટોબરના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટથી કેવડિયામાં સ્ટેચ્યુ ઓફ યુનિટી સુધી મહત્ત્વકાંક્ષી સી પ્લેન પ્રોજેક્ટનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. જોકે, સી પ્લેન સર્વિસ ૩૬૫માંથી ૨૫૦થી વધુ દિવસ બંધ રહી છે. આ ઉપરાંત ૯ એપ્રિલથી સી પ્લેનનું એરક્રાફ્ટ માલ્દિવ્સ પરત મોકલી દેવાયું છે અને ત્યારથી તે પરત પણ ફર્યું નથી. સી પ્લેન સર્વિસ હવે શરૂ થશે કે કેમ તેની સામે પણ મોટો પ્રશ્નાર્થ છે. ૩૧ ઓક્ટોબરના સી પ્લેન સર્વિસનો પ્રારંભ કરાયો હતો અને ત્યારથી તે માંડ ૧૧૦ દિવસ ઓપરેટ થઈ ગઈ છે. આ દરમિયાન કુલ ૨૮૪ ફ્લાઈટે અમદાવાદથી કેવડિયા વચ્ચે અવર-જવર કરી હતી અને તેમાં કુલ મુસાફરોની સંખ્યા ૨૪૫૮ હતી. આમ, ૧૯ મુસાફરોની ક્ષમતા ધરાવતા આ સી પ્લેનની પ્રત્યેક ફ્લાઈટમાં સરેરાશ માત્ર ૯ મુસાફરો હતા. સી પ્લેન માટે અમદાવાદના રિવરફ્રન્ટ ખાતે ખાસ વોટર એરોડ્રામ, જેટી, ઓફિસ પણ ઉભી કરવામાં આવી હતી.

# ગુજરાતમાંથી એક વર્ષમાં રોડ ઉપર પડેલા ખાડાથી ૮૮ વ્યક્તિના મૃત્યુ થયા

**અમદાવાદ**

ગુજરાતમાં ભાગ્યે જ કોઈ વાહનચાલક હશે જેને રોડ પરના ખાડાથી પરેશાનીનો સામનો કરવો પડયો ન હોય. રોડ પરના ખાડા મૃત્યુનું પણ કારણ બની રહ્યા છે. ગુજરાતમાંથી એક વર્ષમાં રોડ પરના ખાડાથી ૮૮ વ્યક્તિના મૃત્યુ થયા છે. એક્સિડેન્ટલ ડેથ્સ એન્ડ સુસાઈડ ઈન ઈન્ડિયાના વર્ષ ૨૦૨૦ના અહેવાલ અનુસાર સમગ્ર દેશમાં એક વર્ષમાં કુલ ૬૯૯ વ્યક્તિના રોડ પરના ખાડામાં પડવાથી મૃત્યુ થયા છે. સમગ્ર દેશમાં રોડ પરના ખાડામાં પડવાથી સૌથી વધુ મૃત્યુ થયા હોય તેમાં રાજસ્થાન ૧૬૯ સાથે મોખરે, મહારાષ્ટ્ર ૧૩૦ સાથે બીજા, ગુજરાત ત્રીજા, ઉત્તર પ્રદેશ ૮૪ સાથે ચોથા અને મધ્ય પ્રદેશ ૭૮ સાથે પાંચમાં સ્થાને છે.

# ગુજરાતમાં કોંગ્રેસની સરકાર નથી, જૂથબંધી છોડી કામે કરો : રઘુ શર્મા

**અમદાવાદ**

અમદાવાદમાં ઠાકોરભાઈ દેસાઈ હોલમાં સરદાર પટેલની જન્મજયંતિ ઉપરાંત પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીની પુણ્યતિથી નિમિત્તે વ્યાખ્યાન કાર્યક્રમમાં પ્રદેશ પ્રભારી ડો.રઘુ શર્માએ ગુજરાત કોંગ્રેસના સિનિયર નેતાઓને સ્પષ્ટ શબ્દોમાં કહી દીધુ હતુંકે, આંતરિક જૂથવાદ છોડીને પક્ષ ઉપરાંત ચૂંટણીના કામે લાગી જાઓ.

25 વર્ષ જેટલો સમય થયો. હજુ ગુજરાતમાં કોંગ્રેસની સરકાર નથી. ગુજરાતમાં મૃતપ્રાય કોંગ્રેસમાં પ્રાણ ફુંકવા પ્રયાસો શરૂ કરાયાં છે. ઠાકોરભાઈ દેસાઈ હોલમાં આયોજીત વ્યાખ્યાન કાર્યક્રમમાં કોંગ્રેસે મનોમંથન કર્યુ હતું.

પ્રદેશ પ્રભારી ડો.રઘુ શર્માએ ગુજરાત કોંગ્રેસની આંતરિક જૂથબંધી અંગે નારાજગી વ્યક્ત કરી હતી. એટલુ જ નહીં, સિનિયર નેતાઓને જૂથવાદ છોડી પક્ષના કામે લાગી જવા નિર્દેશ કર્યો હતો. મોંઘવારી સહિત અનેક પ્રશ્નોએ માઝા મૂકી છે અને લોકો ત્રાહીમામ પોકારી ઉઠયા છે ત્યારે કોંગ્રેસ અસરકારક વિપક્ષની ભૂમિકા ભજવે તેવી પણ પ્રદેશ પ્રભારીએ શીખ આપી હતી.

# આ વર્ષ સૌ ભારતવાસી 'સંકલ્પ વર્ષ' તરીકે ઉજવે: કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ

**રાજપીપલા**

આજે સ્ટેચ્યૂ ઓફ યુનિટિ ખાતે રાષ્ટ્રીય એકતા દિવસે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે, આજનું ''રાષ્ટ્રીય એકતા પર્વ'' નું વિશેષ મહત્વ એટલા માટે છે કે, ચાલુ વર્ષે દેશ આઝાદીના 75માં વર્ષની ઉજવણી કરી રહ્યો છે ત્યારે આ વર્ષને 130 કરોડ ભારતવાસીઓ સંકલ્પ વર્ષ તરીકે ઉજવે. તેમણે એવો આશાવાદ વ્યકત કર્યો હતો કે, પ્રત્યેક ભારતીય દ્વારા લેવાયેલો દેશના નિર્માણ માટેનો સંકલ્પ દેશના ભવિષ્ય માટે નિશ્ચિતરૂપે પરિણામલક્ષી સાબિત થશે. સ્ટેચ્યૂ ઓફ યુનિટિ ના નિર્માણ થકી દેશની એકતાને કોઈ જ ભેદી નહિ શકે તેમ પણ તેમણે જણાવ્યું હતું.

# ડેન્ગ્યૂ-ચિકનગુનિયાથી 3 માસમાં 55ના મોત

## અમદાવાદ શહેરની 30 ખાનગી હોસ્પિટલોમાં અઠવાડિયામાં 600થી કેસ નોંધાયા

**અમદાવાદ**

અમદાવાદ શહેરની 30 જેટલી ખાનગી હોસ્પિટલોમાં ડેન્ગ્યૂ, ચિકનગુનિયા સહિતના રોગચાળાના કારણે છેલ્લા 3 મહિનામાં 55 જેટલા દર્દીઓના મોત નીપજ્યા છે. જો કે રાહતની વાત એ છે કે, રોગચાળાના કેસોમાં ધીમે-ધીમે ઘટાડો નોંધાતા મૃત્યુનું પ્રમાણ પણ અટક્યું છે. આ માહિતી ખુદ અમદાવાદ હોસ્પિટલ્સ એન્ડ નર્સિંગ હોમ્સ એસોસિએશનના પ્રમુખ ડૉ ભરત ગઢવીએ આપી છે.

તેમનું કહેવું છે કે, ડેન્ગ્યુ અને ચિકનગુનિયાના કારણે અમદાવાદ શહેરની હોસ્પિટલોમાં અત્યાર સુધી 55 દર્દીઓને જીવ ગુમાવવાનો વારો આવ્યો છે. 15 દિવસ પહેલા જ રોગચાળાના કારણે 44 દર્દીઓના મોત થયા હતા. જે આંકડો વધીને 55 ઉપર પહોંચ્યો છે.

બીજી તરફ અમદાવાદની અસારવા સિવિલ હોસ્પિટલમાં રોગચાળાના કારણે છેલ્લા 3 મહિનામાં માત્ર એક જ દર્દીનું મોત નીપજ્યું છે. જ્યારે સોલા સિવિલમાં રોગચાળાના કારણે કોઈનું મોત નોંધાયું નથી.

શહેરની 30 ખાનગી હોસ્પિટલોમાં એક મહિના પહેલા સપ્તાહમાં 1500 જેટલા કેસ નોંધાતા હતા. જેનું પ્રમાણ ધીમે-ધીમે ઘટી રહ્યું છે. અત્યારે સપ્તાહમાં રોગચાળાના 600 જેટલા કેસો નોંધાઈ રહ્યાં છે.

આ વખતે રોગચાળામાં કોરોના ઈફેક્ટ પણ દેખાય છે, કારણ કે પ્રથમ વખત એવું બન્યું કે, ચિકનગુનિયાના કેસમાં અનેક દર્દીઓને ફેફસાની સમસ્યા સામે આવી હોય.

કલાસીફાઈડ / Classified

HELPER WANTED

Elderly Couple, London, Ontario, seeking Gujarati lady for live in help. Cook Gujarati food, provide general help. Free room and board. Salary to be negotiated. **Please call 519-438-4966**

હેલ્પર જોઈએ છે

વૃદ્ધ દંપતિ માટે લંડન ઓન્ટેરિયો ખાતે ગુજરાતી ભોજન બનાવી શકે અને સાથે સાથે સામાન્ય મદદ પણ કરી શકે તેવી મહિલા જોઈએ છે. રૂમ અને બોર્ડ આપવામાં આવશે. પગાર માટે નેગોસિએટ કરી શકો છો. ફોન : ૫૧૯-૪૩૮-૪૯૬૬

# મોરાના ઉપસરપંચની હત્યા કરવા આવેલો કોન્ટ્રાક્ટ કિલર કુહાડી સાથે જ ઝડપાયો

**સુરત**

હજીરા રોડના મોરા ગામના ઉપસરપંચે યુપી અને બિહારના રહેવાસીઓના વોટીંગ કાર્ડના ડુપ્લીકેશનની કામગીરી તથા બિલ્ડીંગની આકારણી અટકાવ્યાની અદાવતમાં કુહાડી લઈ હત્યા કરવા આવનારને સરપંચ અને તેના મિત્રોએ ઝડપી પાડી ઈચ્છાપોર પોલીસને હવાલે કર્યો છે. ચોર્યાસી તાલુકાના મોરા ગામ ચાર રસ્તા નજીક રહેતા મોરા ગામના સરપંચ રંજનબેનના પતિ ભરત જમુભાઈ પટેલ (ઉ.વ. 47) ગત સાંજે ઘરે બેઠા હતા ત્યારે અજાણ્યો યુવાન ઘર તરફ જોઈ ગાળા-ગાળી કરતો હતો. જેથી ભરતે કિયુ ઘર કે સામને ખડા રહે કે ગાલી બોલતા હે, યહાં સે ચલા જે એમ કહેતા યુવાન ચાલ્યો ગયો હતો. જો કે ભરતે અને તેના મિત્ર મુકેશ પટેલ તથા અશ્વીન પટેલે યુવાનને આંતરી તલાશી લેતા તેની પાસેથી નાની કુહાડી મળી આવી હતી. કુહાડી અંગે પૂછપરથ કરા યુવાને તેણે કહ્યું હતું કે એક મહિને પહેલે તપોવન સ્કૂલ વાલે રાજકુમાર ગુપ્તાને તુમકો ઠોકને કો બોલા થા, મેં આજ તુમકો માર ડાલને કે લીયે તુમ્હારે ઘર પે આયા થા. જેથી ભરત ચોંકી ગયો હતો અને તુરંત જ પોલીસને જાણ કરતા ઈચ્છાપોર પોલીસ દોડી ગઈ હતી. પોલીસે યુવાનની પૂછપરછ કરતા તેણે પોતાનું નામ રાજા શંભુ શા હોવાનું અને મોરા ગામની તપોવન સ્કૂલના ટ્રસ્ટી રાજકુમાર ગુપ્તા (રહે. બિહાર) એ સોપારી આપ્યાની કબૂલાત કરી હતી. ઉલ્લેખનીય છે કે છ મહિના અગાઉ ભરતે તપોવન સ્કૂલમાં રાજકુમાર ગુપ્તાના ઈશારે બિહાર અને યુ.પીના રહેવાસીઓના વતનમાં વોટીંગ કાર્ડ હોવા છતા સુરતમાં પણ ઓનલાઈન ફોર્મ ભરી ડુપ્લીકેટ વોટીંગ કાર્ડ માટેની ઓનલાઈન પ્રક્રિયા અટકાવી ક્લેકટર અને ડી.ડીઓ તથા મુખ્યમંત્રીને રજૂઆત કરી હતી.

# પતિ-પત્નીના ઝઘડામાં પિતાએ પુત્રને નદીમાં ફેંકી દીધો, પિતાની ધરપકડ

## મક્કાઈ પુલ પર સેલ્ફીના ચક્કરમાં નદીમાં પડવાની ઘટનામાં નવો વળાંક

**સુરત**

સુરતમાં અડાજણ-નાનપુરાને જોડતા મક્કાઈ પુલ પરની પાળી પર બેસાડી સેલ્ફી લેતી વખતે 12 વર્ષનો તરૂણ તાપી નદીમાં પડી જવાની ઘટના બની હતી. જેમાં છેલ્લા 5 વર્ષથી વતન મહારાષ્ટ્રમાં રહેતી પત્ની સાથેના ઝઘડામાં પિતાએ પુત્રને નદીમાં ફેંકી દીધાનો ઘટસ્ફોટ થયો છે. રાંદેર પોલીસે પુત્રના હત્યારા પિતા વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધી ધરપકડ કરી છે.

આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ, ગત તા. 31 ઓક્ટોબરના રોજ બપોરના અરસામાં અડાજણ-નાનપુરાને જોડતા મક્કાઈ પુલ પરથી ભેદી સંજોગોમાં ધો. 5 માં અભ્યાસ કરતો જાકીર સઈદ ઈલ્યાસ શેખ તાપી નદીમાં પડી ગયો હતો. આ ઘટનાની જાણ થતા ફાયર અને પોલીસ દોડી ગઈ હતી અને પિતાએ જણાવ્યું હતું કે પુત્રની જીદ્દને કારણે પુલની પાળી ઉપર બેસી ફોટો અને સેલ્ફી પાડી રહ્યા હતા, ત્યારે અકસ્માતે નદીમાં પડી ગયો હતો. જો કે ગત રાત્રે ફાયરના કર્મચારીઓને રાંદેર રોડ શીતલ સિનેમાની સામે નદીમાંથી જાકીરની લાશ મળી આવી હતી. જાકીરનો મૃતદેહ મળી આવ્યા બાદ પોલીસે હાથ ધરેલી તપાસમાં ફોટો અને સેલ્ફી લેતા નદીમાં પડી ગયાના ભંગારનો ધંધો કરતા પિતા સઈદ ઈલ્યાસ શેખનું જુઠાણું બહાર આવ્યું છે. પોલીસે આરોપી પિતાની પુછપરછ કરતા પત્ની હીના ઉર્ફે પરવીન સાથેના ગૃહ ક્લેશથી કંટાળી છેલ્લા પાંચેક વર્ષથી અલગ રહે છે તેમ તેમણે કહ્યું હતું.

# ભાઈ અને બહેનના સ્નેહનું પ્રતિક એટલે ભાઈબીજ

શનિવારે ભાઈ બીજનો તહેવાર છે. તે યમ દ્વિતીયા તરીકે ઓળખાય છે. આ ઉત્સવ બહેન અને ભાઈના સ્નેહનું પ્રતીક છે. ભાઈ બીજ પર, બહેનો તેમના ભાઈને તિલક લગાવે છે અને તેમને લાંબી આયુની શુભેચ્છાઓ આપે છે. આ તહેવાર ભાઈ-બહેનના સંબંધોને મજબૂત બનાવે છે. જ્યારે બહેન તેના ભાઈને લાંબી આયુની શુભેચ્છા આપે છે, ત્યારે ભાઈએ તેની બહેનનું સન્માન બચાવવા વચન આપ્યું છે. દિવાળીનો તહેવાર અથવા તહેવારની સમાપ્તિ ભાઈ બીજ સાથે થાય છે. આ દિવસે ગણેશ, યમ, ચિત્રગુપ્ત અને યમદૂતની પૂજા કરવામાં આવે છે. કલામ-દાવતની પૂજા ઘણા ઘરોમાં પણ કરવામાં આવે છે. આ દિવસે ઘરની વૃદ્ધ મહિલાઓ પાસેથી પરંપરાગત વાર્તાઓ પણ સાંભળવા મળે છે. યમ અને યામીની દંતકથા, ભાઈ બીજ ના પર્વનું મહત્વ દર્શાવે છે. યમરાજ યામી એટલે કે કાર્તિક શુક્લ દ્વિતીયાના દિવસે યમુનાના ઘરે જાય છે, તેથી યમ પણ દ્વિતીય છે. યામી તેમને તિલક કરે છે અને ખોરાક પ્રદાન કરે છે. પ્રયાણ વખતે યમ દક્ષિણાને તેની બહેનને આપે છે અને તેની સુરક્ષા કરવાનું વચન આપે છે. તેણે તેની બહેનને વચન આપ્યું છે કે તે દર વર્ષે કાર્તિક શુક્લ દ્વિતીયાને મળવા આવશે જેથી ભાઈ બીજ નો તહેવાર ઉજવાઈ છે.

## ભાઈબીજ વિશે માન્યતા

(૧) નરકાસુરનો વધ કરીને આજના દિને કૃષ્ણ દ્વારકા પરત ફરે છે ત્યારે સુભદ્રાજી તેમનું સ્વાગત તિલક કરીને કરે છે અને કૃષ્ણને ભાવતાં પકવાન જાતે રાંધીને ખવડાવે છે...

(2) યમરાજા પોતાની બહેન યમુનાને આપેલા વચનનુ પાલન કરવા ભાઈબીજના




દિવસે પોતાના વ્યસ્ત જીવનમાથી સમય કાઢે છે અને તેના ઘરે જમવા જાય છે. યમુના ખુશ ખુશ થાય છે.

## મંત્રથી ભાઈનું અભિનંદન

**भ्रातस्तवानुजाताहं भुंक्ष्व भक्तमिमं शुभं।**
**प्रीतये यमराजस्य यमुनाया विशेषतः॥**

■ બહેન ભાઈને ભોજન કરાવીને તિલક લગાવો. ■ આ દિવસે બહેન ભાઈને ભોજનમાં ભાત ખવડાવે. ■ ભાઈ ભોજન બાદ બહેનના ચરણ સ્પર્શ કરીને તેને ઉપહાર સ્વરૂપ વસ્ત્રાદિ અર્પણ કરે. ■ ભાઈને હાથ-પગ ધોવડાવીને શુભ આસન પર બેસાડી પોતાની યથાશક્તિ પ્રમાણે બનાવેલ વાનગીઓ દ્વારા ભાઈને ભોજન કરાવે. ■ ભોજન બાદ ભાઈને તિલક લગાવીને તેના આયુષ્ય માટે પ્રાર્થના કરો. ■ ભાઈ પોતાની બહેનને યથશક્તિ પ્રમાણે સૌભાગ્ય વસ્તુઓ તેમજ અન્ય દ્રવ્ય આપીને સૌભાગ્ય માટેની પ્રાર્થના કરો. ■ ભાઈ-બહેન યમુના અને અન્ય પવિત્ર નદીઓમાં સ્નાન કરીને આયુષ્ય તેમજ સૌભાગ્ય માટેની પ્રાર્થના કરે.

# કંઈક નવુ શરૂ કરવાનો શુભ દિવસ લાભપાંચમ

કારતક સુદ પંચમી. આ દિવસે પેઢી ખોલવામાં અને કાંટાપૂજન માટે ઉત્તમ માનવામાં આવે છે. નવા વર્ષના શુભ મુહૂર્તના આ દિવસે વેપારીનો પોતાના ધંધા-વેપારનો પ્રારંભ કરે છે.

જ્યારે જૈનો આ દિવસે જ્ઞાન પંચમીની ઉજવણી કરે છે. જૈન શાસનમાં જ્ઞાન પંચમીની સાધના સમ્યક્ જ્ઞાન માટે કરવામાં આવે છે. આ દિવસે જૈનો જ્ઞાનને વિશિષ્ટ રીતે સજાવવામાં આવે છે. નાનાં ભૂલકાંઓથી માંડી મોટાઓ પણ જ્ઞાનનાં દર્શન અને પૂજન લાભ લઈ સાચા જ્ઞાનની પ્રાપ્તિ માટે સંકલ્પ કરે છે.

આ રીતે દીપોત્સવીનો તહેવાર રમા એકાદશીથી લઈને લાભ પંચમી સુધી ઊજવવામાં આવે છે. દરેક તિથિને પોતાનું આગવું મહત્ત્વ છે. આ રીતે પાંચ-સાત દિવસનો તહેવાર લોકો મન મૂકીને માણે છે. આખા વર્ષનો થાક ઉતારે છે અને નવા વર્ષને વધાવે છે. નવા વર્ષમાં સુખ સમૃદ્ધિ આરોગ્ય જળવાય તેવી શુભેચ્છા.

## જાણો મહત્ત્વ

લાભ પાંચમ સૌભાગ્ય પંચમી તરીકે પણ ઓળખાય છે. સૌભાગ્ય એટલે સારુ નસીબ અને લાભ અપાવનારો દિવસ. પરિણામે આ દિવસ લાભ અને ગુડલક સાથે જોડાયેલો છે. ગુજરાતમાં દિવાળી પછી નવા વર્ષનો પહેલો કામનો દિવસ એટલે લાભ પાંચમ. વેપારીઓ આ દિવસે પોતાના વેપારમાં પુજા પાઠ કરી પોતાની ખાતાવહી ચોપડાના પહેલા પાને કંકુ ચાંદલો અને સાથિયો કરી નવા એકાઉન્ટની શરુઆત કરે છે. લાભ પાંચમનો દિવસ કોઈ પણ નવું કામ શરુ કરવા માટે અધિક શુભ ગણાય છે. ગુજરાતમાં આ દિવસનું ઘણું મહત્વ રહેલું છે. આ દિવસ




ગુજરાતમાં ખૂબ જ ધૂમ ધામ સાથે મનાવવામાં આવે છે. આ દિવસથી ત્યાં વ્યવસાયી લોકો નવા બહીખાતાં શરુ કરે છે જેને ખાતું કહી શકાય છે. આમાં સૌ પહેલાં કુમકુમથી જમણી બાજુ શુભ અને ડાબી બાજુ લાભ લખે છે અને એની વચમાં સ્વસ્તિક ચિન્હ બનાવે છે. આ દિવસે લક્ષ્મીજીની પૂજા કરે છે, જૈન સમુદાય જ્ઞાનવર્ધક પુસ્તકની પૂજા કરે છે અને સાથે જ અધિક બુદ્ધિ જ્ઞાન માટે પ્રાર્થના કરે છે.

## વેપાર શરૂ કરતા પહેલા આ મંત્ર જાપ

શાસ્ત્રો પ્રમાણે આ દિવસે શુભ સમય જોઈ પોતાના ધંધાની શરુઆત કરવી જોઈએ. ગણેશજી, લક્ષ્મી અને પોતાના ઈષ્ટ દેવને તિલક લગાવી, ફુલ-હાર કરી તેમની પ્રાર્થના કરવી કે, તમારો વેપાર નવા વર્ષે ખુબ ફુલે ફાલે. ભગવાનનુ નામ લઈ નારિયેળ વધેરવુ જોઈએ. પૂજા કર્યા બાદ **'ઓમ મહાલક્ષ્મયૈ નમઃ'** અને **'ઓમ કુબેરાય નમઃ'** મંત્રનો 11 વખત જાપ કરવો.

# પેટા ચૂંટણી : હિમાચલમાં કોંગ્રેસ, બંગાળમાં TMC, MPમાં ભાજપ

**હિમાચલ પ્રદેશ**

દેશના 14 રાજ્યો-કેન્દ્ર શાસિત પ્રદેશમાં 3 લોકસભા સીટ, 29 વિધાનસભા સીટો પર 30 ઓક્ટોબરે યોજાયેલી પેટાચૂંટણીનું પરિણામ જાહેર થયું છે. હિમાચલ પ્રદેશ, પશ્ચિમ બંગાળમાં ભાજપને હારનો સામનો કરવો પડ્યો જ્યારે અસમમાં સ્થિથિ મજબૂત થઈ છે. હિમાચલમાં 1 લોકસભા સીટ અને 3 વિધાનસભા કોંગ્રેસે તમામ બેઠકો જીતી લીધી છે. પૂર્વ સીએમ વીરભદ્ર સિંહની પત્ની પ્રતિભાએ મંડી લોકસભા સીટ જીતી છે. આ ઉપરાંત અરકી, ફતેહપુર અને જુબ્બલ-કોટખાઈ વિધાનસભા બેઠકો પર પણ કોંગ્રેસના ઉમેદવારોએ જીત મેળવી છે. બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસે બંગાળ પેટાચૂંટણીમાં 4 વિધાનસભા બેઠકો દિનહાટા, શાંતિપુર, ખરદાહ, ગોસાબા જીતી. જ્યારે મધ્યપ્રદેશમાં 1 લોકસભા-3 વિધાનસભા બેઠકો પર ભાજપે ખંડવા, પૃથ્વીપુર અને જોબતમાં જીત મેળવી છે, રાયગાંવ બેઠક કોંગ્રેસમાં ગઈ છે. ખંડવામાં જ્ઞાનેશ્વર પાટીલ, પૃથ્વીપુરમાં શિશુપાલ યાદવ, જોબતમાં સુલોચના રાવત ભાજપમાંથી જીત્યા, જ્યારે રાયગાંવમાં કોંગ્રેસના કલ્પના વર્માનો વિજય થયો હતો.



**કર્ણાટકઃ** કર્ણાટક પેટાચૂંટણી 2021ના પરિણામોમાં કોંગ્રેસ અને ભાજપને એક-એક સીટ મળી છે. કોંગ્રેસે હંગલ સીટ પર 7373 વોટથી જીત મેળવી હતી. બીજેપી બીજા અને જેડીએસ ત્રીજા ક્રમે છે. બીજી તરફ બીજેપીએ સિંદગી સીટ પર 31,185 વોટથી જીત મેળવી છે. કોંગ્રેસ બીજા અને જેડીએસ ત્રીજા ક્રમે છે.

**બિહારઃ** તારાપુર અને કુશેશ્વરસ્થાન વિધાનસભા સીટ જેડીયૂના ખાતામાં ગઈ છે.

**રાજસ્થાનઃ** ધરિયાવદ વિધાનસભા સીટ પર કોંગ્રેસ ઉમેદવાર નાગરાજ મીણાને 18725 મત મળ્યા છે. જ્યારે વલ્લભનગર સીટથી કોંગ્રેસના પ્રીતિ શક્તાવસને 20 હજારથી વધુ મતે જીત મળી છે.

**હરિયાણાઃ** હરિયાણાના એલનાબાદ વિધાનસભા સીટ પર અભય ચૌટાલા 6 હજારથી વધુ મતે જીત્યા છે.

**આંધ્રપ્રદેશઃ** વાયએસઆરસીપીના દશારી સુધાએ બડવેલ વિધાનસભા બેઠક પર જીત મેળવી છે. તેઓ 90 હજારથી વધુ મતોથી જીત્યા હતા.

**મહારાષ્ટ્રઃ** મહારાષ્ટ્રના નાંદેડ જિલ્લાના દેગલુર વિધાનસભા મતવિસ્તારમાંથી કોંગ્રેસના જિતેશ અંતાપુરકર 38 હજારથી વધુ મતોથી જીત્યા.

**આસામઃ** UPPL પેટાચૂંટણીમાં ભાજપ અને તેના સહયોગીઓએ તમામ પાંચ બેઠકો જીતી છે. ગોસાઈગાંવ, ભબનીપુર, તામૂલપુર, મરિયાની, થૌરામાં ચૂંટણી યોજાઈ હતી.

**દાદરા અને નગર હવેલીઃ** શિવસેનાએ આ લોકસભા સીટ 51,269 વોટથી જીતી છે.

**મેઘાલયઃ** મેઘાલયમાં સત્તારૂઢ NPP અને તેના સહયોગી UDP એ ત્રણેય વિધાનસભા બેઠકો જીતી લીધી છે.

**મિઝોરમઃ** શાસક એમએનએફે તુરીયલ પેટાચૂંટણીમાં જીત મેળવી છે.

**તેલંગાણાઃ** 21મા રાઉન્ડની મતગણતરી બાદ બીજેપીના ઉમેદવાર આયતલા રાજેન્દ્રને 10,1732 વોટ મળ્યા. જ્યારે TRSના ગેલુ શ્રીનિવાસને 78,997 મળ્યા હતા. ભાજપના ઉમેદવારની જીત નિશ્ચિત માનવામાં આવી રહી છે.

# બિહાર-ઝારખંડમાં આઈટીના દરોડા રૂ.100 કરોડની કાળી કમાણી મળી

**પટના**

ઈન્કમ ટેક્સ (આઈટી) ડિપાર્ટમેન્ટના અધિકારીઓ દ્વારા બિહાર અને ઝારખંડમાં રોડ કન્સ્ટ્રક્શનનું કામ કરતાં કોન્ટ્રાક્ટરના નિવ્સાસ સ્થાને અને ઓફિસમાં ગત સપ્તાહે પાડેલા દરોડામાં કોન્ટ્રાક્ટરની રૂ. 100 કરોડની કાળી કમાણી મળી આવી હતી એમ સેન્ટ્રલ બ્યુરો ઓફ ડાયરેક્ટ ટેક્સ (સીબીડીટી) દ્વારા સોમવારે બહાર પાડવામાં આવેલી એક અખબારી યાદીમાં કહેવામાં આવ્યું હતું. આ દરોડા ગત 27 ઓક્ટોબરના રોજ બિહાર, ઝારખંડ, પશ્ચિમ બંગાળ અને મહારાષ્ટ્રમાં જુદા જુદા ઠેકાણે પાડવામાં આવ્યા હતા. દરોડા દરમ્યાન રૂ. 5.71 કરોડ રોકડ મળી આવ્યા હતા અને બસ બેંકમાં આવેલા લોકરની ફ્રીઝ કરી દેવામાં આવ્યા હતા એમ સીબીડીટીની યાદીમાં કહેવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેન્ટ માટે તમામ નીતિ સીબીડીટી દ્વારા ઘડવામાં આવે છે. દરોડા દરમ્યાન અધિકારીઓને જાણવા મળ્યું હતું કે રોડ કન્સ્ટ્રક્શનનું કામ કરતું આ ગ્રૂપ ખરીદ કરેલા મટિરિયલ્સની ખરીદ કિંમત ખુબ ઉચી દર્શાવી તેઓના નફાને દબાવી દેતાં હતા અને બાદમાં આ ખરીદેલું મટિરિયલ્સ બજારમાં વેચી દેતા હતા.

# ઓક્ટોબરમાં GST કલેક્શન ૧.૩૦ લાખ કરોડ : બીજી સૌથી મોટી આવક

**નવી દિલ્હી**

સતત ચોથા મહિને જીએસટી કલેક્શન એક લાખ કરોડથી વધુ જીએસટી કલેક્શન ઓક્ટોબર, ૨૦૨૦માં રૂ. ૧.૦૫ લાખ કરોડ અને ઓક્ટોબર, ૨૦૧૯માં રૂ.૯૫,૩૮૦ કરોડ હતું ઓક્ટોબરના આંકડા સ્પષ્ટ સંકેત આપે છે કે અર્થતંત્ર કોરોનાની મંદીમાંથી બહાર આવી રહ્યું છેઃ નાણા મંત્રાલય જુલાઈ, ૨૦૧૭માં જીએસટી લોન્ચ થયા પછી અત્યાર સુધીનું સૌથી વધુ કલેક્શન એપ્રિલ, ૨૦૨૧માં રૂ. ૧.૪૧ લાખ કરોડ હતું



સળંગ ચોથા મહિને ભારતનું જીએસટી કલેક્શન એક લાખ કરોડ રૂપિયાથી વધારે રહ્યું છે. ઓક્ટોબરમાં જીએસટી કલેક્શન ૧.૩૦ લાખ કરોડ રૂપિયા રહ્યું છે.જે જુલાઈ, ૨૦૧૭ પછીનું બીજું સૌથી મોટું કલેકશન છે. ઉલ્લેખનીય છે કે જુલાઈ, ૨૦૧૭માં જીએસટી લોન્ચ કરવામાં આવ્યું હતું. ઓકટોબરના જીએસટી આંકડા સંકેત આપી રહ્યાં છે કે ભારતીય અર્થતંત્ર કોરોના મહામારીની મંદીમાંથી બહાર આવી રહ્યું છે તેમ નાણા મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું છે. અત્યાર સુધીનું સૌથી હાઈએસ્ટ કલેક્શન એપ્રિલ, ૨૦૨૧માં રૂ.૧.૪૧ લાખ કરોડ રૂપિયા નોંધવામાં આવ્યું હતું. સપ્ટેમ્બર, ૨૦૨૧માં જીએસટી કલેક્શન રૂ.૧.૧૭ લાખ કરોડ રૂપિયા રહ્યું હતું.

# બિહારમાં મોદીની રેલીમાં સીરિયલ બ્લાસ્ટ કેસમાં 4ને ફાંસીની સજા, 2ને આજીવન કેદ

**પટણા**

બિહારના પટનાના ગાંધી મેદાનમાં 2013માં થયેલા સીરિયલ બ્લાસ્ટમાં એનઆઈએની કોર્ટે સોમવારે ચાર દોષિઓને ફાંસીની સજા ફટકારી હતી. 27મી ઓક્ટોબર 2013માં થયેલા પટના સીરિયલ બ્લાસ્ટમાં આઠ વર્ષ પછી ચુકાદો આવ્યો હતો.

આ કેસમાં કુલ નવને દોષી ઠેરવવામાં આવ્યા છે તેમાંથી ચારને ફાંસીની સજા આપવામા આવી છે. જ્યારે બેને આજીવન કેદ અને બેને 10 વર્ષ જ્યારે એક દોષીને સાત વર્ષની સજા ફટકારી હતી.



જે દોષીઓને ફાંસીની સજા ફટકારવામાં આવી તેમાં હૈદર અલી, નોમાન અંસારી, મો. મુજિબુલ્લાહ અંસારી, ઈમ્તિયાજ આલમનો સમાવેશ થાય છે. જ્યારે ઉમર સિદ્દીકી, અજરૂદ્દીન કુરૈશીને આજીવન કેદની સજા ફટકારાઈ છે. અહમદ હુસૈન, મો. ફિરોજ અસલમને 10 વર્ષ અને ઈફતખાર આલમને સાત વર્ષની સજા મળી હતી. નોંધનીય છે કે 2013માં પટનાના ગાંધી મેદાનમાં નરેન્દ્ર મોદીની એક ચૂંટણી રેલી હતી, જે સમયે આ ધમાકા થયા હતા. જ્યારે એ જ સમયે પટના જંક્શનના પ્લેટફોર્મ નંબર 10 પર પણ બોમ્બ ધમાકો થયો હતો જેમાં છ લોકોના મોત નિપજ્યા હતા જ્યારે 80થી વધુ લોકો ઘાયલ થયા હતા. આઠ વર્ષ બાદ એનઆઈએની વિશેષ કોર્ટે પોતાનો ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો.

# તમિલનાડુના પોલ્ટ્રી ફાર્મિંગ ગ્રૂપનું રૂ. 300 કરોડનું કાળું નાણું પકડાયું

**હૈદરાબાદ**

આવકવેરા વિભાગે પ્રાણીઓનાખોરાકનું ઉત્પાદન અને ઈંડાની પેદાશોની નિકાસ કરતા તમિલનાડુનના ગ્રૂપ પર દરોડા પાડીને 300 કરોડ રૂપિયાની બ્લેક ઈનકમ શોધી કાઢી હતી તેમ સીબીડીટીએ એક નિવેદનમાં જણાવ્યું છે. આવકવેરા વિભાગે આ તમિલનાડુ, કેરળ અને કર્ણાટકમાં ગ્રૂપના 40 પરિસરોમાં દરોડા પાડયા હતાં. આ ગ્રૂપ પોલ્ટી ફાર્મિંગ અને ખાદ્ય તેલના મેન્યુફેકચરિંગ સાથે પણ સંકળાયેલુ છે.

દરોડા દરમિયાન કેટલાક દસ્તાવેજો પણ જપ્ત કરવામાં આવ્યા હતાં. આ દસ્તાવેજો દર્શાવે છે કે કંપનીએ પોતાની આવક છુપાવવા માટે ખર્ચ વધારે બતાવ્યો હતો. ખર્ચ વધારે બતાવવા કંપનીએ ખરીદીના ખોટા બિલો રજૂ કર્યા હતાં. સીબીડીટીના જણાવ્યા અનુસાર બ્લેક ઈનકમના નાણાથી સ્થિર મિલકતોમાં રોકાણ કરવામાં આવ્યું હતું.

દરોડા દરમિયાન 3.3 કરોડ રૂપિયાની બિનહિસાબી રોકડ પણ જપ્ત કરવામાં આવી હતી.દરોડા દરમિયાન જપ્ત કરવામાં આવેલા દસ્તાવેજો પરથી પુરવાર થાય છે કે ગ્રૂપે 300 કરોડ રૂપિયાની બ્લેક ઈનકમનું સર્જન કર્યુ હતું.

# શ્રદ્ધાળુઓ હવે કારથી કૈલાશ માન સરોવરની યાત્રા કરી શકશે

**નવી દિલ્હી**

કેન્દ્રીય મંત્રી કેન્દ્રીય સંરક્ષણ અને પર્યટન રાજ્ય મંત્રી અજય ભટ્ટે પિથોરાગઢ જિલ્લાના ગુંજી ગામમાં યોજાયેલા એક ધાર્મિક કાર્યક્રમમાં જાહેરાત કરી હતી કે હવે પછી ભારતીય નાગરિકો કારથી પણ કૈલાશ માનસરોવરની યાત્રા કરી શકશે. કેન્દ્રીય મંત્રીના કહેવા પ્રમાણે ભારત-ચીન સરહદે રસ્તાઓનું નિર્માણ થઈ જતાં હવે કૈલાશ માનસરોવરનો પ્રવાસ સરળ બનશે. કારની મદદથી પણ માનસરોવરની યાત્રા કરી શકાશે. ઘટિયાબગડથી લિપુલેખ સુધીની સરહદે પાકી સડક માટે ૬૦ કરોડ રૂપિયાનું બજેટ ફાળવાયું છે. આ દુર્ગમ વિસ્તારોમાં બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશનના પરીશ્રમથી રસ્તો બનાવવાનું શક્ય બન્યું છે એવું પણ તેમણે કહ્યું હતું.

# ઓક્ટોબર મહિનામાં 54.6 લાખ લોકોએ નોકરી ગુમાવી છે : CMIE

**નવી દિલ્હી**

માત્ર ઓક્ટોબર મહિનામાં સંગઠિત અને બિનસંગઠિત ક્ષેત્રોમાં કામ કરતા ઓછામાં ઓછા 54.6 લાખ ભારતીયોએ નોકરી ગુમાવી દીધી હોવાનો અહેવાલ ભારતના અર્થતંત્ર પર નજર રાખનાર સંસ્થા CMIEએ પોતાના અહેવાલમાં જણાવ્યું છે. વધુમાં અહેવાલ જણાવે છે કે નોકરી ગુમાવનારા લોકોની સંખ્યા હજી વધુ હોત, પરંતુ ઈન્ફર્મેશન ટેકનોલોજી, છૂટક વ્યાપાર અને શૈક્ષણિક ક્ષેત્રોમાં રોજગારની તકના કારણે આ આંકડો ઓછો રહ્યો છે. જોકે તેમાં પણ શહેરોમાં નોકરી, રોજગાર વધ્યા છે તો ગામડાંઓમાં ભારે ઘટાડો થયો છે જે દેશના અર્થતંત્ર માટે શુભ નથી

ભારતીય અર્થતંત્ર પર નિયંત્રણ રાખનારના માસિક આંકડાઓ મુજબ ઓક્ટોબરમાં 40.08 કરોડ નાગરિકોને રોજગાર મળ્યો છે. જોકે તે સપ્ટેમ્બરના 40.62 કરોડના આંકડા કરતાં 62.4 લાખ ઓછો છે. ઓક્ટોબરમાં રોજગાર અને નોકરી બંનેમાં ઓટ આવી છે. દેશની કામદાર ભાગીદારીનો દર સપ્ટેમ્બરમાં 40.66% હતો તે ઓક્ટોરમાં ઘટીને 40.41% થઈ ગયો છે.

# કેપ્ટને કોંગ્રેસ સાથે છેડો ફાડી પંજાબ લોક કોંગ્રેસ પક્ષની સ્થાપના કરી

**ચંદીગઢ**

પંજાબના ભૂતપૂર્વ મુખ્યમંત્રી કેપ્ટન અમરિન્દરસિંઘે મંગળવારે કોંગ્રેસમાંથી રાજીનામું આપી દીધું હતું અને તેમના દ્વારા સ્થપાયેલા પંજાબ લોક કોંગ્રેસ પક્ષના નામની ઘોષણા કરી હતી. પંજાબ વિધાનસભાની ચૂંટણીઓ મજીક આવી રહી છે એવા સમયે જ અમરિન્દરસિંઘે નવા પક્ષની સ્થાપના કરી જે જેના કારણે વિધાનસભાની આગામી ચૂંટણીમાં નવા રાજકીય સમીકરણો આકાર લેશે. પક્ષના નામ સામે દેશના ચૂંટણી પંચને કોઈ વાંધો વિરોધ નથી એવું પ્રમાણપત્ર આવી ગયા બાદ અમરિન્દરસિંઘ વિધિવત રીતે સતેમના નવા રાજકીય પક્ષની ગતિવિધિઓ શરૂ કરશે.

# યુપીમાં PNB કરતા પણ મોટા 15000 કરોડના બાઈક બોટ કૌભાંડનો પર્દાફાશ

**નવી દિલ્હી**

સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટીગેશન(સીબીઆઈ)એ ૧૫૦૦૦ કરોડ રૂપિયાથી વધુની રકમના બાઈક બોટ કૌભાંડની તપાસ માટે એક એફઆઈઆર દાખલ કરી છે. આ કૌભાંડ હીરા વેપારીઓ સાથે સંકળાયેલા પંજાબ નેશનલ બેંક છેતરપિંડી કેસથી પણ મોટું કૌભાંડ છે. એફઆઈઆરમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે ઉત્તર પ્રદેશ સ્થિત બાઈક બોટના મુખ્ય મેનેજમેન્ટ ડાયરેક્ટર સંજય ભાટીએ ૧૪ અન્ય લોકોની સાથે મળીને દેશના રોકાણકારો સાથે કુલ ૧૫૦૦૦ કરોડ રૂપિયાથી વધુની છેતરપિંડી કરી છે.

બાઈક બોટ કૌભાંડમાં આરોપીએ બાઈક ટેક્સી સેવાની આડમાં બાઈક બોટના નામથી આકર્ષક રોકાણ યોજનાઓ બનાવી હતી. જેમાં એક ગ્રાહક ૧,૩,૫ અથવા ૭ બાઈકમાં રોકાણ કરી શકતો હતો. રોકાણકારોને માસિક ભાડુ, ઈએમઆઈ અને બોનસ, વધુ રોકાણકારોને જોડવા પર ઈન્સેન્ટીવ જેવી લાલચ પણ આપવામાં આવી હતી. કંપનીએ વિભિન્ન શહેરોમાં ફ્રેન્ચાઈઝી પણ ફાળવી હતી પણ શહેરોમાં બાઈક અને ટેક્સીઓનું સંચાલન મુશ્કેલીથી થતું હતું. ઓગસ્ટ, ૨૦૧૭માં યોજનાઓ શરૂ કરવામાં આવી હતી અને રોકાણકારો પાસેથી નાણા મેળવવામાં આવ્યા હતાં. રોકાણકારોને ૨૦૧૯ સુધી વળતર આપવાનું ચાલુ રાખવામાં આવ્યું હતું.

નવેમ્બર, ૨૦૧૮માં કંપનીએ ઈ બાઈક માટે આવા જ પ્રકારની યોજના જારી કરી હતી. ઈ બાઈકની સભ્ય બનવાની રકમ નિયમિત પેટ્રોલ બાઈક માટેની રોકાણ રકમ કરતા બમણી હતી.રોકાણકારોની ફરિયાદો નોઈડા એડમિનિસ્ટ્રેશનની સાથે સાથ પોલીસ અધિકારીઓને મળી હતી આમ છતાં તેમણે કોઈ કાર્યવાહી કરી ન હતી.

# મથુરામાં બે બાળકોના મૃતદેહ કાંટાળા તારથી લટકેલા મળ્યા

**મથુરા**

મથુરામાં મંગળવારની સવારે યમુના એક્સપ્રેસ વે માઈલસ્ટોન 74 અને 78 પર બે બાળકોના મૃતદેહ મળવાથી સનસની ફેલાઈ ગઈ હતી. બંનેની બેરહેમીથી હત્યા કરવામાં આવી છે. માઈલસ્ટોન 78 પર કાંટાળા તાર પર 13 વર્ષના બાળકને લટકાવવામાં આવ્યો હતો, જ્યારે નવ વર્ષના બાળકના મૃતદેહને કાંટાળા તારની પાસે ફેંકવામાં આવ્યો હતો. પોલીસ અનુસાર બંને ભાઈ પ્રતિત થઈ રહ્યા છે.

78 માઈલસ્ટોન કોતવાલી સુરીર અને 74 માઈલસ્ટોન થાણા નૌઝીલ ક્ષેત્રમાં આવે છે. આશંકા વર્તાઈ રહી છે કે બંનેની હત્યા કરીને મૃતદેહ લટકાવવામાં આવ્યો અને ફેંકવામાં આવ્યો છે. બંનેના માથા પર ભારે વસ્તુથી હુમલો કરી હત્યા કરવામાં આવી છે. ગળા પર પણ નિશાન મળ્યા છે. જોકે અત્યાર સુધી બંનેની ઓળખ થઈ શકી નહીં.

ઘટના સ્થળ પર એસએસપી ડોક્ટર ગૌરવ ગ્રોવર અને એસપી ગ્રામીણ શ્રીશચંદ પોલીસ ટીમની સાથે પહોંચ્યા હતા. એસએસપીએ પોલીસ ટીમને મૃતદેહની ઓળખની સાથે ખુલાસા નિર્દેશ આપ્યા છે. કોતવાલ નૌઝીલ સદુવનરામ ગૌતમે જણાવ્યુ કે ઓળખ બાદ જ હત્યાનો ખુલાસો કરવામાં આવશે. એ તો સ્પષ્ટ છે કે, બંનેની હત્યા કરવામાં આવી છે.

# દિવાળી લોહીયાળ કરવાનું કાવતરુ, પંજાબમાંથી ટિફિન બોમ્બ પકડાયો

**નવી દિલ્હી**

દિવાળીના પર્વે જ પંજાબના ફિરોઝપુર જિલ્લામાં સુરક્ષા એજન્સીઓએ ટિફિન બોમ્બ કબ્જે કર્યો છે.દિવાળીને લોહીયાળ બનાવવા માટે બોમ્બ બ્લાસ્ટ કરવાનો હોવાની બાતમી સુરક્ષા એજન્સીઓને મળી હતી.જેના પગલે ગઈકાલે રાતથી એજન્સીઓએ શોધશોળ શરુ કરી હતી.

આ પહેલા પંજાબના જલાલાબાદમાં 15 સપ્ટેમ્બરે ટિફિન બોમ્બ ધડાકો થયો હતો અને તેમાં એકનુ મોત થયુ હતુ. દરમિયાન આ મામલામાં પોલીસે બેની ધરપકડ કરી હતી.જેમાં એકની પાસેથી બીજા બે ટિફિન બોમ્બ પમ મળ્યા હતા.



દરમિયાન તેમના બે બીજા સાગરિતોને પોલીસે બે દિવસ પહેલા પકડયા હતા અને તેમણે દિવાળીના દિવસે બોમ્બ બ્લાસ્ટ કરવાનો છે તેવી જાણકારી પોલીસને આપી હતી.એ પછી પોલીસે આ ટિફિન બોમ્બ રિકિવર કરી લીધો છે.જોકે તકેદારીના ભાગરુપે સુરક્ષા વધારી દેવામાં આવી છે.

# યુપીમાં બેકાબૂ બનેલી ટ્રક ઝુંપડીમાં ઘુસી ગઈ, 10 લોકોને કચડી નાંખ્યા, 6ના મોત

**ઉત્તરપ્રદેશ**

યુપીના ગાઝીપુરમાં સર્જાયેલી એક કરૂણાંતિકામાં 6 લોકોના મોત થયા છે. આ ઘટનામાં બેકાબૂ બનેલી ટ્રક ઝુંપડીમાં ઘુસી ગઈ હતી અને 10 લોકોને કચડી નાંખ્યા હતા. જેમાંથી 6ના મોત થયા છે અને બાકીના ગંભીર રીતે ઘાયલ થયા છે.

બીજી તરફ ગામના લોકોમાં ભારે આક્રોશ ફેલાયો હતો. જેના પગલે લોકોએ મૃતદેહ રસ્તા પર મુકીને ચક્કાજામ કર્યો હતો. પોલીસના કહેવા પ્રમાણે ટ્રક ચાલકે કેવી રીતે ટ્રક પરથી કાબૂ ગૂમાવ્યો તેની તપાસ હાલમાં કરવામાં આવી રહી છે. મળતી વિગતો પ્રમાણે આજે સવારે સાત વાગ્યે રસ્તા પરથી પસાર થતી આ ટ્રકના ચાલકે અચાનક જ કાબૂ ગુમાવ્યો હતો અને ટ્રક સીધી ઝુપડીમાં ઘુસી ગઈ હતી.




ઝુપડીમાં સુઈ રહેલા લોકોને કદાચ કલ્પના પણ નહીં હોય કે મોત આ રીતે ઘરમાં ઘુસી આવશે.

# અજીત પવારની રૂપિયા 1400 કરોડની બેનામી સંપત્તિ જપ્ત કરવા ITનો આદેશ

**મુંબઈ**

મહારાષ્ટ્રના માજી ગૃહપ્રધાન અનિલ દેશમુખની ધરપકડ બાદ નાયબ મુખ્ય પ્રધાન અને એનસીપીના નેતા અજીત પવારની મુશ્કેલી વધી ગઈ છે. ઈન્કમ ટેક્સ વિભાગે અજીત પવારના પરિવારની 1400 કરોડ રૂપિયાની સંપત્તિ જપ્તિ કરવીવે આદેશ આપ્યો છે.

આમ એનસીપીના બે જયેષ્ઠ નેતા સામે એક પછી એક કાર્યવાહી થતા મહારાષ્ટ્રના રાજકારણમાં ખળભળાટ મચી ગયો છે ત્યારે એનસીપીના સત્તાવાર પ્રવક્તા નવાબ મલિકે



જણાવ્યું હતું કે આઈટીએ જપ્ત કરેલી મિલકત સાથે અજીત પવારનો કોઈ સંબંધ નથી.

શરદ પવારના ભત્રીજા અજીત પવાર સંબંધિત સાકર કારખાના પર ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેન્ટ (આઈટી) ના અધિકારીઓએ છાપો માર્યો હતો. અજીત પવારની સંપતી અને તેમના પુત્ર પાર્થ પવારની મુંબઈ સ્થિત નરીમાન પોઈન્ટની ઓફિસમાં પણ આઈટી રેડ પાડી હતી. ઈન્કમેટેકસ વિભાગે જરંડેશ્વર સાકર કારખાનાની 600 કરોડ રૂપિયા માલમતા, દક્ષિમ દિલ્હીન 20 કરોડ રૂપિયાનો ફ્લેટ, અજીત પવારના પુત્ર પાર્થની 25 કરોડ રૂપિયાની નિર્મલ ઓફિસ, ગોવાની 250 કરોડ રૂપિયાની નિલય નામની રિસોર્ટ, મહારાષ્ટ્રમાં વિવિધ સ્થળે અંદાજે 500 કરોડ રૂપિયાની જમીન જપ્ત કરવાનો આદેશ આપ્યો છે.

# ભારતમાં 24 કલાકમાં 12885 કોવિડ કેસ, 461 દર્દીના મૃત્યુ

## 15054 સાજા થયા, એક્ટિવ કેસ 1.5 લાખથી ઓછા

**નવી દિલ્હી**

ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૨,૮૮૫ નવા કોવિડ-૧૯ કેસ નોંધાયા છે. જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં આ બીમારીને કારણે ૪૬૧ લોકોએ જીવ ગુમાવ્યા છે. જો કે આ રોગથી સંક્રમિત હજારો લોકો સાજા પણ થઈ ગયા છે. પ્રાપ્ત માહિતી અનુસાર, છેલ્લા ૨૪ કલાકમાં અનેક મોત થયા છે. ૧૫,૦૫૪ સાજા થયા હતા. એક્ટિવ કેસની સંખ્યા ૧.૫ લાખથી ઓછી છે. કોરોના રોગચાળાને કારણે થઈ રહેલા મૃત્યુ વચ્ચે ભારતનું રસીકરણ અભિયાન પણ ઝડપથી ચાલી રહ્યું છે. આરોગ્ય વિભાગના કર્મચારીઓ રસીકરણ અંગે સતત ગંભીરતા દાખવી રહ્યા છે. સરકારી આંકડા મુજબ, રસીકરણની કુલ સંખ્યા ૧,૦૭,૬૩,૧૪,૪૪૦ છે. છેલ્લા ૨૪ કલાકમાં ૩૦,૯૦,૯૨૦ લોકોને રસી આપવામાં આવી છે. અત્યાર સુધીમાં ૩,૩૬,૯૭,૭૪૦ લોકો સંક્રમણને માત આપી સ્વસ્થ થયા છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન, સાજા થયેલા દર્દીઓની સંખ્યા નવા કેસ કરતા વધુ છે.

# સંરક્ષણ મંત્રાલયે 7965 કરોડના સ્વદેશી શસ્ત્રોની ખરીદીને મંજૂરી આપી

**નવી દિલ્હી**

સંરક્ષણ ક્ષેત્રે મેક-ઈન- ઈન્ડિયાને પ્રોત્સાહન આપવાના ભાગરૂપે સંરક્ષણ મંત્રાલયે હિન્દુસ્તાન એરોનોટિક્સ લિ. પાસેથી ૧૨ લાઈટ યુટિલિટી હેલિકોપ્ટર્સ સહિત રૂ. ૭,૯૬૫ કરોડના ખર્ચે શસ્ત્રોની ખરીદીને મંજૂરી આપી દીધી છે. જેમાં રશિયા સાથે મળી કામોવ-૨૨૬ટી લાઈટ હેલિકોપ્ટર્સનું સંયુક્તરૂપે દેશમાં ઉત્પાદન કરવાની સંભાવના છે આ ઉપરતાં નૌકાદળ માટે ફાયર કંટ્રોલ સિસ્ટમ્સ, વોરશિપ્સ માટે સુપર રેપીડ ગન માઉન્ટ્સ અને દરિયા કાંઠાના નિરીક્ષણ માટે ડોર્નિયર એરક્રાફ્ટને અપગ્રેડ કરવા સહિત સ્થાનિક સ્તરે ઉત્પાદન શસ્ત્રોની ખરીદીને મંજૂરી આપી હતી.

# બિહારના પશ્ચિમ ચંપારણમાં ઝેરી દારૂ પી લેતાં 21 લોકોના મોત

**નવી દિલ્હી**

બિહારમાં ઝેરી દારૂનો કારોબાર સતત ધમધમી રહ્યો છે. રાજયમાં દારૂબંધી છે પરંતુ ગેરકાયદેસર રીતે તેનું વેચાણ પણ થઈ રહ્યું છે અને ઘણી વખત ઝેરી દારૂ પણ વેચાતો હોય છે. તાજેતરમાં પશ્ચિમ ચંપારણ ખાતે ઝેરી દારૂ એટલે કે, લઠ્ઠાના કારણે 21 લોકોના શંકાસ્પદ મોત થયા છે.

જિલ્લા પ્રશાસન દ્વારા મૃત્યુના કારણની ચોક્કસ પૃષ્ટિ નથી કરવામાં આવી પરંતુ એક મૃતકના પરિવારજનોના કહેવા પ્રમાણે તે વ્યક્તિનું મૃત્યુ દારૂ પીવાના કારણે જ થયું છે. તમામ મૃતકો નૌતન થાણા ક્ષેત્ર અંતર્ગત આવેલા દક્ષિણી તેલહુઆ ગામના રહેવાસી છે.

એક મૃતકના પરિવારજનોએ જણાવ્યું કે, બુધવારે સાંજે દારૂ પીધા બાદ અચાનક જ તેમની તબિયત બગડી અને સારવાર માટે જિલ્લા મુખ્યાલય લઈ જઈ રહ્યા હતા ત્યારે રસ્તામાં જ તેમણે દમ તોડી દીધો. અન્ય કેટલાક પીડિતોની પણ આ જ સ્થિતિ હોવાનું કહેવામાં આવ્યું છે. પ્રશાસન પોતાને આ વિવાદથી દૂર રાખી રહ્યું છે પરંતુ મૃતકના પરિવારજનો લઠ્ઠાકાંડનો આરોપ લગાવી રહ્યા છે.

# નેવીની ગુપ્ત માહિતી લીક કરવાના કેસમાં CBIની પ્રથમ ચાર્જશીટ દાખલ

**નવી દિલ્હી**

સીબીઆઈએ લાંચના બદલામાં સબમરીન પ્રોજેક્ટથી સંબધિત ગુપ્ત માહિતી લીક કરવાના કેસમાં આજે પ્રથમ ચાર્જશીટ દાખલ કરી હતી. સ્પેશિયલ સીબીઆઈ જજ સમક્ષ આજે દાખલ કરવામાં આવેલી ચાર્જશીટમાં નેવીના બે સર્વિંગ કમાન્ડર સહિત કુલ છ લોકો સામે આરોપો ઘડયા છે. જે છ લોકો સામે આરોપો ઘડવામાં આવ્યા છે તેમાં બે સર્વિંગ કમાન્ડર સામેલ છે. જે પૈકી એકનું નામ અજિતકુમાર પાંડે છે. ચાર્જશીટમાં જે અન્ય લોકોના નામ છે તેમાં કોમોડર રેન્કના નિવૃત્ત અધિકારી રણદીપ સિંહનો સમાવેશ થાય છે. અન્ય એક કમાન્ડર એસ જે સિંહનું નામ પણ ચાર્જશીટમાં સામેલ છે.

# આવા હતા ઈંદુલાલ યાજ્ઞિક : પ્રજા પર ગોળીબાર કરતી વખતે 303નો ઉપયોગ બંધ કરાવ્યો !

મહાગુજરાતના પ્રણેતા ઈંદુલાલ યાજ્ઞિક. ગુજરાતની નવી પેઢી તો શાયદ ઈંદુચાચાને ઓળખતી નથી. તેમનું આખું નામ ઈંદુલાલ યાજ્ઞિક. આજે ગુજરાત એક રાજ્ય છે તે ઈંદુચાચાની દેન છે. પંડિત જવાહરલાલ નેહરુ ભારતના વડાપ્રધાન હતા ત્યારે મોરારજી દેસાઈ ગુજરાતના 'સર્વોચ્ચ' તરીકે જાણીતા હતા. તેમણે ગુજરાત અને મહારાષ્ટ્રનું સંયુક્ત 'દ્વિભાષી રાજ્ય' રચવાનો દુરાગ્રહ રાખ્યો હતો. તેની સામે 'મહાગુજરાત' માટે પ્રચંડ જન આંદોલન થયેલું. જેના નેતા ઈંદુચાચા હતા. આ આંદોલનની સભા, સરઘસો, કર્ફ્યુ, ગોળીબાર, શહીદો અને જનતા કર્ફ્યુ જેવી અનેક ઘટનાઓથી એક થ્રિલર જેવી છે.

**ઈંદુચાચાનું નેતૃત્વ**

કેન્દ્રમાં વડાપ્રધાન જવાહરલાલ નેહરુના મંત્રીમંડળના સિનિયર મંત્રી મોરારજીભાઈ દેસાઈ ગુજરાત અને મહારાષ્ટ્રનું બનેલું દ્વિભાષી રાજ્ય બને તેના આગ્રહી હતા. લોકસભાએ ૨૪૦ વિરુદ્ધ ૪૦ મતે દ્વિભાષી રાજ્યનો ઠરાવ પસાર કર્યો. પ્રજા તો ઊંઘતી જ ઝડપાઈ અને આખા ગુજરાતની પ્રજા આઘાતમાં સરી પડી. તેના પ્રત્યાઘાતમાં રાજ્યમાં સ્વયંભૂ પ્રજાનો વિરોધ વંટોળ પ્રગટ થયો. પ્રજાના વિરોધને યોગ્ય રીતે સમજવાના બદલે અને શાંત કરવાના બદલે દમનથી અને બળથી પ્રજાને દબાવવાનો પ્રયત્ન થયો. તેમાંથી મહાગુજરાતના આંદોલનનો જન્મ થયો. તા. ૮-૮-૧૯૫૬ના રોજ અખબારોમાં સમાચાર આવ્યા કે મહારાષ્ટ્ર અને ગુજરાતના મતભેદોના કારણે દ્વિભાષી રાજ્યની રચનાનો ઠરાવ પાસ થઈ ગયો છે. તા. ૮મી ઑગસ્ટનો એ દિવસ ગુજરાત માટે વજ્રાઘાત સમાન નીવડયો. તે જ દિવસે બનાવો બન્યા અને હિંસાચાર શરૂ થયો. તે પછી ઠેરઠેર તોફાનો ફાટી નીકળ્યાં. સરઘસો નીકળ્યાં. લોકોએ કૉંગ્રેસીઓની ટોપીઓ ઉતરાવી. કૉંગ્રેસ હાઉસ પર ઉશ્કેરાટભર્યા સૂત્રોચ્ચાર કરતાં વિદ્યાર્થીઓ પર ટિયરગૅસ કે લાઠીચાર્જના બદલે રાજ્ય સરકારે ગોળીઓ ચલાવી. પ્રજા વધુ વિફરી. ઈંદુલાલ યાજ્ઞિકે મહાગુજરાતની લડતની આગેવાની લીધી. મહાગુજરાતની ચળવળ વખતે જનતા પરિષદ નામની રાજકીય પાર્ટી શરૂ થઈ.

**દ્વિભાષીનો રાક્ષસ બળ્યો**

એ વખતે અમદાવાદમાં મહાગુજરાતની માગણીસર એક વિશાળ સરઘસ નીકળ્યું હતું. જેમાં ૧૦થી ૧૨ લાખ લોકો જોડાયા હતા. અહીં દ્વિભાષી રાજ્યનો રાક્ષસ બાળવામાં આવ્યો હતો. દ્વિભાષી રાજ્યની રચનાના વિરોધમાં ગુજરાતમાં જનજુવાળ પરાકાષ્ઠા પર હતો ત્યારે કૉંગ્રેસીઓએ અમદાવાદમાં એ વખતના વડા પ્રધાન જવાહરલાલ નેહરુની જાહેરસભાનું આયોજન કર્યું. મહાગુજરાત જનતા પરિષદે એ જ દિવસે એ જ સમયે શહેરમાં ઈંદુલાલ યાજ્ઞિકની સમાંતર જાહેરસભા ગોઠવી. ત્યારે ઈંદુચાચાએ કહ્યું : 'નેહરુની પણ અદબ હવે નહીં રહે.' તા. ૨-૧૦-૧૯૫૬ના રોજ અમદાવાદ શહેરમાં બંને નેતાઓની જાહેરસભાઓ અલગ અલગ સ્થળે યોજાઈ. બંનેની સભાઓ વિશાળ હતી, પરંતુ ઈંદુચાચાની સભામાં લોકો સ્વયંભૂ આવ્યા. રિક્ષાવાળાઓ પણ નેહરુની સભામાં જવું હોય તો પેસેન્જર પાસેથી ભાડું લેતા. જ્યારે ઈંદુચાચાની સભામાં જવું હોય તો મફત લઈ જતા. નેહરુ કરતાં ઈંદુલાલ યાજ્ઞિકની સભા ઘણી વિશાળ હતી.

**કરોડોનું નુકસાન થયું**

ઈંદુલાલ યાજ્ઞિકની આગેવાની હેઠળની મહાગુજરાતની લડતમાં બ્રહ્મકુમાર ભટ્ટ, પ્રબોધ રાવળ, હરિહર ખંભોળજા, જયંતી દલાલ જેવા સાથીઓ મેદાનમાં આવ્યા. ઈંદુચાચાએ 'જનતા કર્ફ્યુ'નું એલાન કર્યું. લોકો સ્વયં ઘરમાં કેદ રહ્યા.




**લોકસભાએ 240 વિરુદ્ધ 40 મતે દ્વિભાષી રાજ્યનો ઠરાવ પસાર કર્યો. પ્રજા તો ઊંઘતી જ ઝડપાઈ અને આખા ગુજરાતની પ્રજા આઘાતમાં સરી પડી. તેના પ્રત્યાઘાતમાં રાજ્યમાં સ્વયંભૂ પ્રજાનો વિરોધ વંટોળ પ્રગટ થયો. પ્રજાના વિરોધને યોગ્ય રીતે સમજવા કે શાંત કરવાને બદલે દમનથી અને બળથી પ્રજાને દબાવવાનો પ્રયત્ન થયો.**

શહેરના રસ્તા સૂમસામ થઈ ગયા. બીબીસી રેડિયોએ પણ તેની નોંધ લીધી. ખૂબ લાંબા, હિંસક અને સંઘર્ષભર્યા આંદોલનમાં કરોડોનું નુકસાન થયું. અનેક યુવાનો શહીદ થયા, પરંતુ ઈંદુચાચાની આગેવાની હેઠળના આંદોલનના કારણે છેવટે ગુજરાતને અલગ રાજ્ય મળ્યું. તા. ૧-૫-૧૯૬૦ના રોજથી ગુજરાતનું અલગ રાજ્ય અસ્તિત્વમાં આવ્યું.

**શહીદ સ્મારક સ્થપાયું**

તે પછી પણ ઈંદુલાલ યાજ્ઞિક અમદાવાદ શહેરના બેતાજ બાદશાહ જ રહ્યા. મહાગુજરાતના આંદોલન દરમિયાન શહીદ થયેલા જુવાનોના સ્મારક માટે તા. ૧૭-૮-૧૯૫૮થી 'સ્મારક સત્યાગ્રહ' થયો. આ સત્યાગ્રહ ૨૬૬ દિવસ ચાલ્યો. લોકોની જીત થઈ. બ્રહ્મકુમાર ભટ્ટે અને એ વખતના મુખ્યમંત્રી હિતેન્દ્ર દેસાઈ અને શહીદ સ્મારક સમિતિ વચ્ચે કડી બની શહીદ સ્મારકનો પ્રશ્ન ઉકેલ્યો. તા. ૧૨-૯-૧૯૬૮ના રોજ ભદ્રના કૉંગ્રેસ હાઉસ સામે ફૂટપાથ પર દીવાલને અડીને બનાવાયેલ શહીદ સ્મારકનું ઉદ્ઘાટન ઈંદુલાલ યાજ્ઞિકના હસ્તે કરવામાં આવ્યું. એ વખતે હાજર રહેલા શહીદના કુટુંબીજનોની આંખો આંસુથી છલકાઈ ગઈ. ૧૯૫૬માં મુંબઈ રાજ્યમાં આઝાદી મળ્યા પછી ૧,૦૪૦ વખત પોલીસે ગોળીબાર કર્યા હતા. અનેક વખત નિઃશસ્ત્ર લોકોના જાન ગયા હતા. ૩૦૩ની બુલેટ્સ સામાન્ય રીતે યુદ્ધ વખતે ભારતીય સૈન્ય દુશ્મનને ઠાર કરવા માટે જ વાપરે છે. જે મહાગુજરાતના આંદોલન વખતે પોલીસે ગુજરાતની નિર્દોષ પ્રજા પર વાપરી હતી. આ બાબતથી ઈંદુચાચા ખૂબ જ વ્યથિત હતા. આ બધી ઘટનાઓ બાદ ખબર છે કે આંદોલનો વખતે દેખાવો કરતી જનતા પર થતાં પોલીસ ગોળીબારોના પ્રશ્ન ઈંદુલાલ યાજ્ઞિકે સંસદમાં ઉઠાવ્યો હતો અને ઝુંબેશ પણ ચલાવી હતી. જેના પરિણામે ગૃહખાતાને કેટલાક નિયમો બનાવવાની ફરજ પડી હતી. દા.ત. ૩૦૩ની ગોળી (બુલેટ) નિઃશસ્ત્ર ટોળા પર વાપરવી નહીં. ગોળીબાર કરવાની ફરજ પડે તો કમરની નીચેના ભાગ પર ગોળીબાર કરવો. આંદોલન થાય તો પોલીસે પહેલાં લાઠીચાર્જ કરવો. ટિયરગૅસ છોડયા બાદ જ જરૂર પડે તો ગોળીબાર કરવો તેમ નક્કી થયું. આ પહેલાં પોલીસ ગોળીબારની અદાલતી તપાસ અપાતી નહીં, પરંતુ આંદોલન પછી કોટવાલ તપાસ પંચ નિમાયું અને તે પછી ડૉ. જીવરાજ મહેતા, બળવંતરાય મહેતા અને હિતેન્દ્ર દેસાઈની જે સરકારો આવી, તેમના સમયમાં જે પોલીસ ગોળીબારો થયા તેની અદાલતી તપાસો આપવાની તેમને ફરજ પડી. ઈંદુલાલ યાજ્ઞિકની આ પણ સિદ્ધિ હતી.

**ફકીર જીત્યા**

લોકસભાના સભ્ય ઈંદુલાલ યાજ્ઞિક સામે હરીફાઈમાં ઊતરે તેવો કોઈ ઉમેદવાર મળતો નહોતો, તેથી જ ફરજિયાતપણે મજૂર મહાજન સંઘના વડા શ્યામપ્રસાદ વસાવડાને ઊભા રાખવામાં આવતા અને તેઓ હારતા. છેલ્લે ઈંદુલાલ સામે અમદાવાદના મિલમાલિક જયકૃષ્ણ હરિવલ્લભદાસને કૉંગ્રેસે ઊભા રાખ્યા. જયકૃષ્ણભાઈ શ્રીમંત હતા જ્યારે ઈંદુચાચા ફકીર જેવા હતા. છેવટે ઈંદુલાલ યાજ્ઞિક સામે મિલમાલિક જયકૃષ્ણ હરિવલ્લભદાસ હાર્યા. એ પહેલાં ઈંદુચાચા સામે કૉંગ્રેસ પક્ષ તરફથી મજૂર મહાજન સંઘના પૂર્વ વડા ખંડુભાઈ દેસાઈ લોકસભાની ચૂંટણી હાર્યા હતા. ઈંદુલાલ યાજ્ઞિક કોઈ રાજકીય પક્ષમાં હતા તેમ કહેવા કરતાં પક્ષ ઈંદુલાલમાં હતો તેમ કહેવું વધુ ઉચિત છે. સતત ૮૨ દિવસ સુધી બેહોશ રહ્યા બાદ ગુજરાતના લોકનેતા ઈંદુલાલ યાજ્ઞિકનું ૮૨ વર્ષની વયે દુઃખદ અવસાન થયું. ઈંદુચાચાના અવસાનના સમાચાર સાંભળી આખું શહેર શોકમાં ગરકાવ થઈ ગયું. ઈંદુચાચાની અંતિમ યાત્રા અત્યંત પ્રભાવશાળી હતી. આટલી પ્રચંડ માનવ મેદની અમદાવાદમાં કદી ઊમટી નહોતી. ગુજરાતમાં ગાંધીજી અને સરદાર પછી એક માત્ર ઈંદુચાચા જ લોકપ્રિય રહ્યા. તે પછી આજ સુધી ઈંદુચાચાની ખોટ પુરાઈ નથી.

દેવેન્દ્ર પટેલ
સંપર્ક
+91 98792 07102

## જાણવા જેવું

### આપણા ખોરાકની શક્તિ : કેલરી




આપણે જે ખોરાક લઈએ છીએ તેમાંથી આપણને શક્તિ મળે છે. આ શક્તિનું માપ કેલરીના પ્રમાણમાપથી કાઢવામાં આવે છે. કેલરી એટલે માત્ર ખોરાકમાંથી જ મળતી શક્તિ નહિ પરંતુ દરેક શક્તિનું માપ કેલરીમાં કાઢી શકાય. એક ગ્રામ પાણીના ઉષ્ણતામાનમાં ૧ ડિ.ગ્રી સેલ્શીયસનો વધારો કરવા શક્તિ વપરાય જેટલી તેને 1 કેલરી કહેવાય છે. ખાદ્ય પદાર્થોના પેકેટ કઈ વસ્તુમાં કેટલી કેલરી શક્તિ મળે તે દર્શાવેલું જોયું હશે. વિજ્ઞાાનીઓએ ખોરાકના જુદા જુદા ઘટકોમાંથી કેટલી કેલરી મળે છે તે શોધી કાઢયું છે. તે મુજબ ૧ ગ્રામ કાર્બોહાઇડ્રેટ ૪ કેલરી, ૧ ગ્રામ પ્રોટીન પણ ૪ કેલેરી, ૧ ગ્રામ ચરબીમાંથી ૯ કેલરી શક્તિ મળે છૈ. તંદુરસ્ત રહેવા માટે આપણે રોજ કેટલી શક્તિનો ઉપયોગ કરીએ છીએ તે મુજબ ખોરાક લેવો જોઈએ. તેમ ડોક્ટરો ભલામણ કરતા હોય છે.

### રાજસ્થાનનું નજરાણું : હવામહેલ



રાજસ્થાનના જોવા લાયક સ્થળોમાં જયપુરનો હવામહેલ અનોખો છે. ઈ.સ. ૧૭૯૯માં મહારાજા સવાઈ પ્રતાપસિંહે બંધાવેલ. આ મહેલનો આકાર શ્રીકૃષ્ણ ભગવાનના મુગટ જેવો છે. હવા મહેલમાં રહેવાની કોઈ સગવડ નથી. નગરના મુખ્ય રસ્તા પર બનેલા આ મહેલમાં માત્ર ઝરૂખા છે. ૯૬૩ ઝરૂખા વાળો આ મહેલ રાણીઓને ઝરૂખામાં બેસી નગરયાત્રા જોવા માટે બંધાયેલો. પાંચ માળનો આ મહેલ ગુલાબી પથ્થરોથી બનેલો છે. દરેક બાલ્કનીમાં તાજી હવા મળી રહે તેવી તેની વિશિષ્ટ રચના હોવાથી તેને હવા મહેલ નામ અપાયું. આ મહેલનું પ્રવેશદ્વાર પાછળના ભાગે છે મહેલના પાંચમા માળેથી મુખ્ય મહેલ તેમજ વિખ્યાત જંતરમંતરના સુંદર દૃશ્યો જોવા મળે છે. જયપુર જતા પ્રવાસીઓ માટે હવા મહેલ આકર્ષણનું કેન્દ્ર છે.

# કોરોનાનો કહેર : બેઈજિંગમાં 2 એરપોર્ટ પર ફલાઈટો કેન્સલ

## 1 મહિલા પોઝિટિવ આવતાં ડિઝનીલેન્ડ બંધ કરી દેવાયો, રશિયામાં કોરોનાના 39,008 નવા કેસો અને 1178ના મોત

**બિજિંગ**

બિજિંગમાં કોરોનાના નવા કેસો નોંધાવાની શરૂઆત થવાને પગલે શહેરના બે વ્યસ્ત ઈન્ટરનેશનલ એરપોર્ટસ પરથી અડધી ફલાઈટ્સને કેન્સલ કરી નાંખવામાં આવી છે.આ બંને એરપોર્ટસ દરેક પરથી રોજની સરેરાશ 800થી 1000 ફલાઈટનું આવાગમન થાય છે તેમ ડેટાસાઈટ વેરીફલાઈટ દ્વારા જણાવવામાં આવ્યું હતું.

છેલ્લા થોડા દિવસોમાં કોરોનાના કેસો વધવાને પગલે દેશના અન્ય ભાગોમાં પણ પ્રવાસ નિયંત્રણો લાદવામાં આવ્યા છે. બિજિંગના આરોગ્ય કમિશને જણાવ્યું હતું કે જેમણે કોઈપણ કારણસર બિજિંગ છોડયું



હોય તેમણે પાછાં ફરવાનું મુલતવી રાખવું અને જ્યાં હોય ત્યાં જ રહેવું. રહેવાસીઓએ જરૂર ન હોય તો શહેરની બહાર જવાનું ટાળવું જોઈએ.

શાંગાઈમાં આવેલા ડિઝનીલેન્ડમાં 34,000 લોકોમાંથી એક જ મહિલા કોરોના પોઝિટિવ જણાતાં ડિઝનીલેન્ડને બંધ કરી દેવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. બિજિંગમાં પ્રવેશવા માટે નેગેટિવ કોરોના ટેસ્ટ ફરજિયાત કરી નાંખવામાં આવ્યો છે. કોરોનાના નવા 54 કેસો નોંધાવાને પગલે કુલ વર્તમાન સક્રિય કેસોની સંખ્યા 900 પર પહોંચી હોવાનું નેશનલ હેલ્થ કમિશને જણાવ્યું હતું. બિજિંગમાં મંગળવારે સવારે ચાર નવા કેસો નોંધાયા હતા. બીજી તરફ દુનિયામાં કોરોનાના નવા 1,66,172 કેસો નોંધાવાને પગલે કોરોનાના કુલ કેસોની સંખ્યા 248,023,066 થઈ છે જ્યારે 3753 મરણ થવાને પગલે કુલ કોરોના મરણાંક 50,24,253 થયો હતો. યુએસમાં કોરોનાના નવા 48,839 કેસો નોંધાવાને પગલે કુલ કેસોની સંખ્યા 46,931,284 થઈ હતી.

## દુનિયામાં કોરોનાથી મોતને ભેટલા દર્દીઓનો આંકડો 50 લાખને પાર

વોશિંગ્ટન : કોરોનાના ચેપને કારણે 2885 જણાના મોત થવાને પગલે દુનિયામાં કોરોના મહામારીમાં મરણ પામનારાની સંખ્યા 50,17,694 થઈ છે. બે વર્ષથી ઓછા સમયગાળામાં આ મહામારીએ ગરીબ દેશોમાં વિનાશ વેર્યો છે તો ઉત્તમ આરોગ્ય તંત્ર ધરાવતાં ધનિક દેશોનો મદ પણ ઉતારી નાંખ્યો છે. ઉચ્ચ અને મધ્યમ આવક ધરાવતાં ટોચના ચાર વિસ્તારો યુએસએ, યુરોપિયન યુનિયન, બ્રિટન અને બ્રાઝિલમાં દુનિયાની આઠમા ભાગની વસ્તી છે પણ અડધા કરતાં વધારે કોરોના મોત આ વિસ્તારોમાં થયા છે. યુએસમાં જ સૌથી વધારે સાડા સાત લાખ કરતાં વધારે લોકોના મોત થયા છે. હાલ કોરોના વાઈરસ રશિયા, યુક્રેઈન અને યુરોપના અન્ય ભાગને ધમરોળી રહ્યો છે. અફવા, ખોટી માહિતી અને સરકારો પ્રતિ અવિશ્વાસ હોવાથી રસીકરણની પ્રક્રિયા ખોરવાઈ ગઈ છે.

## મસ્કની કંપનીની ભારતમાં નોંધણી ગ્રામીણ ક્ષેત્રે ફાસ્ટ ઇન્ટરનેટ મળશે

**ન્યૂયોર્ક**

વિશ્વના સૌથી ધનવાન ઉદ્યોગપતિ ઈલોન મસ્કની રોકેટ કંપની અને સ્ટારલિંકની સહયોગીએ ભારતમાં નોંધણી કરાવી દીધી છે. આ કંપની સેટેલાઈટના માધ્યમથી ભારતના ગ્રામીણ વિસ્તારોમાં ઈન્ટરનેટની સગવડ પૂરી પાડશે. આ ક્ષેત્રમાં તેની સીધી સ્પર્ધા બ્રિટિશ સરકારના સહિયારા સાહસવાળી કંપની વનલેબ અને ભારતે એરટેલ ઉપરાંત એમેઝોન ઈન્ક સાથે થશે. ભારતમાં સ્ટારલિંક સેટેલાઈટ કમ્યુનિકેશન્સ પ્રાઈવેટ લિમિટેડ નામની આ કંપની બ્રોડબેન્ડ અને અન્ય સેટેલાઈટ સેવા પૂરી પાડવા માટે અરજી કરશે. ઈન્ટરનેટ પ્લેટફોર્મ લિંક્ડ ઈન પર



એક પોસ્ટમાં સ્ટારલિંક ઈન્ડિયાના કન્ટ્રી ડાયરેક્ટર સંજય ભાર્ગવે જણાવ્યું હતું કે ભારતમાં સ્પેસએક્સની 100 ટકા માલિકીની એક શાખા અસ્તિત્વમાં આવી ગઈ છે. અમે લાઈસન્સ માટે અરજી કરી રહ્યા છીએ અને બેન્ક ખાતુ ખોલી શકીએ છીએ. ભાર્ગવ આ વર્ષે ઓક્ટોબરમાં જ સ્ટારલિંક સાથે જોડાયા છે.

## વન સન, વન વર્લ્ડ, વન ગ્રીડ દુનિયા માટે જરૂરી: ગ્લાસગોથી મોદીનો વિશ્વને સંદેશ

**ગ્લાસગો/સ્કોટલેન્ડ**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગ્લાસગોમાં પોતાના સંબોધન દરમિયાન કહ્યું કે આપણે પ્રાકૃતિક સંતુલનને નુકસાન પહોંચાડ્યું છે. ટેક્નોલોજીએ આપણને સારી તક આપી છે. પરંતુ માનવતાને બચાવવા માટે આપણે સુર્યની સાથે ચાલવું પડશે. તેમણે વન સન, વન વર્લ્ડ અને વન ગ્રિડને દુનિયા માટે જરૂરી જણાવ્યું છે. ગ્લાસગોમાં COP26માં એક્સલરેટિંગ ક્લીન ટેક્નોલોજી ઈનોવેશન એન્ડ ડેવલપમેન્ટ પર આયોજિત કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે



ફોશિલ ફ્યુલના ઉપયોગે કેટલાક દેશોને સમૃદ્ધ બનાવયા પરંતુ તેનાથી પૃથ્વી અને પર્યાવરને નુકસાન પહોંચાડ્યું. અશ્મિભૂત ઈંધણની રેસમાં પણ ભૌગોલિક રાજકીય તણાવ પેદા કર્યો છે. સૌર ઉર્જા સંપૂર્ણપણે સ્વચ્છ અને ટકાઉ છે. તેની સમસ્યા એક જ છે કે તે દિવસના સમયે જ ઉપલબ્ધ છે અને હવામાન પર નિર્ભર કરે છે. 'વન સન, વન વર્લ્ડ એન્ડ વન ગ્રીડ' આ સમસ્યાનું સમાધાન છે. વિશ્વવ્યાપી ગ્રીડના માધ્યમથી સ્વચ્છ ઉર્જાને ક્યારેય પણ અને ગમે ત્યારે મોકલી શકાય છે.

વન સન વન વર્લ્ડ પર ભાર મુકતા વડાપ્રધાન નરેનદ્ર મોદીએ કહ્યું કે'વન સન, વર્લ્ડ એન્ડ વન ગ્રીડ' ફક્ત કુદરતી ભંડાર પરથી નિર્ભરતા જ નહીં પણ સૌર યોજનાને વ્યવહરીક્તાને પ્રોત્સાહન પુરૂ પાડશે.

## કાબુલની હોસ્પિટલમાં ISએ સિરિયલ હુમલા કરતાં 19નાં મોત, 50 ઘાયલ

**કાબુલ**

અફઘાનિસ્તાનની રાજધાની કાબુલમાં એક સૈન્ય હોસ્પિટલની બહાર સીરિયલ વિસ્ફોટ થયા હતા, જેમાં જે બાદ ગોળીબાર પણ થયો હતો. આ હુમલામાં 19 લોકોના મોત નિપજ્યા હતા. જ્યારે 50થી વધુ લોકો ઘવાયા છે. ઘટનાને નિહાળનારા એક વ્યક્તિએ જણાવ્યું હતું કે હોસ્પિટલની પાસે જ આ હુમલો થયો હતો. ઘાયલોને હાલ સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા છે.

જોકે હુમલાની જવાબદારી કોઈ આતંકી સંગઠને નથી લીધી. બીજી તરફ આ હુમલા માટે આતંકી સંગઠન આઈએસ-કે જવાબદાર હોવાનું સામે આવ્યું છે. આઈએસના એક આતંકીએ હોસ્પિટલના પ્રવેશ દ્વાર પર ખુદને બોમ્બથી ઉડાવી દીધો હતો. જ્યારે અન્ય હુમલાખોરો ઈમારતમાં ઘુસી ગયા



હતા. પ્રવેશ દ્વાર પર બે મોટા વિસ્ફોટ થયા હતા. જે બાદ હોસ્પિટલની અંદર ગોળીબાર પણ થયો હતો. આ એક મોટો આતંકી હુમલો હતો, જેમાં કુલ 19 લોકોનો ભોગ લેવામાં આવ્યો છે જ્યારે 50થી વધુ લોકો ઘવાયા હતા. જેને સારવાર માટે કાબુલની હોસ્પિટલમાં લાવવામાં આવ્યા છે.

## ફેસબૂક ફેસ રેકગ્નિશન સિસ્ટમ બંધ કરશે અને ડેટા ડીલિટ કરશે

**મેનલો પાર્ક**

ફેસબૂકે જણાવ્યું હતું કે તે ફેસ રેકગ્નિશન સિસ્ટમ બંધ કરશે અને એક અબજથી પણ વધુ લોકોની ફેસપ્રિન્ટ્સ ડીલિટ કરશે. આ પરિવર્તન ટેકનોલોજીના ઈતિહાસમાં ફેસિયલ રેકગ્નિશન સિસ્ટમના ઉપયોગમાં આવેલું સૌથી મોટું પરિવર્તન છે, એમ ફેસબૂકની નવી પેરેન્ટ કંપની મેટાના આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના વાઈસ પ્રેસિડેન્ટ જેરોમ પેસેન્ટીએ તેના બ્લોગપોસ્ટમાં જણાવ્યું હતું. ફેસબૂકના વપરાશકારમાં દર ત્રીજો વપરાશકાર ફેસ રેકગ્નિશન સેટિંગનો ઉપયોગ કરે છે. તેને દૂર કરવાના લીધે એક અબજ લોકોની વ્યક્તિગત ફેસિયલ રેકગ્નિશન ટેમ્પલેટસ નાબૂદ થઈ જશે, એમ તેણે જણાવ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે કંપની સમાજની ચિંતાને ધ્યાનમાં રાખીને ટેકનોલોજીના હકારાત્મક યુઝ પર વધારે ધ્યાન આપી રહી છે, તેમા પણ ખાસ કરીને રેગ્યુલેટરો હજી સુધી સ્પષ્ટ નિયમો સાથે આવ્યા નથી ત્યારે આ બાબત વધારે મહત્ત્વની છે. ફેસબૂકે ગુરુવારે જાહેરાત કરી હતી કે તે તેની કંપનીનું નામ બદલીને મેટા કરી રહી છે. કંપની ઈન્ટરનેટના નેક્સ્ટ થિંગ મેટાવરસ પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે.

## બાર્કલેઝ બેન્કના સીઈઓ તરીકે ભારતીય મૂળના વેંકટકૃષ્ણનની નિમણૂંક

**ડેનવેર**

વૈશ્વિક સ્તરે ભારતીય સીઈઓની બોલબાલા વધી રહી છે. ઘણી મોટી કંપનીઓમાં ભારતીય મૂળના સીઈઓ છે અને તેમાં વધુ એક નામ જોડાયુ છે. દુનિયાભરમાં વ્યાપ ધરાવતી બાર્કલેઝ બેન્કના સીઈઓ તરીકે ભારતીય મૂળના એસ.વેંકટકૃષ્ણનને સીઈઓ બનાવવાનુ નક્કી કરાયુ છે. વેંકટ હાલમાં બેન્કના ગ્લોબલ માર્કેટ હેડ છે. આ પહેલા એડોબ કંપનીની સીઈઓ તરીકે શાંતનુ નારાયણ, આલ્ફા બેટ (ગૂગલ)ના સુંદર પિચાઈ, માઈક્રોસોફ્ટમાં સત્યા નાડેલા, માસ્ટર કાર્ડમાં અજય બગ્ગા સીઈઓ છે. જ્યારે નોકિયાના સીઈઓ તરીકે રાજીવ સૂરી છે.

## રશિયામાં 2 બહેનને 8માં માળેથી ફેંકી દેતાં મોત, યુવકની ધરપકડ

**મોસ્કો**

રશિયામાં એક વ્યક્તિએ બે સગીર બહેનોને આઠમા માળેથી નીચે ફેંકીને મારી નાખી હતી. આરોપ છે કે બંને બાળકીઓ ઘણો વધારે શોર કરી રહી હતી, તેથી શખ્સે તેમને બિલ્ડિંગથી નીચે ફેંકી દીધી હતી. આ મામલે પોલીસે શખ્સની ધરપકડ કરી લીધી છે. હેલોવીન પર એક રહેણાંક મકાનમાંથી બે બાળકીઓના પડવાથી મોત નીપજ્યા. એક બાળકીની ઉમર 9 વર્ષ હતી, જ્યારે બીજાની ઉમર 14 વર્ષ હતી. આ બાળકીઓના મોત મામલે ફ્લેટમાં ભાડા પર રહેતા 23 વર્ષીય ઓચુર સૈન્ચેટની ધરપકડ કરવામાં આવી છે. બાળકીઓ ફ્લેટમાં ખૂબ જ અવાજ કરી રહી હતી જેને લઈને સેન્ચેટ ભડકી ઉઠ્યો હતો. તેણે આઠમા માળેથી તેમને બારીમાંથી બહાર ફેંકી દીધી હતી. પોલીસ અનુસાર સૈન્ચેટે બંને સગીર બહેનોને બિલ્ડિંગથી નીચે ફેંકવાની વાત કબૂલ કરી છે. એક બહેનનુ મોત 80 ફૂટથી નીચે પડ્યા બાદ થયું, જ્યારે બીજીનું મોત હોસ્પિટલમાં થયું હતું. રિપોર્ટ અનુસાર કાઈજિલના રહેણાંક વિસ્તારમાં આ ઘટનાના સમયે પાડોશીઓએ ભયાનક ચીસો સાંભળી હતી.

## નાસાની મોટી ઉપલબ્ધિ, અંતરિક્ષમાં પહેલી વખત ઉગાડાઈ શાકભાજી

**ન્યૂયોર્ક**

અંતરિક્ષમાં વસાહત સ્થાપવા માટે માનવ જાત પ્રયાસ કર રહી છે ત્યારે દિશામાં નાસાએ મહત્વનુ ડગલુ ભર્યુ છે. નાસાએ પહેલી વખત અતરિક્ષમાં કેપ્સીકમ ઉગાડવામાં સફળતા મેળવી છે. નાસાનુ કહેવુ છે કે, અવકાશ યાત્રીઓએ તેમાંથી એક સારી વાનગી બનાવીને તેનો આનંદ પણ લીધો છે. નાસાએ કહ્યુ હતુ કે, અંતરિક્ષના સ્પેસ સ્ટેશન પર શાકભાજી ઉગાડવા માટેનો આ પહેલો પ્રયોગ છે અને અંતરિક્ષમાં જેટલા પણ અખતરા થયા છે તેમાં આ પ્રયોગ સૌથી પડકારજનક હતો. આ કેપ્સીકમ ન્યૂ મેક્સિકો સ્ટેટમાં જોવા મળતા સાંડિયા નામના મરચા અને બીજી એક પ્રજાતિને ભેગી કરીને ઉગાડવામાં આવ્યા છે.

# કીવી અફઘાન સામે હારે તો જ ભારતને સેમિમાં પહોંચવાની તક

## ભારત સારા રનરેટથી તેની નામિબિયા-સ્કોટલેન્ડ સામેની મેચ જીતે તો રનરેટના જોરે ભારત સેમિમાં જઈ શકે છે

**નવી દિલ્હી** : ટી-૨૦ વર્લ્ડકપમાં અફઘાનીસ્તાને હરાવીને ટીમ ઈન્ડિયાએ કોઈક રીતે પોતાની ઈજ્જત બચાવવાનો પ્રયાસ કર્યો છે. કારણકે, ભારત આ પહેલાં પાકિસ્તાન અને ન્યૂઝીલેન્ડ સામે ખરાબ રીતે હારી ચૂક્યું છે. અફઘાનિસ્તાન સામેની જીત પછી હજુ પણ સેમીફાઈનલમાં પહોંચવાની ભારતની આશા જીવંત છે. જોકે રન રેટમાં ભારત અફઘાનિસ્તાન અને ન્યૂઝીલેન્ડ બન્નેથી પાછળ છે. પરંતુ સારી વાત એ છે કે ન્યૂઝીલેન્ડે સ્કોટલેન્ડને માત્ર ૧૬ રને જ હરાવ્યું છે. ભારતે પોતાની બાકીની બન્ને મેચ મોટા અંતરે જીતવી પડશે, સાથે અફઘાનિસ્તાન ન્યૂઝીલેન્ડને હરાવી દે તે જરૂરી છે. ભારત સામેની હાર પછી અફઘાનિસ્તાનની રન રેટ ઘણી ઘટી ગઈ છે. જો અફઘાનિસ્તાન ન્યૂઝીલેન્ડને હરાવી દેશે તો ભારત, અફઘાનિસ્તાન અને ન્યૂઝીલેન્ડના છ-છ પોઈન્ટ થઈ જશે. પણ રન રેટ સારી હોવાના કારણે ભારત સેમી ફાઈનલમાં પહોંચી જશે.

### પોઈન્ટ ટેબલ

| દેશ | મેચ રમી | જીત | હાર | પોઈન્ટ |
|---|---|---|---|---|
| ઈંગ્લેન્ડ | 4 | 4 | 0 | 8 |
| ઓસ્ટ્રેલિયા | 4 | 3 | 1 | 6 |
| દક્ષિણ આફ્રિકા | 4 | 3 | 1 | 6 |
| શ્રીલંકા | 5 | 2 | 3 | 4 |
| વેસ્ટ ઇન્ડિઝ | 4 | 1 | 3 | 2 |
| બંગલાદેશ | 5 | 0 | 5 | 0 |



| દેશ | મેચ રમી | જીત | હાર | પોઈન્ટ |
|---|---|---|---|---|
| પાકિસ્તાન | 4 | 4 | 0 | 8 |
| અફઘાનિસ્તાન | 4 | 2 | 2 | 4 |
| ન્યૂઝીલેન્ડ | 3 | 2 | 1 | 4 |
| ભારત | 3 | 1 | 2 | 2 |
| નામિબિયા | 3 | 1 | 2 | 2 |
| સ્કોટલેન્ડ | 3 | 0 | 3 | 0 |

## અફઘાનને હરાવી ભારતે સેમિની આશા જીવંત રાખી




**દુબઈ** : ટી૨૦ વર્લ્ડકપમાં સતત બે મેચમાં શરમજનક હાર બાદ આખરે ભારતીય ટીમને આખરે પ્રથમ જીત હાંસલ થઈ છે. ભારતીય ટીમે ૨ વિકેટના નુકસાન પર ૨૧૦ રન બનાવ્યા હતા અને બાદમાં બોલર્સે પણ તરખાટ મચાવ્યો હતો. અને અફઘાનિસ્તાનની ટીમ ૨૦ ઓવરના અંતે ૭ વિકેટ ગુમાવીને ૧૪૪ રન બનાવી શકી હતી.

## ટી-20ની સાથે વન-ડે ફોર્મેટમાં પણ વિરાટ કોહલી કેપ્ટનશિપ ગુમાવે તેવી શક્યતા




**નવીદિલ્હી** : ટી-20 વિશ્વ કપ પહેલા જ વિરાટ કોહલીએ ટી-20 ફોર્મેટમાં કેપ્ટનશિપ છોડવાનુ જાહેર કર્યુ હતુ. એક અહેવાલ અનુસાર ટીમ મેનેજમેન્ટ ઈચ્છે છે કે, ટી-20 અને વન ડેમાં એક જ કેપ્ટન હોય અને ક્રિકેટ બોર્ડ પણ કોહલીના કેપ્ટન તરીકેના દેખાવથી ખુશ નથી.

## માનસિક થાકને કારણે ખોટા નિર્ણય લેવાયા અને મેચ હાર્યા: રોહિત શર્મા




નવીદિલ્હી : ટી-20 વર્લ્ડકપમાં ભારતીય ટીમના કંગાળ દેખાવથી ક્રિકેટ ચાહકો નિરાશ છે.ટીમના વાઈસ કેપ્ટન રોહિત શર્માએ સ્વીકાર્યુ છે કે, અમારા કેટલાક નિર્ણયો ખોટા સાબિત થયા છે અને લાંબા સમયથી અમે ઘરની બહાર છે.તેના કારણે લાગેલા માનસિક થાકની અસર દેખાઈ રહી છે.

## ભારતની હાર બાદ વિરાટની નવ મહિનાની પુત્રીને રેપની ધમકી



નવી દિલ્હી: ટી-20 વિશ્વ કપમાં ભારતના કંગાળ દેખાવ બાદ ચાહકો સોશિયલ મીડિયા પર ભારતીય ટીમની ફિરકી લઈ રહ્યા છે અને ચાહકોમાં ભારતીય ખેલાડીઓની રમતને લઈને આક્રોશ પણ છે. જોકે કેટલાક ચાહકો ટીકા કરવામાં તમામ પ્રકારની મર્યાદાઓ વટાવી જતા હોય છે. દિલ્હી મહિલા આયોગના પ્રમુખ સ્વાતી માલીવાલનુ કહેવુ છે કે, મારી નજરમાં કેટલાક ટ્વિટ એવા પણ આવ્યા છે જેમાં વિરાટ કોહલીની નવ મહિનાની પુત્રીને રેપની ધમકીઓ આપવામાં આવી છે. માલીવાલે આ મામલે દિલ્હી પોલીસના સાયબર ક્રાઈમ વિભાગને પત્ર લખીને તપાસની માંગણી કરી છે.

## નામિબીયાને 45 રનથી હરાવીને પાકિસ્તાન સેમિ ફાઈનલમાં પ્રવેશ્યું

અબુ ધાબી: પાકિસ્તાને નામિબીયાને ૪૫ રનથી હરાવીને ટી-૨૦ વર્લ્ડ કપની સેમિ ફાઈનલમાં પ્રવેશ મેળવી લીધો હતો. પાકિસ્તાનનો આ સુપર-૧૨માં સતત ચોથો વિજય હતો. જીતવા માટેના ૧૯૦ના ટાર્ગેટ સામે નામિબીયા પાંચ વિકેટે ૧૪૪ રન કરી શક્યું હતુ. ડેવિડ વિઝે ૩૧ બોલમાં અણનમ ૪૩ રન નોંધાવ્યા હતા. અગાઉ રિઝવાનના ૫૦ બોલમાં ૭૯ રન અને બાબરના ૪૯ બોલમાં ૭૦ રનની મદદથી પાકિસ્તાને નામિબીયા સામેની ટી-૨૦ વર્લ્ડ કપની સુપર-૧૨ મેચમાં બે વિકેટે ૧૮૯ રન કર્યા હતા. નામિબીયા સામેની અબુ ધાબીમાં રમાયેલી મેચમાં પાકિસ્તાને ટોસ જીતીને પ્રથમ બેટીંગ પસંદ કરી હતી.

## બાંગ્લાદેશ માત્ર 84 રનમાં જ ખખડયું, સાઉથ આફ્રિકાનો 6 વિકેટથી વિજય

અબુ ધાબી: પ્લેયર ઓફ ધ મેચ રબાડાએ ૨૦ રનમાં ત્રણ અને નોર્ટ્જેએ ૮ રનમાં ત્રણ વિકેટ ઝડપતાં સાઉથ આફ્રિકા સામે બાંગ્લાદૈશ માત્ર ૮૪ રનમાં જ ખખડી ગયું હતુ. સાઉથ આફ્રિકાએ કેપ્ટન બવુમાના ૨૮ બોલમાં ૩ ચોગ્ગા અને ૧ છગ્ગા સાથેના અણનમ ૩૧ રનની મદદથી માત્ર ૧૩.૩ ઓવરમાં જ ચાર વિકેટ ગુમાવીને જીત હાંસલ કરી હતી. સાઉથ આફ્રિકા આ જીત સાથે ચાર મેચમાં ત્રીજો વિજય મેળવીને છ પોઈન્ટ સાથે ગ્રૂપ-એમાં બીજા સ્થાને પહોંચી ગયું છે. ઈંગ્લેન્ડ ચારેય મેચ જીતીને ૮ પોઈન્ટ સાથે નંબર વન છે. જ્યારે ઓસ્ટ્રેલિયા ૩ મેચમાં બે વિજય અને એક પરાજય સાથે ચાર પોઈન્ટ સાથે ત્રીજા સ્થાને છે.

## ન્યૂઝિલેન્ડ સામે સ્કોટલેન્ડની લડાયક બેટીંગ છતાં આખરે ૧૬ રનથી હાર્યુ

દુબઈ: ગપ્ટિલના ૫૬ બોલમાં ૬ ચોગ્ગા અને સાત છગ્ગા સાથેના ૯૩ રનને સહારે ન્યૂઝિલેન્ડે સ્કોટલેન્ડ સામેની સુપર-૧૨ની મેચમાં ૧૬ રનથી વિજય મેળવ્યો હતુ. જીતવા માટેના ૧૭૩ રનના પડકારનો પીછો કરતાં સ્કોટલેન્ડે લડાયક બેટીંગ કરી હતી, પણ આખરે તેઓ પાંચ વિકેટે ૧૫૬ રન જ નોંધાવી શક્યા હતા. સ્કોટલેન્ડ તરફથી માઈકલ લેસ્કે ૨૦ બોલમાં ૩ ચોગ્ગા અને ૩ છગ્ગા સાથે અણનમ ૪૨ રન ફટકાર્યા હતા. ગપ્ટિલને ૯૩ રનની ઈનિંગ બદલ પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો. ન્યૂઝિલેન્ડ સામે ટોસ જીતીને સ્કોટલેન્ડે પ્રથમ ફિલ્ડિંગ પસંદ કરી હતી. મિશેલ માત્ર ૧૩ રને આઉટ થયો હતો. જે પછી વિલિયમસન ખાતુ પણ ખોલાવી શક્યો નહતો. કોન્વે પણ ૧ રને પેવેલિયનમાં પાછો ફરતાં ન્યૂઝિલેન્ડની ટીમ મુશ્કેલીમાં મુકાઈ હતી. ગપ્ટિલ અને ફિલિપ્સે ન્યૂઝિલેન્ડની ટીમની ઈનિંગને બિલ્ટઅપ કરતાં ૭૩ બોલમાં ૧૦૫ રનની ભાગીદારી કરી હતી.

## રાહુલ દ્રવિડ ટીમ ઇન્ડિયાના નવા હેડ કોચ બન્યા, BCCIએ કરી જાહેરાત



**નવીદિલ્હી** : પૂર્વ કપ્તાન અને ધ વોલ તરીકે જાણીતા રાહુલ દ્રવિડને ટીમ ઇન્ડિયાના નવા હેડ કોચ પસંદ કરવામાં આવ્યા છે, બુધવારે ક્રિકેટ એડવાઈઝરી કમિટીએ રાહુલ દ્રવિડને સર્વસંમતિથી હેડ કોચ તરીકે પસંદ કરવામાં આવ્યા છે. ટી-20 વિશ્વકપ બાદ રવિ શાસ્ત્રીનો કાર્યકાળ પૂર્ણ થઇ રહ્યો છે.

## ભારત-પાક. વચ્ચે ટેસ્ટ સિરિઝ ના રમાય તો WTC કોઈ મતલબ નથી: વકાર



**નવીદિલ્હી** : પાકિસ્તાનના પૂર્વ કેપ્ટન અને ફાસ્ટ બોલર વકાર યુનુસનુ કહેવુ છે કે, આઈસીસી દ્વારા હવે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ શરૂ કરવામાં આવી છે પણ તેનુ ભારત અને પાકિસ્તાન વચ્ચે ટેસ્ટ મેચ ના રમાય તો કોઈ મહત્વ નથી. આઈસીસીએ દરમિયાનગીરી કરી બંને દેશો વચ્ચે ટેસ્ટ સિરિઝ રમાડવી જોઈએ.

## ટી20માં બાબર આઝમ ફરી નંબર-1 : કારકિર્દીમાં છટ્ઠી વખત ટોચના ક્રમે પહોંચ્યો



**નવીદિલ્હી** : પાકિસ્તાનના સુકાની બાબર આઝમે વર્તમાન ટી20 વર્લ્ડ કપમાં સતત બે અડધી સદી ફટકારીને બેટ્સમેનોમાં ટોચનું સ્થાન હાંસલ કરી લીધું છે. તેણે ઈંગ્લેન્ડના ડેવિડ મલાનને પાછળ રાખી દીધો હતો. બાબર કારકિર્દીમાં છટ્ઠી વખત નંબર-1 બેટ્સમેન બન્યો છે.

# નાયબ વડાપ્રધાને કર્યું યૌન શોષણ! મહિલા ખેલાડીએ લગાવ્યા આરોપ

**બિજિંગ**

ચીનના સૌથી મોટા સ્ટાર ખેલાડીઓમાંથી એક પેંગ શુઈએ વિશ્વના નંબર 1 ટેનિસ ડબલ્સ પ્લેયરનો ખિતાબ જીત્યો છે. હવે શુઈએ સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા સાર્વજનિક રીતે ચીનના એક ભૂતપૂર્વ નાયબ વડા પ્રધાન પર ઘણા વર્ષો પહેલા જબરદસ્તી યૌન સંબંધ બનાવવાનો આરોપ લગાવ્યો છે.

બાદમાં તેણે પોતાની પોસ્ટ ડિલીટ કરી દીધી હતી. મંગળવારે મોડી રાત્રે તેના વેરિફાઈડ વીબો એકાઉન્ટના સ્ક્રીનશોટ દ્વારા આની પુષ્ટિ કરવામાં આવી હતી.

એક ન્યૂઝ એજન્સી અનુસાર, પેંગ શુઈએ





કહ્યું કે પોલિટબ્યુરો સ્ટેન્ડિંગ કમિટીના ભૂતપૂર્વ સભ્ય ઝાંગ ગાઓલીએ તેને સેક્સ માટે દબાણ કર્યું અને બાદમાં બંને વચ્ચે સહમતિથી સંબંધ બંધાયા. પોલિટબ્યુરો ચીનની ટોચની નિર્ણય લેતી સંસ્થા છે. પોસ્ટ પ્રકાશિત થયાના લગભગ અડધા કલાક પછી તેને દૂર કરવામાં આવી હતી.

SHIV FINANCIAL SERVICES
VISITOR TO CANADA AND NEW IMMIGRANTS INSURANCE
Personal Tax - File is Free For New Immigrants.
Full Time Service Provider
Serving Community Since 2009
Supervisa Insurance Monthly Plan Available
• Life Insurance, Critical Illness Insurance & Mortgage Insurance with Money Back Option • Health & Dental Plan • Segregated Fund • Personal Tax-file
* અમે બધી ટોપની ઈન્સ્યુરન્સ કંપનીઓનું પ્રતિનિધિત્વ કરીએ છીએ.
* New Life Insurance Advisors are recruited.

જગદીશ સેવક
(Financial Advisor)
Cell: 647-236-7620
::: For Free Quotation & Consultation :::
SHIV FINANCIAL SERVICES
"Proper insurance coverage is Peace of Mind"
Email: sevak_2007@hotmail.com
www.shivfinancialservices.ca
GUARANTEED LOWEST PREMIUM

HAPPY DIWALI & PROSPEROUS NEW YEAR

MOTEL for SALE

NIRAJ PANCHOLI, REALTOR®
ASQ CQT (Toronto) Mechanical Engineer (Ahmedabad)
Cell: 647-866-2790
Email: ncpancholi@gmail.com
Website: https://niraj-pancholi.c21.ca/
Multi Award Winner Agent Since 2011, Proven Result through Honesty& Experience
Outstanding Achievement Award of Excellence: every year since 2011 to 2021 ...
Among TOP 75 PRODUCER IN CANADA &CENTURION PRODUCER AWARDS and many more ...
Selling BUSINESS, COMMERCIAL & RESIDENTIAL PROPERTIES since 2011
Visit my website for NEW & UPDATED Exclusive & MLS listings



MOTEL KING: Specializing in Selling Motels: LIST & SELL with confidence

URGENT, URGENT, URGENT ..... LISTING REQUIRE: ANY SIZE MOTELS IN ONTARIO
MANY Qualified Buyers are Ready to sign the OFFER and CLOSE the Deal in 1 to 3 months.
Closing in 3 Weeks if the Seller willing to Hold a Mortgage. Call me ASAP if interested to SELL quickly.

Small to Mid-Size Motels Northern Ontario
Price: $800,000 to $2,500,000

14 Room Motel Near Ottawa SOLD
18 Room Motel Near Pembroke SOLD
27 Room Motel in Thunder Bay SOLD

Other 15 to 50 Room Motels Coming up for sale
Franchise & Non Franchise
Price: $1 M to $5 M 35% to 50% down payment require
Mortgage through one of the banks or private financing

Recently SOLD Motels Near
Welland, London, Sarnia, North Nay, Cochrane, Sudbury, Pembroke, Ottawa, Thunder Bay

JOB AVAILABLE : For the Motel located in Northern Ontario
- Housekeeper for room cleaning and general work in the motel, accommodation available for the couple / small family
- Working Partner Willing to invest min $200K, stay & operate/manage the motel offering Partnership + Salary to operate

BUYERS: Call for arranging a personal meeting to discuss your specific requirement, investment & mortgage options.
You must have about 35% down payment & willing to sign buyer representation agreement.

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office Ph.: 905-366-8100



Celebrate Diwali & New Year ...with

BAPS SHAYONA Swaminarayan Vegetarian
46 Claireville Drive, Toronto, ON
647-794-6662 - sales.toronto@na.shayona.org

BAPS Shayona (Sweets & Snack Shop)
Stroll through our aisles and pickup daily fresh snacks and sweets to take home. The store is open to the public daily throughout the year, including all bank and federal holidays.

Shayona Catering
Have an event? Need catering?
Let BAPS Shayona add to the sanctity of your spiritual events by providing scripturally pure catering services.

BAPS Shayona provides sanctified, vegetarian cuisine prepared and offered to the divine image of God in accordance with the dietary beliefs of the Bochasanwasi Shri Akshar Purushottam Swaminarayan denomination of the Hindu religion.

WE ARE OPEN ALL 7 DAYS UPTO DIWALI/NEW YEAR DAY

# Dr. Salim Kapadia DDS

Dental Centre

Your Perfect Smile... Is Our Greatest Satisfaction!

Dr. Salim Kapadia Dental Centre — Scarborough Mirror — 2020 readers' choice Awards — PLATINUM




## SERVICES

- Smile Makeover
- Laser Teeth Whitening
- Dental Implants - Start to Finish
- Single Visit Root Canal
- Re-treatment of Failing Root Canal
- Surgical Wisdom Teeth Extraction
- Scaling & Root Planing
- White Tooth Colored Filling
- Implant Retained Dentures
- Complete & Partial Dentures
- Lumineers & Veneers
- Crown & Bridges (Zirconia & E.max)

1825 Markham Rd, Suite 102
Scarborough, ON M1B 4Z9
drsalimkapadiadental.com

**416-321-3268**



## Chapel Ridge
FUNERAL HOME & CREMATION CENTRE

**416.993.0826**
**24/7 # 905.305.8508**



તમારી સગવડ માટે અમે બે ફ્યુંનરલ સેન્ટર ઑફર કરીયે છીએ. મારખમ અને મિસિસાગા. સંપૂર્ણ હિન્દુ તથા જૈન વિધિની સગવડતા. *(St. John's Dixie, 737 Dundas St. E., Mississauga, ON L4Y 2B5)*

**ફ્યુંનરલ સર્વિસ, બેઝિક કાસ્કેટ, ક્રિમેશન અને ટેક્સ બધાં સાથે ટોટલ ફક્ત $4270**

વધુ માહિતી માટે ફોન કરો. અમારો પ્રોફેશનલ સ્ટાફ તમારી ભાષામાં તમને માહિતી આપશે.

પ્રિપેઇડ ફ્યુંનરલ અને ટ્રાવેલ ઈન્સુરન્સ

1. તમારા ડોલર ફ્યુંનરલ હોમમાં જમા નહિ થાય. પરંતુ સરકારે નીમેલી ટ્રસ્ટ કંપની પાસે રહેશે.
2. એક વખત પ્લાન ખરીદ્યા પછી તમે કે તમારા ફેમિલીએ કદીપણ વધુ પૈસા નહિ આપવા પડે.
3. ટ્રાવેલ ઈન્સુરન્સ - ફક્ત **$595** એક વખત આપી જિંદગી ભર તમે ક્યાંય પણ નિશ્ચિંત ટ્રાવેલ કરી શકશો. *

* *This is not a general insurance. Applies only in case of a death away from home.*

8911 Woodbine Avenue, Markham, Ontario L3R 5G1
www.chapelridgefh.com • info@chapelridgefh.com